


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 10 July, 2020 Vol. 16, No. 28 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news




## ઉત્તરપ્રદેશમાં દરોડો પાડવા ગયેલી પોલીસ પર અંધાધૂંધ ફાયરિંગ કરી આઠ જવાનોને મોતને ઘાટ ઉતાર્યા હતા

# ૮ પોલીસનો હત્યારો વિકાસ દુબે ઉજ્જૈનમાં ઝબ્બે

## વિકાસને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર ઉત્તરપ્રદેશને સોંપાયો, પત્ની રૂચાની પણ ધરપકડ : સરન્ડર અને ધરપકડ અંગે સવાલો

ઉજ્જૈન : ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લાના બિકરું ગામ ખાતે ૨-૩ જુલાઈની રાત્રે દરોડો પાડવા ગયેલી પોલીસ પાર્ટી પર અંધાધૂંધ ગોળીબાર કરી એક ડીએસપી સહિત ૮ પોલીસ કર્મચારીની હત્યા કરી ફરાર થયેલો કુખ્યાત ગેંગસ્ટર વિકાસ દુબે ગુરુવારે સવારે મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે મહાકાલ મંદિરેથી ઝડપાઈ ગયો હતો. મધ્યપ્રદેશના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાએ જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશ પોલીસની આ મોટી સફળતા છે. વિકાસ દુબે એક ક્રૂર હત્યારો છે. આખા મધ્યપ્રદેશની પોલીસ તેને ઝડપી લેવા એલર્ટ પર હતી.

ઉજ્જૈનના કલેક્ટરે જણાવ્યું હતું કે, હરિયાણાના ફરીદાબાદથી ફરાર થયેલો વિકાસ દુબે કાર દ્વારા ૭૭૩ કિમીનું અંતર કાપીને રાજસ્થાન થઈ મધ્યપ્રદેશના ઉજ્જૈન પહોંચ્યો હતો. વિકાસ દુબે ગુરુવારે સવારે ૭ કલાકે મહાકાલ મંદિર પહોંચ્યો હતો. અહીં તેણે વીઆઈપી દર્શન માટે રૂપિયા ૨૫૦ ભરીને રિસિપ્ટ લીધી હતી. તેના પર શંકા જતાં કેટલાક લોકોએ મંદિરના સુરક્ષા કર્મચારીઓનું ધ્યાન દોર્યું હતું. જેના પગલે પોલીસને જાણ કરાઈ હતી. થોડા સમયમાં જ સ્થાનિક પોલીસ અને મીડિયા સ્થળ પર પહોંચી ગયા હતા અને વિકાસ દુબે જેવો મંદિરમાંથી બહાર નીકળ્યો કે તેની પૂછપરછ કરાઈ હતી. પોલીસે વિકાસ દુબે પાસે આઈડી કાર્ડ માગતાં તેણે પોલીસ સાથે થોડી ઝપાઝપી કરી હતી. અંતે પોલીસે તેની ધરપકડ કરી હતી. દુબેની ધરપકડ બાદ પોલીસ તેને પૂછપરછ માટે અજ્ઞાત સ્થળે લઈ ગઈ હતી.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે દુબેની ધરપકડ અંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાત કરી હતી. વિકાસ દુબેને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર ઉત્તરપ્રદેશ પોલીસને સોંપવાની કામગીરી શરૂ કરાઈ હતી. વિકાસને વીડિયો કોન્ફરન્સિંગથી અદાલતમાં રજૂ કરી ટ્રાન્ઝિટ રિમાન્ડ પર ઉત્તરપ્રદેશ પોલીસને સોંપી દેવાયો હતો. ઉત્તરપ્રદેશની પોલીસ વિકાસને ઉજ્જૈનથી લઈ ઈન્દોર પહોંચી હતી અને ત્યાંથી વિશેષ વિમાન દ્વારા લખનઉ લઈ જવાયો હતો. કેટલાક અહેવાલ પ્રમાણે વિકાસ દુબે સવારે ૭ કલાકની આસપાસ મંદિરના પાછળના દરવાજેથી અંદર પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તે પહેલાં તેણે મંદિરમાં ચડાવવા માટે ફૂલ ખરીદવા ગયો ત્યારે ફૂલ વેચનારાએ તેને ઓળખી કાઢયો હતો અને સુરક્ષા ગાર્ડને સાવચેત કર્યા હતા. જ્યારે તે મંદિરમાંથી બહાર આવ્યો ત્યારે સુરક્ષા ગાર્ડે તેને અટકાવીને પૂછપરછ કરી હતી. તેણે પહેલાં પોલ નામની કોઈ વ્યક્તિનું આઈકાર્ડ બતાવ્યું હતું. આઈડીમાં દેખાતી વ્યક્તિ ઉંમરમાં ઘણી નાની હોવાથી ગાર્ડે ઊલટતપાસ કરતા તે ઝપાઝપી પર ઊતરી આવ્યો હતો. તેથી ગાર્ડ તેને પોલીસ પાસે લઈ ગયો હતો.

વધુ અહેવાલ વાંચો પેજ નં. ૧૫






## બૂમો પાડતા વિકાસને પોલીસે ઝાપટ મારીને ચૂપ કરાવી દીધો

પોલીસ વિકાસને પોલીસ વાહનમાં બેસાડવા લઇ જઇ રહી હતી ત્યારે વિકાસ દુબે જોરજોરથી ઘાંટા પાડી રહ્યો હતો કે હું કાનપુરવાળો વિકાસ દુબે છું. તેના ઘાંટાઓથી કંટાળેલા એક પોલીસ કોન્સ્ટેબલે વિકાસ દુબેની ગરદન પર જોરથી ઝાપટ મારીને કહ્યું હતું કે, ચૂપ.. અવાજ નહીંપ પોલીસની ઝાપટ પડતાં જ વિકાસ દુબેએ હોઠ સીવી લીધાં હતાં.

## ઉજ્જૈન પોલીસે બે વકીલ સહિત 3ને પકડ્યા

વિકાસ દુબેની ધરપકડના મામલે ઉજ્જૈન પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી છે. જેમાં સ્થાનિક નિવાસી આનંદ તિવારી સામેલ છે. ત્રણેય લોકો વિકાસના સંપર્કમાં હોવાનું મનાય છે. વિકાસને ઉજ્જૈન પહોંચાડવામાં બે વકીલનો હાથ છે. પોલીસે આ બંને વકીલ અને એક સ્થાનિક રહીશ આનંદ તિવારીને પકડયા છે. એવું જાણવા મળે છે કે વિકાસ બંને વકીલ સાથે ખાનગી કારમાં ઉજ્જૈન આવ્યો હતો અને રાત્રે શરાબના વેપારીને ત્યાં રહ્યો હતો.

## : કોરોના અહેવાલ :

૨,૩,૭,૮,૧૪,૧૮





















# કેનેડામાં કોરોનાથી વધુ ૩૯૩ નાગરિકો સંક્રમિત

## ગુરૂવારે સૌથી વધુ ઓન્ટેરિયોમાં ૧૭૦ કેસ નોંધાયા : સમગ્ર દેશમાં ૯ દર્દીઓએ જીવ ગુમાવ્યા

ઓન્ટેરિયોઃ વિશ્વની જેમ કેનેડામાં પણ કોરોના વાઈરસ ફેલાઈ રહ્યો છે. ગુરૂવારે કેનેડામાં નવા ૩૯૩ દર્દી કોરોના પોઝિટિવ મળ્યા હતા. જ્યારે આજે દિવસ દરમિયાન કોરોનાથી પીડિત ૯ નાગરિકોના મોત નિપજ્યાં હતા. અત્યાર સુધીમાં દેશમાં કોરોનાના ૧,૦૬,૭૪૨ કેસ નોંધાયા છે. જે પૈકી ૮,૭૪૬ લોકોના મોત થયા છે.જ્યારે ૨૭,૪૯૩ કેસ હજી પણ એક્ટિવ હોવાના અહેવાલો છે. આરોગ્ય ખાતાની ટીમ અને મેડિકલ અને પેરા મેડિકલ ટીમની મહેનતને કારણે ૭૦,૫૦૩ કે જે કોરોનાના દર્દી હતા તેઓને સાજા કરવામાં સફળતા મળી છે. ગુરૂવારે પણ કેનેડામાં ૨૧૫૧ દર્દીઓની હાલત કટોકટ હોવાનું જાણવા મળ્યું હતું. દિવસ દરમ્યાન સૌથી વધુ કેસ ઓન્ટેરિયો પ્રાંતમાં મળ્યા હતા. અહીં કુલ ૧૭૦ નાગરિકોને કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ઉપરાંત ક્યૂબેકમાં ૧૩૭ નવા કેસ મળ્યા હતા. જ્યારે વિન્સોર એસ્સાર પ્રાંતમાંથી ૮૬ લોકો કોરોના વાઈરસની ચપેટમાં આવ્યા હતા.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દેશમાં કોરોનાનું સંક્રમણ હજુ અટક્યું નથી. તેમ છતાં તેની ગતિ ધીમી પડી હોવાનું કોરોનાના નોંધાતા કેસના આંકડા પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે. દરમિયાન દેશના નાગરિકો દ્વારા પણ કોરોના અંગે જાગૃતિ હોવાથી કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. પ્રશાસન અને સરકાર દ્વારા નાગરિકોને કોરોનાની તમામ ગાઈડલાઈનનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

# કેનેડામાં હવે ટૂંક સમયમાં ઈન્ફેક્શન ફેલાવાનો સાચો આંકડો જાહેર થશે

### એન્ટીબોડીઝના લોહીના હજારો સેમ્પલ્સનું પરીક્ષણ શરૂ કરાયું, ૨ -૩ સપ્તાહમાં પ્રાથમિક અંદાજ મળવાની આશા




ક્યૂબેક : નેશનલ ઈમ્યુનીટિ ટાસ્ક ફોર્સે કોવીડ -૧૯ એન્ટીબોડીઝના લોહીના હજારો સેમ્પલ્સનું પરીક્ષણ શરૂ કરતાં આ નવી મહામારીનો ફેલાવો કેટલા પ્રમાણમાં થયો હતો તેની સાચી વિગત જાણવા મળશે. કોવીડ-૧૯ ઈમ્યુનીટિ ટાસ્ક ફોર્સના ડિરેક્ટર ડોકટર તિમોથી ઈવાંસે જણાવ્યું હતું કે, ભવિષ્યમાં આવી મહામારીના ચેપને ફેલાતો અટકાવવા માટે કેવા એન્ટી બોડિઝની જરૂરત પડશે તે જાણી શકાય.

કેનેડામાં જાન્યુઆરીના અંત સુધીમાં ૧,૦૫,૦૦૦થી વધુ કેનેડિયનોનું ટેસ્ટનું પરિણામ પોઝિટિવ આવ્યું હતું. એ દરમિયાન અનેક લોકો બીમાર હતા. પરંતુ તેમનુ ટેસ્ટિંગ કરી શકાયું નહોતું. ઈવાંસે જણાવ્યું હતું કે, નોંધપાત્ર સંખ્યામાં લોકોને કોરોનાનો ચેપ લાગ્યો હતો. આમ છતાં પરીક્ષણ દરમિયાન તેના લક્ષણો પકડી શકાયા નહોતા. અન્ય દેશોમાં કોરોના માટે જે લોકોનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તેના પરિણામ પોઝિટિવ આવ્યા હતા. તેના કરતાં ૧૦થી ૨૦ ગણી સંખ્યામાં કોરોના પીડિત હતા. આ ટાસ્ક ફોર્સ કેનેડિયન બ્લડ સર્વિસિસ એન્ડ હેમાક્વિબિ દ્વારા બે મહિનામાં પૂરા પાડવામાં આવેલા ૪૦,૦૦૦ નમૂનાઓના એન્ટી બોડિઝના પરીક્ષણથી શરૂઆત કરશે અને વિવિધ પાસાઓને આવરી લઈ ઈન્ફેક્શનના આંકડા તૈયાર કરશે. ૧,૬૦૦ સેમ્પલ્સનું રોજ ટેસ્ટ-કીટથી ટેસ્ટિંગ કરવામાં આવે છે અને તેના પરિણામોના વિશ્લેષણનું કામ ચાલુ છે. આશા છે કે આવતા ૨-૩ સપ્તાહમાં આંકડાઓના પ્રાથમિક અંદાજ મળી જશે.

# કેનેડામાં કવોરન્ટાઈન નિયમોના ભંગ બદલ બે અમેરિકનને દંડ ફટકારાયો

- એક વાર ધરપકડ બાદ ક્વોરોન્ટાન કરાયા છતાં બંને જણા શહેરમાં ફરતા દેખાયા

ઓન્ટેરિયો : કેનેડા આવેલા બે અમેરિકનની કવોરન્ટાઈન નિયમોના ભંગ બદલ સરહદી શહેરમાંથી ઓન્ટેરિયો પ્રોવિન્શીયલ પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, બંને અમેરિકનને મિનેસોટા સરહદને અડીને આવેલા ફોર્ટ ફ્રાન્સીસ શહેરમાંથી પકડવામાં આવ્યા હતા.

એ બંનેને નિયમ મુજબ ૧૪ દિવસના સેલ્ફ કવોરેન્ટાઈન માટે મોકલી દીધા હતાં. પરંતુ ડેવિડ અને એનીસિપેલ નામના આ બંને અમેરિકન ૨૪મી જુને ફોર્ટ ફ્રાન્સીસમાં બહાર ફરતા દેખાયા હતા. તેથી તેમને એક હજાર યુએસ ડોલરનો દંડ કરી કોઈ પણ રીતે કેનેડામાં પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. કેનેડામાં પ્રવેશનારા પ્રવાસીને ૧૪ દિવસ માટે સેલ્ફ કવોરેન્ટાઈન કરવાની જોગવાઈ કોવિડ -૧૯ના પ્રસારને રોકવા માટે કરવામાં આવી છે. એમાં પ્રવાસીને કોવિડ -૧૯ના લક્ષાણો ન જણાતા હોય તો પણ આ જોગવાઈ લાગુ પડે છે. તેમણે પોતે જ સેલ્ફ આઈસોલેશન માટેનું સ્થળ અને ખાવા-પીવાની વ્યવસ્થા કરવાની તેમજ દવાઓની પણ વ્યવસ્થા કરવાની હોય છે.

આ નિયમોના ભંગ બદલ તેમને વધુમાં વધુ સાડા સાત લાખ યુએસ ડોલરનો દંડ, છ માસની કેદ અને એક વર્ષ માટે કેનેડામાં પ્રવેશ ઉપર પ્રતિબંધનો દંડ થઈ શકે છે. અમેરિકામાં કોવિડ -૧૯ના કેસો વધવાને કારણે માર્ચ માસથી કેનેડા - અમેરિકા સરહદ બંધ કરી કરવામાં આવી હતી. જેની મુદત ૨૧મી જુલાઈ સુધીની રાખવામાં આવી હતી. પરંતુ કેનેડીયન સરકાર આ પ્રતિબંધની દર મહિને સમિક્ષા કરે છે.

# કેનેડીયન એકટર નિક કોર્ડેરોનું ૭૯ દિવસની સારવાર બાદ કોવિડ -૧૯ને કારણે અવસાન



### ૨૦ માર્ચે હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ નિકને ૩૧મીથી આઈસીયુમાં ખસેડાયો હતો

ટોરન્ટો : કેનેડીયન એકટર નિક કોર્ડેરોનું ૪૧ વર્ષની વયે લોસ એન્જીલીસની સેડાર્સ -સિનાઈ હોસ્પિટલમાં કોવિડ -૧૯ને કારણે રવિવારે અવસાન થયું હોવાનું તેમની પત્ની અને જાણીતી અભિનેત્રી અમાન્ડા કલોટસે ઈન્સ્ટાગ્રામની પોસ્ટમાં જણાવ્યું હતું. તેણે પોસ્ટમાં જણાવ્યું હતું કે, નિક ઝળહળતો સિતારો હતો. એ બધાનો મિત્ર હતો. એ બધાને સાંભળતો અને મદદરૂપ બનતો, બધા સાથે વાત કરતો. અદભુત કલાકાર અને સંગીતકાર હતો.

તેઓ પરિવારને ચાહતા હતા. પિતા તરીકે અને પતિ તરીકે પ્રેમાળ હતા. ગયા મહિને જ એમના પુત્ર એલ્વીસની પહેલી વર્ષગાંઠ હતી. તેણે વધુમાં જણાવ્યું હતું કે, નિકને ૨૦મી માર્ચના રોજ હોસ્પિટલમાં દાખલ કરવો પડયા હતા અને ૩૧મી માર્ચથી એમને આઈસીયુમાં ખસેડવામાં આવ્યા હતા. અમાન્ડાએ અવારનવાર લોકોને પોતાના પતિની તબિયત વિશે જાણકારી આપી હતી. બે અઠવાડિયા બાદ એના જમણા પગમાં લોહીની ગાંઠો થઈ જતા સર્જરી કરી પગ કાપવો પડયો હતો. હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ નિકનું વજન ૬૫ પાઉન્ડ જેટલું ઘટી ગયું હતું. એને પગમાં સડો લાગી ગયો હતો. આ ઉપરાંત બે નાના હદયરોગના હુમલા પણ આવી ગયા હતા. એની કીડની માટે ડાયાલિસીસ ચાલતું હતું અને એને કામચલાઉ પેસમેકર બેસાડવું પડયું હતું.

એ લગભગ સાત અઠવાડિયા સુધી કોમામાં રહ્યો હતો એને કોવિડ -૧૯ની અસર હોવાથી છેલ્લા ૭૯ દિવસથી પત્ની અમાન્ડા અને પુત્ર એલ્વીસ એને મળી શકતા નહોતા. છતાં એણે દરરોજ પોતાના પતિને વિડીયો મોકલતી હતી. છેલ્લે એનો કોરોના વાઈરસ ટેસ્ટ નેગેટીવ આવ્યો હતો છતાં એની સ્થિતિ નાજુક હોવાથી એને હોસ્પિટલમાં જ રાખવો પડે એમ હતું. એના ફેફસાનું ટ્રાન્સપ્લાન્ટ કરવાનું જરૂરી હતું.

આ દરમિયાન એની સારવાર પાછળના ખર્ચને પહોંચી વળવા અમાન્ડા અવારનવાર એના ચાહકોને અપીલ કરવા એણે એ ગોફન્ડમી પેજ બનાવ્યું હતું અને એનાથી છ લાખ યુએસ ડોલર ઉભા કરવાનો પ્રયાસ કર્યો હતો. નિક કોર્ડેરોનો જન્મ ઓન્ટેરિયોના હેમિલ્ટનમાં થયો હતો. એણે ટોરન્ટોની રીયરસન યુનિવર્સિટીની સ્કુલ ઓફ પરફોર્મન્સમાં અભ્યાસ કર્યો હતો. બે વર્ષ બાદ એણે અભ્યાસ છોડીને લવમેથડ નામક બેન્ડ સાથે ગાયક તરીકે જોડાવાનું પસંદ કર્યું હતુ. ન્યૂયોર્કના બ્રોડવે થીયેટર સાથે જોડાતા પહેલા ક્રુઝ શીપ ઉપર પણ કામ કર્યું હતું.



# ઈન્ફેક્શનમાં ઘટાડો કરવામાં ફેસ માસ્ક અસરકારક નીવડ્યું : અહેવાલ

**ટોરન્ટો અને ક્યુબેકમાં માસ્કર પહેરવા ફરજિયાત, અન્ય શહેરોમાં પણ નિયમનો અમલ કરવા તરફ વિચારણા**



ટોરન્ટો : ગોલ્ડમેન શાશ જણાવે છે કે, જાહેરમાં ફરજિયાત માસ્ક પહેરવાનો નિયમ કોવીડ ૧૯ના ઈન્ફેક્શન રોકવાનો અડધો પડધો વિકલ્પ છે. જે લોકડાઉન દરમિયાન અર્થ તંત્રને અબજો ડોલરના થયેલા નુકસાનોથી બચાવે છે. ૧૨૫ દેશોમાંથી કોવીડ-૧૯ સબંધી મેળવવામાં આવેલા આંકડાની અમેરિકન કાઉન્ટીઝ સાથે ફેસ માસ્ક વાળા અને ફેસ માસ્ક વગરના આંકડાઓની સરખામણી કર્યા બાદ સંશોધકો એવા તારણ પર પહોંચ્યા છે કે, જાહેરમાં ફેસ માસ્ક પહેરવાના સરકારી હુકમથી વાઈરસના ફેલાવામાં ૫૦ ટકાનો ઘટાડો થાય છે અને નુકસાનમાં અડધો અડધ ઘટાડો કરે છે.

કોવિડ ૧૯ના ફેલાવાને અટકાવવામાં અસરકારક છે એ વાસ્તવિકતા સ્વીકારવી પડી હતી. આવા પરિણામ મેળવવા માટે સરકારોએ લોકડાઉનનો સહારો લીધો હતો. તેના પરિણામે તમામ પ્રવૃત્તિઓ પડી ભાંગી હતી અને અર્થતંત્ર માત્ર પાંચ ટકાના દર સુધી આવી ગયું હતું એમ સંશોધકો જેન હેજિયસ, ઈઝાબેલા રોઝેનબર્ગ અને ડેન સ્ટ્રિયુવેને જણાવ્યું હતું. અમેરિકાના સંશોધકોએ નોંધ્યું છે કે ઉત્તર પૂર્વમાં ફેસ માસ્કનો ઉપયોગ ભારે મોટા પ્રમાણમાં કરવામાં આવે છે અને ત્યાં પરિસ્થિતિમાં હાલના મહિનાઓમાં નાટ્યાત્મક સુધારો જોવા મળે છે.

જ્યારે દક્ષિણના વિસ્તારોમાં પરિસ્થિતિ વણસી છે. દાખલા તરીકે એરિઝોનાના ૪૦ ટકા લોકોએ જણાવ્યું હતું કે અમે કાયમ ફેસ માસ્ક પહેરી રાખીએ છીએ જ્યારે માસાચુંસેટ્સના ૮૦ ટકા લોકો ફેસ માસ્ક પહેરે છે. ટોરન્ટોમાં મંગળવારે જાહેરાત કરવામાં આવી હતી કે, તમામ જાહેર સ્થળો અને આંતરિક જગ્યાઓમાં ફેસ માસ્ક પહેરવું ફરજિયાત છે. ક્યૂબેક રાજ્યએ જણાવ્યું હતું કે, જાહેરમાં આવનાર તમામ વ્યકિતઓએ ફેસ માસ્ક પહેરવા જરૂરી છે.

# કોવિડ-૧૯ના નિયમિત નોંધાતા નવા કેસોની સંખ્યા ઘટવા માંડી

- **જૂનમાં દરરોજ ૫૦૦ કેસની સરખામણીએ હવે ૪૦૦ કેસ નોંધાય છે**

ઓન્ટેરિયો : કેનેડામાં જે રીતે કોવિડ -૧૯ના પ્રસારને કારણે લોકોમાં ચિંતા વધી રહી હતી પરંતુ જેમ જેમ રોજેરોજ નોંધાતા નવા કેસોની સંખ્યામાં ઘટાડો થતો જાય છે તેમ તેમ ચિંતા ઓછી થઈ રહી છે. દક્ષિાણ સરહદ વિસ્તારમાં રોગનો પ્રસાર કાબુ બહાર ગયો હોવાને કારણે વધારો જોવા મળ્યો હતો. જુનની સાતમી તારીખથી કેનેડામાં રોજ અંદાજે ૫૦૦ નવા કેસ નોંધાતા હતા. જે હવે ગયા અઠવાડિયાથી ઘટીને ૪૦૦ની આજુબાજુ જોવા મળી રહ્યા છે. જો કે, નવા કેસો ઘટી રહ્યા હોવાનો એવો અર્થ નથી કે, કેનેડા પરથી કોરોનાનો ખતરો ઓછો થઈ ગયો છે. વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં અગાઉની સરખામણીમાં કેનેડાની સ્થિતિ સારી છે.

જો કે તાજેતરમાં હાથ ધરાયેલા સર્વેક્ષણ મૂજબ કેનેડીયનોમાં ચિંતાનું પ્રમાણ ઓછુ થયું નથી. લેજર ફોર ધી એસોસિયેશન ફોર કેનેડીયન સ્ટડીઝ દ્વારા ત્રીજી જુલાઈથી પાંચમી જુલાઈ દરમિયાન હાથ ધરાયેલા સરવેમાં ૫૮ ટકા લોકો કોવિડ -૧૯ના ચેપથી અંગત રીતે ડરી રહ્યા છે. આ ટકાવારીમાં બે અઠવાડિયા પહેલાના સરવેની સરખામણીમાં સાત ટકાનો વધારો થયો છે. જે અત્યાર સુધીનો સૌથી વધુ હોવાનું લેજર્સ વિકલી પોલીંગના આંકડામાં જણાવાયું છે. આ પોલ એપ્રિલના મધ્યથી શરૂ કરાયો હતો. લોકોના અભિપ્રાયમાં આ સૌથી મોટો ફેરફાર છે. એપ્રિલમાં ચિંતાની ટકાવારી ૬૪ ટકા જેટલી હતી. તે સમયે દરરોજ અંદાજે ૧૨૦૦ નવા કેસો નોંધાતા હતા. ત્યાંથી નવા કેસોની સંખ્યામાં ઘટાડાની શરૂઆત થઈ હતી. ૨૫મી મે એ ૧૦૧૧ કેસ નોંધાયા હતા. જયારે જુનની ૮મીએ એ આંક ૪૨૯ હતો. મે અને જુનના અંત સુધીમાં ચિંતામાં ઘટાડો પણ જોવા મળ્યો હતો. પરંતુ ત્યારબાદ અચાનક વધારો થયો હતો. બીજી તરફ અમેરિકામાં કોવિડ -૧૯ના કેસોમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી કેનેડા અને અમેરિકા વચ્ચેની જમીની સરહદોને વધુ સમય સુધી બંધ રાખવા માટેની લાગણી પણ લોકોમાં જોવા મળી રહી છે.









# કોરોનાની વેક્સિન લૉંચ કરવાની કવાયતથી વિશ્વની ભારત તરફ મીટ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારત હવે કોરોના વાઈરસના સતત વધી રહેલા કેસો સાથે દુનિયામાં ત્રીજા સ્થાને આવી ગયું છે. કુલ કેસના મામલે રશિયાને પાછળ છોડયા બાદ ભારત હવે કોરોનાના સંક્રમિત કેસોમાં અમેરિકા અને બ્રાઝિલ કરતા જ પાછળ છે. ૨૮ લાખ કરતા વધારે કેસો સાથે અમેરિકા હજુ પણ કોરોના વાઈરસથી સૌથી અસરગ્રસ્ત દેશ છે. તો ૧૫ લાખ કરતા વધારે કેસો સાથે બ્રાઝિલ બીજા સ્થાને છે. દુનિયાના અનેક દેશોમાં કોરોનાની વેક્સિન બનાવવા માટે પૂરજોશમાં પ્રયાસો ચાલી રહ્યાં છે. ભારતમાં પણ ૧૫ ઓગસ્ટે કોરોનાની વેક્સિન લૉન્ચ કરવાની જાહેરાત ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)એ કરી છે. જોકે વેક્સિન ૧૫ ઓગસ્ટ સુધીમાં લૉન્ચ કરવાને લઈને વિવાદ ઊભો થઈ ગયો છે.

ICMRનું કહેવું છે કે, વેક્સિનની પ્રીક્લિનિકલ સ્ટડી સફળતાપૂર્વક પૂરી થઈ ગઈ છે અને હવે હ્યુમન ટ્રાયલના ફેઝ એક અને બેની શરૂઆત કરવાની છે. જોકે સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી ખાતાની એક પ્રેસ રિલીઝ અને પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો પર પ્રકાશિત એક લેખ બાદ વેક્સિનની ટાઈમલાઈનને લઈને સવાલ ખડા થયા છે. સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, દુનિયાભરમાં ૧૪૦ વેક્સિન બનાવતી કંપનીઓમાંથી ૧૧ હ્યુમન ટ્રાયલના તબક્કામાં છે. પરંતુ એમાંથી કોઈ પણ વેક્સિન ૨૦૨૧ પહેલા ઉપયોગ માટે તૈયાર થવાની શક્યતા નથી. આ નિવેદન મુદ્દે વિવાદ થયા બાદ તેમાંથી ૨૦૨૧ની ટાઈમલાઈન દૂર કરી દેવામાં આવી છે. બાદમાં સરકારની અધિકૃત વેબસાઈટ પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો પર પ્રકાશિત થયેલા લેખમાં પણ ૨૦૨૧ના ઉલ્લેખવાળી લાઈન એડિટ કરી દેવાઈ છે. ICMRનો બીજો એક આંતરિક પત્ર પણ લીક થઈ ગયો જેના કારણે પણ વિવાદ ઊભો થઈ ગયો છે. આઈસીએમઆરએ પસંદ કરેલી ૧૨ ઈન્સ્ટીટયૂટને આદેશ આપ્યો છે કે, કોરોના વેક્સિનની ક્લિનિકિલ ટ્રાયલ ૭ જુલાઈ પહેલા શરૂ કરીને ૧૫ ઓગસ્ટ પહેલા પૂરી કરી દેવી.આ ટાઈમલાઈનને લઈને વિવાદ એ ઊભો થયો છે કે વેક્સિન તૈયાર કરવી અને ઉપયોગમાં લેવી જરાય આસાન નથી. પહેલું તો કોઈ પણ બીમારીની વેક્સિન શોધવી અત્યંત મુશ્કેલ કામ છે. વેક્સિન શોધાયા પછી પણ તેના અનેક પ્રયોગો તેના પરિણામો તેમજ તેમના વિશ્લેષણાત્મક અધ્યયન જેવી અનેક પ્રક્રિયાઓમાંથી પસાર થયા બાદ વેક્સિન અસરકારક છે કે નહીં એ તારણ પર આવવાનું હોય છે. કોરોનાની વેક્સિન બનાવવાની પ્રક્રિયા જટિલ હોવાની સાથે સાથે ધીરજ માંગી લે એવી છે. જોકે અત્યારે કોરોનાની વેક્સિન બનાવવાની કામગીરી જે રીતે પૂરજોશમાં ચાલી રહી છે એ જોતાં આ વર્ષના અંત સુધીમાં તો કોરોનાની વેક્સિન લૉન્ચ થવાની અપેક્ષા છે. સૌથી તેજ ગતિથી બજારમાં આવનારી વેક્સિન પણ મોટેભાગે તો ૨૦૨૦ના અંત સુધીમાં આવે એવું દુનિયાભરના સંશોધકો માની રહ્યાં છે. સામાન્ય રીતે કોઈ પણ કંપનીને વેક્સિનની જુદાં જુદાં સ્તરે મંજૂરી લેવામાં જ મહિનાઓ લાગી જાય છે અને એક વેક્સિન તૈયાર થવામાં ત્રણથી ચાર વર્ષ કે એનાથી પણ વધારે સમય જાય છે.

વૈજ્ઞાનિકો દ્વારા આ ટેસ્ટ લેબોરેટરીમાં મુખ્યત્ત્વે ઉંદર, ગીનીપિગ, સસલા જેવા કર્તરી વર્ગના પ્રાણીઓ પર કરવામાં આવે છે. કેટલીક વખત વધારે ચોકસાઈ માટે વાંદરા ઉપર પણ ટેસ્ટ કરવામાં આવે છે. વેક્સિન ઈન્જેક્શન દ્વારા આપવામાં આવે છે. સૌથી પહેલા મિનિમમ ડોઝ આપીને આ પ્રાણીઓની એન્ટીબોડીઝ ઉત્પન્ન કરવાની ક્ષમતા તપાસવામાં આવે છે. મોટેભાગે એન્ટીબોડીઝ પેદા થવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવે છે. વેક્સિન આપ્યા બાદ એ સુરક્ષિત છે કે નહીં એનો અભ્યાસ કરવામાં આવે છે. વેક્સિન આપવામાં આવી હોય એ પ્રાણીઓનો વ્યવહાર, ખાનપાન અને અન્ય જૈવિક પ્રક્રિયાઓ સામાન્ય રહે તો તેનો અર્થ એ કે વેક્સિન સલામત છે. પ્રાણીઓના તમામ અંગોનો પણ અભ્યાસ કરવામાં આવે છે કે કોઈ અંગ પર વેક્સિનનો દુષ્પ્રભાવ તો નથી પડયો ને? જો પ્રાણી પર વેક્સિનનો કોઈ પણ દુષ્પ્રભાવ જોવા મળે તો વેક્સિનની આગામી ટ્રાયલ પર પ્રશ્નાર્થ લાગી જાય છે. જો પરિણામો સકારાત્મક આવે તો ક્લિનિકિલ ટ્રાયલની અનુમતિ મળે છે. વેક્સિન સફળ છે કે નહીં એ નક્કી કરવા માટે હ્યુમન ટ્રાયલ એટલે કે મનુષ્યો પર પરીક્ષણ કરવું અનિવાર્ય છે. પ્રયોગશાળામાં જે પ્રાણીઓ પર વેક્સિનની ટ્રાયલ કરવામાં આવી હોય એ મનુષ્યો કરતા ઘણાં નાના હોય છે. પ્રાણીઓમાં વેક્સિનના જે રિઝલ્ટ જોવા મળ્યા હોય એ મનુષ્યોમાં પણ જોવા મળે એ જરૂરી નથી. બંને પ્રજાતિઓ અલગ હોવાના કારણે વેક્સિનનો પ્રભાવ પણ જુદો હોઈ શકે છે. કેટલીક વ્યક્તિને વેક્સિનનો બનાવટી ડોઝ આપવામાં આવે છે જેને પ્લેસિબો કહે છે. વેક્સિન આપ્યા પછી તેમને ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવે છે. વેક્સિનનો ડોઝ આપ્યા પહેલા અને આપ્યાના અમુક સમય બાદ બ્લડ સેમ્પલ લઈને કોઈ આડઅસર તો નથી થઈ રહીને એ ધ્યાન રખાય છે.

પાંચ કે દસ વ્યક્તિ પર વેક્સિન અજમાવ્યા બાદ એના પરિણામોના આધારે લાખો કરોડો લોકોને વેક્સિન ન આપી શકાય. એટલા માટે બીજા તબક્કામાં એકસોથી એક હજાર લોકો પર વેક્સિનની ટ્રાયલ કરવામાં આવે છે. વેક્સિનના પરીક્ષણ માટે સંપૂર્ણ સ્વસ્થ લોકો પસંદ કરવામાં આવે છે. કોરોના સંક્રમિત કે કોરોના થઈ ચૂક્યો હોય એવા લોકોને વેક્સિન આપવા માટે પસંદ કરવામાં આવતા નથી. વેક્સિન લેવા માટે રાજી થતા વોલન્ટિયર્સને વેક્સિન શા માટે આપવામાં આવી રહી છે અને તેના પરિણામો કેવા આવી શકે છે એ સમજાવવામાં આવે છે. કોરોનાની ક્લિનિકલ ટ્રાયલ સફળ થાય એ પછી પણ જો દેશના માત્ર દસ ટકા લોકોને આ વેક્સિન આપવાનું નક્કી કરવામાં આવે તો પણ ૧૨ કરોડ ડોઝ તૈયાર કરવા પડે. આટલી મોટી સંખ્યામાં વેક્સિન તૈયાર કરવામાં પણ વર્ષો નહીં તો મહીનાઓ તો જરૂર લાગી જાય.

જોકે તબીબી ક્ષેત્રમાં ભારતીય પ્રતિભાઓએ જવલંત દેખાવ કર્યો છે એવામાં દુનિયાના અનેક દેશો ભારતના વૈજ્ઞાનિકો તરફ આશાની મીટ માંડીને બેઠા છે. જો પંદર ઓગસ્ટ સુધીમાં ભારત કોરોનાની સ્વદેશી વેક્સિન બનાવવામાં સફળ નીવડશે તો એનાથી માત્ર ભારત જ નહીં, બીજા દેશો માટે પણ રાહતકારક નીવડશે અને દુનિયાને કોરોનાની વેક્સિન આપનારો ભારત દુનિયાનો પહેલો દેશ બની જશે. વિશ્વ આરોગ્ય સંસ્થા હમણા સુધી કોરોના વાઈરસ હવામાં ફેલાતો હોવાની સંભાવનાનો ઈન્કાર કરતી આવી છે પરંતુ હવે સંસ્થાએ કોરોના વાઈરસ હવા મારફતે ફેલાવા અંગેના જે તથ્યો મળ્યાં છે એ સ્વીકાર્યા છે.

તેમના જણાવ્યા અનુસાર કોરોનાગ્રસ્ત વ્યક્તિના વાત કરતા કે શ્વાસોચ્છવાસ વખતે થૂકનાં અત્યંત સૂક્ષ્મના છાંટા બહાર નીકળતા હોય છે. આ છાંટાં એટલા સૂક્ષ્મ હોય છે કે તે થોડી વાર સુધી હવામાં તરતા રહે છે. આ દરમિયાન કોઈ સ્વસ્થ વ્યક્તિના શ્વાસ દ્વારા વાઈરસ તેની અંદર પ્રવેશી શકે છે. જો વાઈરસ હવાથી ફેલાય છે હકીકત સ્વીકારવામાં જ ન આવી તો એને ધ્યાનમાં રાખીને જરૂરી ઉપાયો પ્રયોજી નહીં શકાય અને એના પરિણામો ખરાબ આવશે.

મનોજ ગાંધી
manoj1968@yahoo.ca



















# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**

**$500**

Per Person / Per Month



Knights Inn & Suites

Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# સમાન દરજ્જો આપવા કામદારોની માંગ કેનેડાના અનેક શહેરોમાં વિશાળ રેલી

ઓટવા - કોવીડ ૧૯ પેન્ડેમિક દરમિયાન આગળ રહી ફરજ બજાવનાર વસાહતી કામદારો અને નોન પરમેનેન્ટ રેસિડેન્ટ કામદારો એ સામાન દરજ્જો મેળવવાની માગણી સાથે શનિવારે ઓટાવામાં એક મોટી રેલીનું આયોજન કર્યું હતું.

માઈગ્રેન્ટ વર્કર્સ એલયેન્સ ફોર ચેન્જના એકઝિક્યુટિવ ડાયરેકટરે જણાવ્યું હતું કે, કામ ચલાઉ વિદેશી ખેતમજૂરો, સુશ્રુષા કામદારો, વિદેશી વિદ્યાર્થીઓ અને દસ્તાવેજ વિનાના કામદારો કે જેઓ કોરોના કાળથી આવશ્યક કામદાર તરીકે પોતાની ફરજો બજાવી રહ્યા છે તેની કેનેડાની સરકાર અવગણના કરી રહી છે.

અમારા લોકો ખરા અર્થમાં ભૂખમરો વેઠી રહ્યા છે, લોકો મોતનુ જોખમ ઉઠાવી રહ્યા છે. દરમિયાન વસાહતી, દસ્તાવેજ વગરના કામદારો, રાજ્યાશ્રય માંગનારા કામદારો કે જેમણે આ મહામારીના કારણે નોકરી ગુમાવી હોય તેવા કામદારોને ઈમરજન્સી ઈનકમ સપોર્ટ જેવા કે કેનેડિયન ઈમરજન્સી રિસ્પોન્સ બેનિફિટ જેવા લાભ આપવાને બદલે તેમને રોગનો ભોગ બનવા માટે છોડી દેવામાં આવે છે. આ વિરોધી દેખાવોનું આયોજન માઈગ્રેન્ટ રાઈટ્સ નેટવર્ક તરફથી શનિવારને રોજ મોન્ટ્રિયલ, ટોરન્ટો, વેંકુવર અને હેલીફેક્સ ખાતે વસાહતી ખાતાના પ્રધાન માર્કો મેંડીસિનની ઓફીસ તથા સાંસદોના ઘરની સામે કરાયું હતુ.

**કોરોનાના સંકટ સમયે ફરજ બજાવનારાઓની અવગણના થઈ હોવાનો સરકાર પર આક્ષેપ**

મેડીસિયાનો અને વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સમક્ષ માગણી કરી હતી કે કેનેડામાં કામ કરતા તમામ વસાહતી કામદારોને પૂર્ણ કક્ષાના વસાહતીઓ તરીકેનો દરજ્જો આપવામાં આવે.

# ટોરન્ટોમાં લોકડાઉનની અસર ઘટી, ગયા વર્ષ કરતા મકાનના ભાવ વધ્યા

- **મકાનના સરેરાશ વેચાણ ભાવ ૯,૩૦,૮૬૯ ડોલર રહ્યાં**

ઓન્ટેરિયો : ટોરન્ટો રીજનાલ રિયલ એસ્ટેટ બોર્ડે જણાવ્યું હતું કે, જૂન મહિનામાં સંખ્યાબંધ મકાનો ઉંચા ભાવે વેચાયા હતા. જે દર્શાવે છે કે, આ વર્ષે જૂન મહિનામાં વેચાયેલા મકાનોના ભાવ જૂન ૨૦૧૯ કરતા ૧૨ ટકા ભાવ વધ્યા હતા. કોવિડ ૧૯ને કારણે આ વર્ષની શરૂઆતમાં મકાનોનું વેચાણ ઘટયું હતું. જો કે, લોકડાઉન પછી કામકાજ ફરીથી શરૂ થયા બાદ મકાન બજારમાં તેજીની શરૂઆત થઈ છે.

રિયલ એસ્ટેટ બોર્ડ જણાવે છે કે ચાલુ વર્ષના જૂન મહિનામાં ૮,૭૦૧ મકાનો વેચાયા હતા. જેના ભાવ ગયા વર્ષના આજ મહિના કરતાં ૧.૪ ટકા વધારે હતા. સીઝનના આધારે સરખામણી કરવામાં આવે તો જૂન મહિનામાં વેચાયેલા મકાનના ભાવ ગયા મહિના કરતાં ૮૪% ઉંચા હતા.

મકાનના સરેરાશ વેચાણ ભાવ ૯,૩૦,૮૬૯ ડોલર રહ્યા હતા. જે ૨૦૧૯માં જૂન મહિનાની સરખામણીએ ૧૧.૯ ટકા ઉંચા હતા. ટોરન્ટો બોર્ડના પ્રેસિડેન્ટ લીઝા પટેલ કહે છે કે, શરૂઆતના દિવસોમાં ખોટ સરભર થઈ રહી છે. પરંતુ જો સંજોગોમાં કોઈ અવરોધ ના આવે તો ચાલુ વર્ષના બીજા અર્ધવાર્ષિક ગાળામાં મકાન બજારની સ્થિતિ વધુ મજબૂત બને તેમ છે.

# ટીકટોક સામે અમેરિકાના વલણ સાથે કેનેડા અસંમત : બિલ બ્લેરનું કાર્યાલય

- **કેનેડિયનોના ડેટા સુરક્ષિત રાખવા માટે વ્યુહ રચના ઘડવા વિચારણા**

ઓટાવા : અમેરિકાએ પોતાના નાગરિકોને ચીનના અતિ લોકપ્રિય એપ ટીકટોક ડાઉનલોડ નહીં કરવા આપેલી ચેતવણી બાદ કેનેડાની સરકાર અમેરિકાના આ વલણ સાથે સહમત નહીં હોવાનું પ બ્લીક સેફટી વિભાગના મંત્રી બિલ બ્લેરના કાર્યાલયે જણાવ્યું હતું. અમેરિકાએ પોતાના નાગરીકોને ચેતવણી આપતા કહયું હતું કે તમે ચાઈનીઝ એપ ડાઉનલોડ કરીને તમારો અંગત ડેટા ચાઈનીસ કોમ્યુનિસ્ટ પાટીને આપી દો છો. મીડિયા સાથેની વાતચીત દરમિયાન બ્લેરના પ્રેસ સેક્રેટરી મેરી લિઝ પાવરે કહયું હતું કે, અમે નેશનલ સાઈબર સિકયુરીટી સાથે મળીને એવી વ્યુહરચના તૈયાર કરી રહ્યા છીએ જેથી કેનેડીયનો ઓનલાઈન હોય ત્યારે પણ સુરક્ષિત રહી શકે. પરંતુ અમે હજુ સુધી કોઈ ચોક્કસ સોશિયલ મિડીયા અંગે કોઈ નિર્દેશ કર્યા નથી. બ્લેરે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, અમારી સરકાર ટેકનોલોજી સેકટરમાં અગ્રેસર હોય, એવી એજન્સીઓ સાથે કામ કરવાનું જારી રાખશે અને કેનેડીયનોને ખાતરી આપવા માંગે છે કે, આપણી સિસ્ટમ સુરક્ષાિત છે.

જો કે, ભારતે પણ ટીકટોક સહિતની ૫૯ ચાઈનીઝ એપ્પ્સ ઉપર પ્રતિબંધ જાહેર કરી દીધા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ચીનનો વિરોધ શરૂ થયો હતો. અમેરિકાએ સત્તાવાર પ્રતિબંધ જાહેર કર્યો નથી. પરંતુ લોકોને ચેતવણી આપી છે.







# ગુજરાત પર કોરોનાની ઘાત, એક દિવસમાં રેકોર્ડબ્રેક ૮૬૧ દર્દીઓ મળ્યા, ૧૫ મોત

ગાંધીનગર : ૧૦મા દિવસે પણ ૩૦ જિલ્લાઓમાંથી ૮૬૧ ચેપગ્રસ્તો મળતા ગુજરાતમાં કોવિડ-૧૯ના કૂલ કેસોની સંખ્યા ૪૦ હજારને નજીક ૩૯,૨૮૦એ પહોંચી હતી. જ્યારે ૬ જિલ્લામાં ૧૫ દર્દીઓએ દમ તોડતા ગુજરાતમાં કોરોનાને કારણે મૃત્યુ પામનારા દર્દીઓની સંખ્યા વધીને ૨૦૧૦ થઈ હતી. આરોગ્ય વિભાગે ગુરૂવારની સાંજે જાહેર કરેલા ૭,૮૧૮ ઈ્ઁ-ઝઈના રિપોર્ટ સાથેની અખબારી યાદીમાં ગુજરાતમા ૮૬૧માંથી માત્ર ૩૦૭ પોઝિટીવ કેસ સુરતના જ હતા, ૧૦ દિવસથી સુરતમાં ચેપગ્રસ્તો વધી રહ્યા છે.

બીજી તરફ સુરતમાં કેસો વધતાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાંથી ૧૧ જેટલા ડોક્ટરોની ટીમને સુરત રવાના કરાઈ છે, વડોદરાથી વલસાડ વચ્ચેના શહેરો- ગ્રામ્ય વિસ્તારોમાંથી ૪૩૭ જેટલા નવા પોઝિટીવ દર્દીઓ ઉમેરાયા હતા. જ્યારે અમદાવાદમાં નવા કેસોની સંખ્યા ઘટીને ૧૬૨એ પહોચી હતી. જો કે, અડીને આવેલા ગાંધીનગરમાં વધુ ૩૨ સહિત ઉત્તર ગુજરાતમાં ૯૨ જેટલા કેસ વધ્યા છે.



## કયા જિલ્લામાં કોરોનાના દર્દીઓ

| જિલ્લો | આજે | કુલ | | | |
|---|---|---|---|---|---|
| | | | દાહોદ | ૧૩ | ૧૧૬ |
| અમદાવાદ | ૧૬૨ | ૨૨,૫૮૦ | ગીર–સોમનાથ | ૦૯ | ૧૦૭ |
| વડોદરા | ૬૮ | ૨,૮૩૬ | ખેડા | ૧૭ | ૨૫૬ |
| સુરત | ૩૦૭ | ૭,૦૩૮ | જામનગર | ૧૧ | ૩૦૮ |
| રાજકોટ | ૨૦ | ૫૨૯ | મોરબી | ૦૪ | ૫૫ |
| ભાવનગર | ૨૩ | ૪૩૬ | સાબરકાંઠા | ૧૧ | ૨૩૦ |
| આણંદ | ૧૧ | ૨૭૨ | અરવલ્લી | ૦૫ | ૨૪૦ |
| ભરૂચ | ૧૯ | ૩૬૪ | વલસાડ | ૨૮ | ૩૦૫ |
| ગાંધીનગર | ૩૨ | ૮૦૫ | નવસારી | ૧૬ | ૧૯૬ |
| પાટણ | ૦૫ | ૨૬૩ | ડાંગ | ૦૦ | ૦૭ |
| બનાસકાંઠા | ૧૮ | ૨૯૭ | સુરેન્દ્રનગર | ૧૦ | ૨૩૭ |
| કચ્છ | ૦૫ | ૨૨૪ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૨૮ |
| મહેસાણા | ૧૭ | ૩૭૬ | જૂનાગઢ | ૧૯ | ૨૨૯ |

## બીજા રોગ હોય તો મોતનું કારણ કોરોના નહીં!

ગુજરાતમાં કોરોના વાઈરસને કારણે ખરેખર મૃત્યુઆંક ઘટયો નથી. પરંતુ, રાજ્ય સરકારે ICMRની નવી માર્ગર્દિશકાની આડમાં એવો તઘલખી તુક્કો અમલી બનાવ્યો છે કે, ડાયાબિટીસ, હાર્ટ કે અન્ય રોગ ધરાવતા કોરોના પોઝિટિવ દર્દીનું મૃત્યુ થાય તો તેની ગણતરી કોરોનાથી થયેલા મૃત્યુના આંકમાં કરવી નહીં અને એ રીતે આંકડા જાહેર કરવા. પરિણામે, ગુજરાતમાં જાણે કોરોનાને લીધે થતા મૃત્યુની સંખ્યા ઘટી રહી હોય અથવા નિયંત્રણમાં હોય તેવું આભાસી ચિત્ર ઉભું કરાયું છે.

## ૨૦ હજાર ટોસિલીઝુમેબના ઈન્જેક્શનનો ખરીદી

ગાંધીનગર: હાલ રાજ્યમાં કોરોનાનું સંક્રમણ દિવસેને દિવસે વધી રહ્યું છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, ટોસિલીઝુમેબના ૨૦ હજાર નવા ઈન્જેક્શનની ખરીદી પૂર્ણ કરી દેવામાં આવી છે. એક ઇન્જેક્શાન ૪૫ હજાર રૂપિયાનું આવે છે અને તેની તંગી પણ ખુબ હોવા છતા સરકાર સતત તેની ખરીદી કરી રહી છે. ૨૦ હજાર નવા ઈન્જેક્શાનની ખરીદી પૂર્ણ થઈ છે. ડોક્ટર્સની સલાહ અનુસાર તેનો વપરાશ પણ છુટથી થઇ રહ્યો છે. આ ઇન્જેક્શાન વિશ્વમાં માત્ર એક જ કંપની બનાવે છે. સરકાર આ ઇન્જેક્શાન વિના મુલ્યે જરૂર અનુસાર ઉપયોગ કરે છે.

## સૌરાષ્ટ્રમાં કોરોના વિસ્ફોટથી સ્વયંભૂ લોકડાઉન

રાજકોટ : સૌરાષ્ટ્રમાં લોકડાઉનને હળવું કરી વ્યાપક છૂટછાટો અપાયા બાદ હવે સ્થિતિ વણસતા વેપારી સંસ્થાઓ સ્વયંભૂ બજારો ઉપર નિયંત્રણો મૂકી રહી છે. રાજકોટની દાણાપીઠ, પરાબજાર, મોચીબજાર વેપારી એસોસિએશને સ્વૈચ્છિક રીતે બપોરે પાંચ વાગે માર્કેટ બંધ કરવાનો નિર્ણય લીધો છે. જે વેપારીઓ ૫ વાગ્યા પછી દુકાનો ખોલશે તેને પ્રથમવાર રૂ. ૫૦૦ અને બીજીવાર રૂ. ૧૦૦૦નો દંડ એસોસિએશન તરફથી કરવામાં આવશે. ઉપલેટા અનાજ કરીયાણા એસોસિએશનના પ્રમુખ વસંત અને ઉપ પ્રમુખ ચીંતન જોબનપૂત્રાએ જણાવેલ હતુ કે, અનાજના વેપારીઓએ દુકાન બપોરના બે વાગ્યા સુધી ખુલ્લી રાખવાનો નિર્ણય કર્યો છે. રાણાવાવમાં કરિયાણાના વેપારીઓએ દરરોજ બપોર સુધી જ દુકાનો ખુલ્લી રાખવાનો નિર્ણય લીધો છે.ધોરાજીમાં કોરોના વિસ્ફોટ બાદ સોની બજાર બંધ કરી દેવામાં આવી છે.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગુજરાતમાં કોરોનાના ટેસ્ટ ઓછા છતાં કેસમાં વધારો

## જિલ્લા અને સ્થાનિક કેસના આંકડા વચ્ચે તફાવત હોવાથી આંકડાઓ પણ છુપાવવામાં આવી રહ્યાં હોવાની આશંકા




અમદાવાદઃ સમગ્ર દેશમાં કોરોનાગ્રસ્ત ટોપ ટેન રાજ્યોમાં ટેસ્ટ વધારે છે પણ ગુજરાતમાં ઓછા ટેસ્ટ હોવા છતાં કેસમાં રોજેરોજ ૭૦૦થી વધુનો વધારો થઈ રહ્યો છે. ચોંકાવનારી બાબત તો એ છે કે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રોજ રાત્રે જાહેર કરવામાં આવતા કેસના આંકડા અને જિલ્લા સ્તરેથી સ્થાનિક કેસના આંકડાઓ વચ્ચે પણ મોટો તફાવત હોવાથી કેસના આંકડાઓ પણ છુપાવવામાં આવી રહ્યાં હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસથી પ્રતિદિન કેસ ની સરેરાશ ઘટી રહી હોવાના આંકડાઓ સામે સવાલો ઊઠી રહ્યા છે. દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં કોરોના ટેસ્ટમાં ગુજરાત છેક ૧૩મા સ્થાને છે. એટલે કે સૌથી ઓછા ટેસ્ટ ગુજરાતમાં થાય છે. ખાસ કરીને દિલ્હીની સાથે ગુજરાતના ટેસ્ટ જોવામાં આવે તો ૧૦ લાખની વસતીએ દિલ્હીમાં ૩૩૦૦૦ અને ગુજરાતમાં માત્ર ૬૩૦૦ ટેસ્ટ થયાં હોવાનો રિપોર્ટ રજૂ કર્યો છે.

કેન્દ્રના રિપોર્ટ પ્રમાણે રાજ્યમાં અત્યાર સુધી ચાર લાખ કરતાં વધુ ટેસ્ટ થયાં છે જે વસતીના પ્રમાણમાં ખૂબ ઓછાં છે. દેશના મોટા રાજ્યોમાં પ્રતિ ૧૦ લાખની વસતીએ સરેરાશ સૌથી વધુ ટેસ્ટ થયાં છે પરંતુ ગુજરાતમાં ખૂબ ઓછા જોવા મળ્યાં છે. આ સરેરાશ પ્રમાણે દિલ્હીમાં ૧૦ લાખની વસતીએ ૩૨૮૬૩ ટેસ્ટ થયાં છે જ્યારે ગુજરાતમાં ૬૨૮૯ ટેસ્ટ થયાં છે. ગુજરાતની વસતી ૬.૭૯ કરોડ છે જેની સામે ૧૦ લાખની વસતીએ માત્ર ૬૨૮૯ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા છે. બીજી તરફ ૧.૯૮ કરોડની વસતી ધરાવતા દિલ્હીમાં કુલ ૬.૪૩ લાખ ટેસ્ટ થયાં છે. દિલ્હીમાં જુલાઈથી પ્રતિદિન ૨૦૦૦૦ જેટલા ટેસ્ટ થાય છે. કેસ વધી રહ્યાં છતાં ટેસ્ટ નહીં ઘટાડનારા રાજ્યોમાં તામિલનાડુનો પણ સમાવેશ થાય છે. ૧૦ લાખની વસતીએ મહારાષ્ટ્ર ૮૯૦૦ સાથે નવમા ક્રમે છે. આ રીતે આસામમાં ૧૩૫૦૦, રાજસ્થાનમાં ૧૨૩૦૦ પંજાબમાં ૧૧૨૦૦, હરિયાણામાં ૧૦૭૦૦, કર્ણાટકમાં ૧૦૫૦૦ કેરળમાં ૭૨૦૦, ઓરિસ્સામાં ૬૫૦૦ છત્તીસગઢમાં ૬૪૦૦ અને ગુજરાતમાં ૬૨૯૮ ટેસ્ટ થયાં છે. જ્યારે પશ્ચિમબંગાળ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઝારખંડ, તેલંગાણા અને બિહારમાં ગુજરાત કરતાં ઓછા ટેસ્ટ થયાં છે.

## ગુજરાતમાં દર કલાકે ૩૦ કેસઃ ૧૦ દિવસથી રોજ ૬૦૦થી વધુ દર્દી

અમદાવાદઃ જુલાઈ મહિનાની શરૂઆતથી જ રાજ્યમાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે. છેલ્લા ૧૦ દિવસથી રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૬૦૦ ને પાર થઈ રહી છે. તેમાં પણ છેલ્લા ત્રણ દિવસથી એટલે કે ચોથી જુલાઈથી છઠ્ઠી જુલાઈના આંકડા જોવામાં આવે તો તેમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૭૦૦ને પાર થઈ રહી છે. છઠ્ઠી જુલાઈના રોજ રાજ્યમાં કોરોનાનાં સૌથી વધારે ૭૩૫ પોઝિટિવ કેસ સામે આવ્યા હતા. આ રીતે જો ગણતરી કરવામાં આવે તો રાજ્યમાં દર કલાકે ૩૦થી વધારે નવા પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે. રાજ્યમાં ૩૦મી જૂન સુધી કોરોના વાયરસના કેસ ૬૦૦ની આસપાસ રહેતા હતા. જે જુલાઈ મહિનો શરૂ થતાં જ કોરોનાને કેસ ૭૦૦ની આસપાસ આવી રહ્યા છે. તેમાં પણ છેલ્લા ત્રણ દિવસથી કોરોના વઈરસના કુલ કેસ ૭૦૦થી વધારે આવી રહ્યા છે. સાથે જ છેલ્લા ત્રણ દિવસથી અમદાવામાં કુલ પોઝિટિવ કેસ ૨૦૦થી નીચે આવી રહ્યા છે. છઠ્ઠી જુલાઈ ની સ્થિતિ કુલ ૩૬,૮૫૮ પોઝિટિવ કેસ સામે આવી ચુક્યા છે. જેમાંથી ૧,૯૬૨ લોકોનાં મોત થયાં છે.

## ૪૧ પોલીસ જવાનો કોરોનાગ્રસ્ત થતાં વડોદરા PTSમાં ૧૦૦ બેડનું કોવિડ સેન્ટર બનાવાશે

વડોદરા- લાલબાગના પોલીસ ટ્રેનિંગ સેન્ટર ખાતે તાલીમી જવાનો કોરોના સંક્રમિત થવાના બનાવોના પગલે પીટીએસમાં જ કોવિડ સેન્ટર ઉભું કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લાલબાગ ખાતે આવેલા પોલીસ ટ્રેનિંગ સેન્ટરમાં છેલ્લા એક મહિનાથી ૪૭૧ લોક રક્ષક જવાનો આઠ મહિનાની તાલીમ લઈ રહ્યા છે. ગયા સપ્તાહમાં કેટલાક જવાનોએ અશક્તિ તેમજ શરદી,ખાંસી અને તાવની ફરિયાદ કરતાં તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો.જેમાં પહેલા દિવસે ૧૯ જવાનોને કોરોના પોઝિટિવ આવ્યો હતો.ત્યારબાદ બીજા જવાનોનો પણ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. કોરોનાથી સંક્રમિત લોક રક્ષક જવાનોની હાલત હાલમાં સ્થિર છે અને તેમને ઓક્સિજનની જરૂર વર્તાઈ નથી.જેના કારણે પોલીસ જવાનો માટે પીટીએસમાં જ ૧૦૦ બેડનું કોવિડ સેન્ટર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.જેનું સુપરવિઝન કોર્પોરેશન અને સિવિલ હોસ્પિટલના ડોકર્ટર્સ કરશે.

## સુરતઃ સમરસ હોસ્ટેલના બી વિંગમાં ૨૭૬ બેડ ઓક્સિજન સાથે ૪૧૬ બેડની હોસ્પિટલ બનશે

સુરત : સુરતમાં કોરોના પોઝીટીવ દર્દીની સંખ્યા સતત વધતી રહેતાં મ્યુનિ. તંત્રે સરથાણા કન્વેશન સેન્ટરમાં ૮૦૦ બેડની કોવિડ હોસ્પિટલ બનાવવા માટેનો તાત્કાલિક નિર્ણય કર્યો હતો. જોકે, કન્વેશન સેન્ટરમાં કામગીરી પુરી થાય તે પહેલાં બ્રેક મારી દેવામાં આવી છે. હાલમાં મ્યુનિ. તંત્ર યુર્નિવસિટીની સમરસ હોસ્ટેલના બી વિંગમાં ૨૭૬ બેડની ઓક્સિજન બેડ સાથે ૪૧૬ બેડની હોસ્પીટલ ઉભી કરવા માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સુરતના સરસાણા ખાતે કન્વેન્શન સેન્ટરમાં ૮૦૦ બેડની હોસ્પિટલ ઉભી કરવી કે નહીં તે મુદ્દે રાજ્ય સરકાર અને સુરત મ્યુનિ. તંત્ર વચ્ચે મડાંગાઠ છે. કન્વેન્સન સેન્ટરમાં એક વાર હોસ્પિટલ બનાવવા માટેનો નિર્ણય બાદ સ્થગિત કરાયો હતો. ત્યાર બાદ હોસ્પિટલની જરૂરત હોવાનું જણાવીને તાત્કાલિક સ્થાયી સમિતિ એ સામન્ય સભામાં કન્વેશન સેન્ટર ખાતે ૮૦૦ બેડની હોસ્પીટલ બનાવવા માટેનો નિર્ણય કરાયો હતો.

## કચ્છમાં વધુ ૧૪ કેસ સાથે કોરોનાની બેવડી સદીઃ અબડાસા નવું હોટસ્પોટ

ભુજઃ સરહદી કચ્છમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના સંક્રમણનો વધુ એક વિસ્ફોટ થયો છે. જિલ્લામાં બુધવારે એકસાથે ૧૪ જેટલા પોઝીટીવ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. આજે નોંધાયેલાં ૧૪ કેસમાં આઠ કેસ અબડાસાના, ત્રણ કેસ સીમાવર્તી લખપતના અને બાકીના એક-એક કેસ માંડવી, ભચાઉ અને નખત્રાણાના છે. અબડાસામાં તાજેતરમાં કોરોના પોઝીટીવ જાહેર થયેલાં કાર ડ્રાઈવર યુવકના સંપર્કમાં આવનારાં વધુ સાત જણાં કોરોનાની ઝપટમાં આવી ગયાં છે. ગઈકાલે પણ આ યુવકના સંપર્કમાં આવેલાં ૭ લોકોના રીપોર્ટ પોઝીટીવ આવ્યાં હતા. એક જ કોરોના સંક્રમિતને કારણે અત્યાર સુધીમાં ૧૩ જણ કોરોના સંક્રમિત બન્યાં છે. કચ્છમાં વધુ ૧૪ કેસ સાથે કચ્છના કુલ કોરોનાગ્રસ્ત દર્દીનો આંકડો ૨૧૦ પર પહોંચી ગયો છે. જે પૈકી અત્યારસુધી ૧૨૭ દર્દી સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. જ્યારે નવ દર્દીના મોત નીપજી ચૂક્યાં છે. હાલ જિલ્લામાં એક્ટિવ પોઝીટીવ કેસની સંખ્યા ૭૪ છે. દરમિયાન કોરોના હોટસ્પોટ સમા મહારાષ્ટ્રથી અબડાસાના દદામાપર ગામે આવેલા ૮૫ વર્ષિય લક્ષ્મીબેન ભાનુશાલી નામની મહિલાનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, ગત ૨૧ માર્ચે લખપતના આશાલડીની મહિલાની કોરોનાના પ્રથમ દર્દી તરીકે ઓળખ થઈ હતી. પ્રથમ કેસથી લઈ ૧૨મી જૂન સુધીમાં ૮૩ દિવસમાં કોરોનાના ૯૯ કેસ નોંધાયાં હતા. જ્યારે ૧૨ જૂનથી આજના ૭ જૂલાઈ સુધીના ૨૫ દિવસમાં જ કોરોનાના વધુ ૧૧૧ કેસ નોંધાયાં છે.

## મણિનગર ગાદી સંસ્થાનના આચાર્ય પીપી સ્વામીને ફેફસામાં ઈન્ફેક્શન વધ્યું

અમદાવાદ- અમદાવાદના મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજનું સ્વાસ્થ્ય કોરોના સંક્રમણને કારણે વધુ કથળ્યું છે. છેલ્લા ૧૦ દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા આચાર્ય સ્વામીજી મહારાજને ફેફસાંની તકલીફ વધવાને કારણે વેન્ટિલેટરના સપોર્ટ પર મૂકવામાં આવેલા છે. 'સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજને છેલ્લા ૧૦ દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. તેમની તબિયતમાં ફેફસાની તકલીફ વધવાને કારણે તેમને વેન્ટિલેટરના સપોર્ટ પર મૂકવામાં આવ્યા છે.

## ગુજરાતના બે પ્રધાનને કોરોનાઃ વધુ બે ધારાસભ્યોને પણ ચેપ

ગાંધીનગરઃ ગુજરાતના રાજ્ય કક્ષાના વન પ્રધાન રમણલાલ પાટકર અને સુરત કામરેજના ધારાસભ્ય વી.ડી. ઝાલાવાડીયાને કોરોના પોઝિટિવ આવ્યો હતો. પાટકરને કોરોના પોઝિટિવ આવતા ફરી એકવાર સરકાર અને સચિવાલયમાં દોડધામ મચી ગઈ હતી. માનવામાં આવે છે કે, રાજ્યના મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન પણ મંત્રી પાટકરને મળ્યા હતા. બીજી બાજુ સુરતના કામરેજના ધારાસભ્ય ઝાલાવાડીયાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને ઘરે જ સારવાર આપવામાં આવી રહી છે. કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા કોર્પોરેશનની ટીમ દોડતી થઈ છે.ઝાલાવાડિયાના પોઝિટિવ રિપોર્ટને કારણે રાજ્ય સરકારની ચિંતા પણ વધી ગઈ છે. કારણ કે ગત શનિવારે મુખ્ય પ્રધાન વિજય રૂપાણી તેમજ નાયબ મુખ્ય પ્રધાન નિતિન પટેલ અને અન્ય અધિકારીઓ સાથેની બેઠકમાં પણ તેઓ હાજર રહ્યા હતા. વધુમાં વાવના કોંગી ધારાસભ્ય ગેની બેન પણ કોરોનાથી સંક્રમિત થયા હોવાની વાતને પુષ્ટિ મળી છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## અનેક અભિનેતા અભિનેત્રીને ડાન્સ થકી સફળ બનાવનાર સરોજખાનની દુનિયાને અલવિદા

# સરોજ ખાન : બોલીવૂડનાં એક માત્ર સેલિબ્રિટી કોરીયોગ્રાફર

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ચાલુ વર્ષે ભારતીય ફિલ્મ જગતના ત્રણેક સિતારાઓ બાદ ગત શુક્રવારે હિન્દી ફિલ્મોનાં જાણીતા કોરિયોગ્રાફર સરોજ ખાને પણ આ ફાની દુનિયાને અલવિદા કહી દીધી. સામાન્ય સંજોગોમાં બોલીવૂડમાં હીરો કે હિરોઈનને કંઈ થાય તો મોટા સમાચાર બને છે જ્યારે પડદા પાછળ રહીને કામ કરનારાની બહુ નોંધ નથી લેવાતી. એ લોકો ગુજરી જાય ત્યારે બહુ ટૂંકાણમાં સમાચાર આપી દેવાય છે.

જો કે, સરોજ ખાનના કિસ્સામાં એવું ના થયું અને દરેક મીડિયાએ તેની નોંધ લીધી. ટીવી ચેનલો અને વેબસાઈટ્સે તો સરોજ ખાનના મોતના સમાચાર લીધા જ પણ સોશિયલ મીડિયા પર પણ સરોજ ખાન વિશે ઘણું બધું લખાયું.

સરોજ ખાને ક્યાં ગીતોની કોરીયોગ્રાફી કરી હતી એ પૂછો તો ઘણાં માથું ખંજવાળશે. આમ છતાં ફિલ્મોમાં કોરીયોગ્રાફીની વાત નીકળે કે તરત સરોજ ખાનનું નામ યાદ આવે. આ સેલિબ્રિટી સ્ટેટસ બહુ ઓછાં લોકોને મળે છે. સરોજ ખાનની નામના ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકાની બે સૌથી સફળ હિરોઈનોની કારકિર્દી બનાવવામાં આપેલા યોગદાનના કારણે છે. શ્રીદેવી અને માધુરી દિક્ષીત બંને અભિનેત્રી તરીકે એવી જોરદાર નહોતી. પણ પોતાના ડાન્સના જોરે બંનેને અધધધ કહેવાય એવી સફળતા મળી. શ્રીદેવીએ મિસ્ટર ઈન્ડિયા, નગીના જેવી ફિલ્મો દ્વારા જબરદસ્ત સ્ટારડમ મેળવ્યું. શ્રીદેવી આ ફિલ્મો પહેલાં પણ સફળ અભિનેત્રી ગણાતી જ હતી. જ્યારે માધુરી દિક્ષીતનો તો ઉદય જ તેઝાબના એક દો તીન... ગીતથી થયો. સરોજ ખાનના સ્પર્શે, તેમની કોરીયોગ્રાફીએ શ્રીદેવી અને માધુરી બંનેને સફળતા અપપાવી.

આ સાથે જ સરોજ ખાનને પણ કદી ના ભૂંસાય એવું સ્ટેટસ આપી દીધું. હિન્દી ફિલ્મોમાં સરોજ ખાન પહેલાં પોતાની જબરદસ્ત છાપ છોડીને ગયા હોય કે જેમના ડાન્સના જોરે સ્ટાર પેદા થયા હોય એવા સફળ કોરીયોગ્રાફર નહોતા આવ્યા એવું નથી. હર્મન બેન્જામિનથી માંડીને પી.એલ. રાજ સુધીના એવા કોરીયોગ્રાફર આવ્યા જ કે જેમના ડાન્સે લોકોને ખુશ કરી દીધા અને સ્ટાર પણ પેદા કર્યા. હિન્દી ફિલ્મોમાં ધમાકેદાર ડાન્સર તરીકે સૌથી પહેલાં પ્રસિદ્ધ થયેલો સ્ટાર શમ્મી કપૂર હતો. શમ્મી કપૂર સફળ થયો તેમાં તેના ડાન્સનું યોગદાન બહુ મોટું હતું. શમ્મી પહેલાંના હીરો ઝાડની આગળ પાછળ ફરીને કે પછી પિયાનો પર બેસીને ગીત ગાતા. શમ્મીએ એ સીનારિયો બદલી નાંખ્યો. શંકર-જયકિશન અને ઓ.પી.નૈયરના થીરકવા માંડીએ એવા મ્યુઝિક પર શમ્મીએ દિલથી ડાન્સ કર્યા અને એ ડાન્સ જોઈને દર્શકો ડોલી ઊઠતા. શમ્મી કપૂરને ડાન્સ કરતો જોઈને આજે પણ ખુશ થઈ જવાય. મોટાભાગના લોકો એવું માને છે કે, શમ્મી કપૂર મનફાવે એ રીતે ડાન્સ કરતા અને એ જ તેની ડાન્સ મૂવ બની જતી પણ એવું નથી. શમ્મીને અલગ જ અંદાજના ડાન્સર તરીકે હર્મને સ્થાપિત કરેલો. દિલ દે કે દેખો, જાનવર, બ્રહ્મચારી, તીસરી મંઝિલ વગેરે ફિલ્મોમાં હર્મન કોરીયોગ્રાફર હતા. હર્મન એ જમાનામાં મોટું નામ હતું. હર્મનની સાથે સાથે પી.એલ. રાજે પણ શમ્મીને ડાન્સિંગ સ્ટાર તરીકે સ્થાપિત કરવામાં મોટું યોગદાન આપેલું. જંગલી, પ્રોફેસર વગેરે શમ્મીની ફિલ્મોમાં રાજ કોરીયોગ્રાફર હતા. પી.એલ. રાજનું મૂળ નામ દેવરાજ પીટર લુઈસ હતું પણ એ પી.એલ. રાજ તરીકે વધારે જાણીતા થયા. રાજે તો અમિતાભ બચ્ચનની આગવી ડાન્સ સ્ટાઈલ સાથેનાં ગીતો પણ બનાવ્યાં છે. ડોન, લાવારિસ, કાલિયા વગેરે અમિતાભના જોવા ગમે એવા ડાન્સવાલી ફિલ્મોના કોરીયોગ્રાફ તરીકે પી.એલ. રાજ હતા. હિન્દી ફિલ્મોમાં હેલન જેવી બીજી ડાન્સર આવી નથી. તેનાં મોટાભાગના સફળ ગીતોના કોરીયોગ્રાફર પી.એલ. રાજ છે. સૂર્યકુમાર અને ક્રિશનકુમાર એ બે ભાઈઓ પણ એક જમાનામાં હિન્દી ફિલ્મોમાં મોટાં નામ ગણાતા. સંધ્યાના અદ્‌ભૂત ડાન્સ ધરાવતી વી. શાંતારામની ફિલ્મ નવરંગના કોરીયોગ્રાફર શ્યામ કુમાર પણ મોટું નામ હતું. ગોપીકૃષ્ણ, બિરજુ મહારાજ, લચ્છુ મહારાજ જેવા શાસ્ત્રીય સંગીતના ધુરંધરોએ પણ ફિલ્મોમાં કોરીયોગ્રાફ તરીકે કામ કર્યું અને છાપ છોડી છે. અનેક લોકોએ કોરીયોગ્રાફર તરીકે નામના મેળવી પણ સરોજ ખાનની જેમ કોઈ કોરીયોગ્રાફર સેલિબ્રિટી ના બની શક્યા. બલકે સરોજ ખાન પછી પણ કોઈ કોરીયોગ્રાફ તેમના જેવી નામના અને સ્ટેટસ ના મેળવી શક્યાં. સરોજ ખાન પછી તેમના કરતાં પણ જોરદાર ગીતો આપનારા અને તેમના કરતાં પણ વધારે સફળ ઘણા કોરીયોગ્રાફ આવ્યાં પણ સરોજ ખાન જેવી નામના કે સન્માન બીજા કોઈને નથી મળ્યું એ હકીકત છે.

ફરાહ ખાન, ચિન્ની પ્રકાશ, રેખા પ્રકાશ વગેરે સફળ થયાં પણ સરોજ ખાન જેવો મોભો તેમને ના મળ્યો. સરોજ ખાનની જીવન કથા પણ કોઈ ફિલ્મી સ્ટોરીથી કમ નથી. સરોજ ખાનનું મૂળ નામ તો નિર્મલા નાગપાલ હતું અને એ ભાગલા વખતે પંજાબથી ભાગીને આવેલા નિરાશ્રિત પરિવારની દીકરી હતાં. તેમના પિતા કિશનચંદ સંધુ અને માતા નોની સિંહ ભાગીને આવ્યા બાદ મુંબઈ સ્થાયી થયેલાં. સરોજ ખાન આઝાદી પછી જન્મયા હતા. બહું નાની ઉંમરે તે ફિલ્મોમાં આવી ગયેલાં. નઝરાના ફિલ્મમાં એ જમાનાની મોટી હિરોઈન મનાતી શ્યામાના બાળપણનો રોલ કરીને તેમણે કારકિર્દી શરૂ કરેલી. એ પછી નાના-નાના રોલ મળતા અને પછી બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે કામ કરવા માંડ્યાં. ફિલ્મોમાં કોરીયોગ્રાફર તરીકે કામ કરતા બી. સોહનલાલના પરિચયમાં આવ્યા પછી તેમના હાથ નીચે ડાન્સ શીખવા માંડ્યાં અને તેમના પ્રેમમાં પણ પડી ગયેલાં. સોહનલાલ સરોજથી ૩૦ વર્ષ મોટા હતા અને ચાર સંતાનોના પિતા હતા પણ પ્રેમ એ બધું જોતો નથી. સરોજને પણ એ બધું ના દેખાયું અને ૧૩ વર્ષની વયે એ સોહનલાલને પરણી પણ ગયાં. એક વરસ પછી સંતાનને જન્મ આપીને માતા પણ બની ગયાં. જો કે આ લગ્નજીવન લાંબું ના ચાલ્યું અને ચાર વરસ પછી બંને છૂટાં પડી ગયાં. સરોજ એ વખતે ફિલ્મોમાં સ્વતંત્ર કોરીયોગ્રાફર તરીકે કામ કરવા મથતાં હતાં. ૧૯૭૪મા સાધનાની ગીતા મેરા નામ ફિલ્મથી બ્રેક પણ મળેલો પણ બહુ સફળતા નહોતી મળી. દરમિયાનમાં એ સરદાર રોશન ખાન નામના બિઝનેસમેનના પરિચયમાં આવ્યાં. જે બાદ ૧૯૭૫માં તેમને પરણી ગયાં. સરોજને લગ્ન પછી દીકરીના રૂપમાં ભેટ મળી પણ સફળતા ના મળી. સરોજ ખાનને લોકો સફળ કોરીયોગ્રાફ તરીકે ઓળખે છે પણ એ સફળતા માટે સરોજે અપાર ધીરજ રાખવી પડી. પહેલી ફિલ્મ ૧૯૭૪માં મળી પછી એક દાયકાથી વધારે રાહ જોવી પડી. મિસ્ટર ઈન્ડિયા ૧૯૮૫માં આવી અને તેમાં સરોજ ખાને શ્રીદેવી પાસે કહતે હૈં મુઝ કો હવા હવાઈ ગીત પર જે ડાન્સ કરાવ્યો તેણે લોકોને ગાંડા કરી મુક્યા હતા.

મિસ્ટર ઈન્ડિયાનાં બધાં ગીતોમાં શ્રીદેવી બરાબર ખિલી, તેનો જશ સરોજને જતો હતો. નગીનાના મૈં તેરી દુશ્મન ગીતે પણ શ્રીદેવીને જોરદાર સફળતા અપાવી. માધુરીની તો ઓળખ આજેય તેઝાબના એક દો તીન.... અને બેટાનું ધક ધક કરને લગા ગીતોના કારણે છે. આ બંને ગીતોની કોરીયોગ્રાફી સરોજ ખાનની હતી.

જો કે, સરોજ ખાનની કારકિર્દીને કે તેમના યોગદાનના માત્ર શ્રીદેવી કે માધુરીના પાંચ-સાત જોરદાર સફળ ગીતોના આધારે ના મૂલવી શકાય. સરોજે બીજા પણ ઘણાં યાદગાર ગીતો આપ્યાં છે. ઐશ્વર્યાનાં ઘણાં અદ્‌ભૂત ગીતો સરોજ ખાનનાં છે. તાલ, હમ દિલ દે ચૂકે સનમ, દેવદાસ અને દમ મારો દમ મારો, મસ્ત મસ્ત જેવું અદ્‌ભૂત ડાન્સવાળી ફિલ્મ ગુરુ સરોજ ખાનની દેન છે. કરીનાને મસ્ત અંદાજમાં રજૂ કરતી જબ વી મેટનાં ગીતોનાં કોરીયોગ્રાફર પણ સરોજ ખાન હતાં.

રવિનાના યાગદાર તુ ચીઝ બડી હે મસ્ત મસ્ત પણ સરોજે કોરીયોગ્રાફ કર્યું હતુ. આ વર્ષે બોલીવુડના ઈરફાન ખાન, રિષી કપુર જેવા કલાકારો બાદ હવે સરોજખાને પણ દુનિયાને અલવિદા કહી દીધી છે.



**માધુરી અને શ્રીદેવી જેવી ૧૯૮૦થી ૯૦ સુધીના દાયકાની સફળ હિરોઈનની પાછળ સરોજ ખાનનું પણ મહત્વનું યોગદાન છે. આ ઉપરાંત એશ્વર્યા અને કરિના પણ જે ગીતોથી સુપરહિટ થઈ તેની કોરિયોગ્રાફી સરોજખાને જ કરી હતી**

# શોલેના 'સુરમા ભોપાલી'
## જગદીપની ફાની દુનિયાને અલવિદા



મુંબઈઃ ૨૦૨૦ના વર્ષમાં આપણે બોલિવૂડના અનેક સિતારાઓન ગુમાવી ચૂક્યા છે. તેવામાં બુધવારે બોલિવૂડથી વધુ એક માઠા સમાચાર સામે આવ્યા છે. બોલિવૂડના લેજેન્ડરી એક્ટર અને કોમેડિયન જગદીપનું ૮૧ વર્ષની વયે નિધન થયું છે. વધતી ઉંમર સાથેની બીમારીઓને કારણે તેઓનું અવસાન થયું છે. તેમ નું અસલી નામ સૈયદ ઈશ્તિયાક અહમદ જાફરી હતું. તેઓનો જન્મ ૨૯ માર્ચ ૧૯૨૯ના રોજ થયો હતો. જગદીપે ૪૦૦થી પણ વધારે ફિલ્મોમાં કામ કર્યું હતું. તે વર્ષ ૧૯૭૫માં મશહૂર ફિલ્મ શોલેમાં સુરમા ભોપાલીના કિરદાર થકી ખુબ જ ચર્ચામાં આવ્યા હતા.

આ ઉપરાંત ફિલ્મ પુરાના મંદિરમાં મચ્છરનો રોલ અને ફિલ્મ અંદાજ અપના અપનામાં સલમાન ખાનના પિતાના રોલમાં પણ તેઓએ દર્શકોને જબરદસ્ત મનોરંજન પુરૂ પાડ્યું હતું. તેઓએ એક ફિલ્મમાં નિર્દેશન પણ કર્યું હતું જેનું નામ સુરમા ભોપાલી હતું. આ ફિલ્મમાં લીડ રોલ પણ તેઓએ નિભાવ્યો હતો.

જગદીપે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની કેરિયરની શરૂઆત ૧૯૫૧માં બીઆર ચોપડાની ફિલ્મ અફસાનાથી કરી હતી. આ ફિલ્મમાં જગદીપે એક બાળ કલાકાર તરીકે કામ કર્યું હતું. જે બાજ પણ તેઓએ અનેક ફિલ્મોમાં ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કામ કર્યું હતું, જેમાં ગુરુ દત્તની આર પાર, બિમલ રોયની દો બીઘા જમીન જેવી શાનદાર ફિલ્મો પણ સામેલ છે. ફિલ્મ હમ પંછી એક ડાલ કે માં પણ તેઓનાં કામનાં વખાણ થયા હતા. અને ભારતનાં પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ પણ જગદીપના વખાણ કર્યા હતા. જગદીપના પુત્ર જાવેદ જાફરી અને નાવેદ જાફરી પણ એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલાં છે. છેલ્લા ૩ મહિનામાં બોલિવૂડના પાંચ સિતારાઓ આ દુનિયાને અલવિદા કહી ચૂક્યા છે. એપ્રિલ મહિનામાં ઈરફાન ખાન અને ઋષિ કપૂરનું અવસાન થયું હતું. જે બાદ જુન મહિનામાં સુશાંત સિંહ રાજપૂતે આત્મહત્યા કરી લીધી હતી. અને થોડા દિવસો પહેલાં જ કોરિયોગ્રાફર સરોઝ ખાનનું નિધન થયું હતું.


PayLessTravel
Fly Well . . . Pay Less
વિમાની સેવાના બુકીંગ માટે એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ



Call for all your Air Travel Services

- Lowest Prices for Ahmedabad, Vadodara, Mumbai, Delhi
- Call Once Before Booking Online
- Best Service
- We sell Travel Insurance

Call US for the Lowest Fares Coming India to Canada Also

Please Call
905 281 2627

Address : 100 Matheson Blvd. East, Unit-203, Mississauga, ON. L4Z 2G7

British Airways | Air India | KLM Royal Dutch Airlines | Emirates | Qatar Airways | Air Canada
Tico # 50015262 tico.ca Travel Industry Council of Ontario



MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.century21.ca/niraj.pancholi
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience
Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

| | | |
|---|---|---|
| **29 ROOM MOTEL – Hwy 11, Near Cochrane**<br>With huge 5 BR house, year round business, busy in winter &summer, only motel in town, no competition. City water & sewer.<br>Gross Rev: about $350K<br>Asking Price: $1,100,000 | **18 ROOM MOTEL – Near Pembroke**<br>With 3 BR house, spent over $150K in room renovation, no competition, located near Pembroke, about 4 hrs form Toronto and 1.5 hrs form Ottawa<br>Asking Price: $799,000 | **12 ROOM MOETL – Near North Bay**<br>With 3 BR house, updated rooms, very well maintained, located within town with city water & sewer, close to all amenities.<br>Asking Price: $849,000 |
| **OTHER MOTELS FOR SALE**<br>@ Near Niagara Falls - $2.2 M to $5M<br>@ Near London, Sarnia - $900K to 2M<br>@ Near Owen Sound/Tobermory - $1M to $2.5M<br>**OTHER FRANCHISE MOTELS FOR SALE**<br>Call for more info. | **40+ ROOM MOTEL** 4 HRS East $2.2M<br>**40+ ROOM MOTEL** Northern Ontario - $ 1.3M<br>**27 ROOM MOTEL** Thunder Bay $2.1M<br>**60+ ROOM MOTEL** Thunder Bay $2.3M | **12 ROOM MOTEL** Hwy 7, Near Peterborough<br>Asking Price: $750,000<br>**COMFORT INN NEAR GTA**<br>Principal buyers to sign confidentiality & BRA<br>Min $3M provable down payment require |
| **PRINCIPAL BUYES ONLY**: to sign confidentiality agreement on particular motels.<br>**Due to COVID-19:** Getting loan is tough, call for down payment requirements & mortgage options. | **MOTELS on Hwy 17, Sudbury to Sault Ste Marie**<br>@14 ROOM & REST VTB available Asking $699K<br>@30+ROOM VTB available Asking $2M<br>Other Motels also available on same road | **FRANCHISE MOTELS & HOTELS FOR SALE**<br>@ 40+ ROOM MOTEL North Ontario - $3.8M<br>@ 70+ ROOM MOTEL 3 Hrs - $4.5M<br>@ 50+ ROOM MOTEL 3 Hrs - $4.5M<br>@ 60+ ROOM MOTEL 6 Hrs North - $3.5M |

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke

# ૧ ૨ જળાશય છલકાયાં : ૧૩માં ૯૦ ટકા પાણીનો સંગ્રહ

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા પાંચ દિવસથી ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રમાં મેઘરાજા અવિરત વરસી રહ્યાં છે. ખાસ કરીને ચારેક દિવસથી સૌરાષ્ટ્રમાં બારે મેઘ ખાંગા થયા હોય તે રીતે વરસાદ પડી રહ્યો છે. જામનગર, દેવભૂમિ દ્વારકા, અમરેલી, જૂનાગઢ, પોરબંદર અને રાજકોટમાં અતિભારે વરસાદ પડ્યો છે. સતત મેઘાવી મહેરના કારણે સૌરાષ્ટ્રના જળાશયોમાં નવાં નીર આવ્યાં છે. હજુ ચોમાસું બેઠ્યાંને ૨૦ જ દિવસ થયાં છે ત્યાં સૌરાષ્ટ્રના ૩૬ ડેમમાં પાણીની ભારે આવક જોવા મળી છે. તેમાંથી પણ ૧૨ ડેમ ૧૦૦ ટકા, ૧૩ ડેમ ૯૦ ટકા અને ૧૧ ડેમ ૮૦થી ૯૦ ટકા સુધી ભરાયા છે. જળ સંપત્તિ વિભાગની વેબસાઈટમાં રજૂ કરવામાં આવતી દૈનિક જળાશયોના લેવલની યાદીમાં ૩૬ ડેમમાંથી ૨૫ ડેમમાં પાણીનું લેવલ ૯૦ ટકથી વધુ હોવાથી તેને



હાઈએલર્ટ જાહેર કરાયા છે. જ્યારે ૧૧ ડેમને એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

એક તરફ સૌરાષ્ટ્રમાં સતત પડી રહેલા અતિભારે વરસાદના કારણે અનેક ગામોમાં પૂર જેવી સ્થિતિ છે. નદીઓ ગાંડીતૂર બની છે. ચોમાસાની શરૂઆતમાં જ જળાશયોમાં ૮૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે.ખંભાળિયામાં મંગળવારે વધુ ચાર ઈંચથી વધુ વરસાદના પગલે સસોઈ ડેમ અને રણજીતસાગર ડેમ ઓવરફ્લો થયા છે. ભારે વરસાદના કારણે ડેમોમાં નવાં નીરની આવક થઈ છે. જેથી ડેમના દરવાજા એક ફૂટ જેટલા ખોલવામાં આવ્યાં છે. ન્યારી ડેમ-૨ સતત બીજા દિવસે ઓવરફ્લો થયું છે અને ડેમના દરવાજા ખોલવામાં આવ્યાં છે. ડેમના દરવાજા ખોલવામાં આવતાં રંગપર, સરપદડ અને પડધરી સહિતના ગામોમાં એલર્ટ આપવામાં આવ્યું છે. જૂનાગઢ પંથકમાં સતત વરસાદને પગલે નરસિંહ મહેતા સરોવર છલકાયું છે. ઉપરવાસમાં ધોધમાર વરસાદ પડતા પાણીની સતત આવક થતાં આ તળાવ ઓવરફ્લો થયું છે. એકધારા વરસાદને લીધે દક્ષિણ સૌરાષ્ટ્રની તમામ નદીઓ જીવંત થઈ ઊઠી છે અને તમામ જળાશયોમાં પાણીની આવક થવા લાગી છે.

## સૌરાષ્ટ્રમાં ૪૯ %, અને કચ્છમાં ૫૧% વરસાદ

ઉત્તર ગુજરાત, પૂર્વ ગુજરાતના કેટલાક જિલ્લાઓને બાદ કરતા સમગ્ર રાજ્યમાં મંગળવારે પણ મેઘમહેર યથાવત રહી હતી. રાજ્યના ૧૩ જિલ્લામાં ૧થી ૮ ઇંચ સુધી વરસાદ નોંધાયો હતો. જામનગરમાં સૌથી વધુ ૮ ઇંચ તો દેવભૂમિ દ્વારકામાં ૪ ઇંચ વરસાદ નોંધાયો હતો. જામનગર જિલ્લાના કાલાવાડ તાલુકામાં ૧૫ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકામાં ૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો કુલ ૨૫ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જ્યારે સૌરાષ્ટ્રમાં ૪૯%, કચ્છમાં ૫૧%, મધ્ય ગુજરાતમાં ૧૬% , દક્ષિણ ગુજરાતમાં ૧૭ % જ્યારે ઉત્તર ગુજરાતમાં સિઝનનો કુલ ૧૪ % વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

# દ્વારકામાં મેઘાનું તોફાન, પુલ તૂટ્યા, રસ્તાઓ ધોવાયા અને નદીઓમાં પૂર

દ્વારકા : દેવભૂમિ દ્વારકામાં મેઘરાજાએ તારાજી સર્જી છે. દેવભૂમિ દ્વારકામાં છેલ્લા ચાર દિવસથી ભારે વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાયા છે. વરસાદના વિરામ બાદ દ્વારકામાં તારાજીના દ્રશ્યો સામે આવ્યા છે. તો કેટલીક જગ્યાએ પુલ તુટવાની ઘટના પણ સામે આવી છે. જી હા ખંભાળિયાના આંબલા-નાના માંઢા પરનો પુલ ભારે વરસાદના પગલે તુટવાથી લોકોને હાલાકી પડી રહી છે. પુલ તુટવાના પગલે અવર જવર બંધ થઈ જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તો સાથે સાથે ભારે વરસાદના પગલે વિવિધ નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. તો સાથે નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત સાથે સાથે સમગ્ર ગુજરાતભરમાં મેઘરાજાએ માજા મુકી છે. ત્યારે ખાસ કરીને દ્રારકા અને તેના આસપાસના વિસ્તારમાં ભારે વરસાદ પડતા ઠેર-ઠેર પાણી ભરાતા ગામ જાણે નદીમાં ફેરવાઈ ગયા હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. ખંભાળિયા સહિત વિવિધ ગામોમાં સતત ચાર દિવસથી ધોધમાર વરસાદ વરસતા લોકોને ભારે મુશ્કેલી સર્જાઈ છે.

# વડોદરાના પૂર્વ પીઆઈ, પીએસઆઈ સહિત ચાર સામે મનુષ્ય વધનો ગુનો

- તેલંગાણાના વૃધ્ધને યાતના આપી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો

વડોદરાઃ ફતેગંજ પોલીસ મથકમાં ૬ મહિના પહેલા શંકાના આધારે લવાયેલા તેલંગાણાના વૃધ્ધને યાતના આપી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ એસીપીની તપાસમાં થયો છે. આ ચકચારી કેસમાં મંગળવારે તત્કાલીન પીઆઈ, પીએસઆઈ અને ચાર લોકરક્ષક વિરુદ્ધ તેમના જ પોલીસ મથકમાં મનુષ્ય વધનો ગુનો દાખલ થતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. આરોપીઓને પકડી તેમના નાર્કોટેસ્ટ કરાવામાં આવે તેવી પણ શક્યતાઓ છે.

ફતેગંજ પોલીસ મથકના તત્કાલીન પીએસઆઈ ડી.એમ.રબારી, લોકરક્ષક પંકજ માવજીભાઈ, લોકરક્ષક યોગેન્દ્રસિંહ જીલણસિંહ, લોકરક્ષક રાજેશ સવજીભાઈ અને લોકરક્ષક હિતેશ શંભુભાઈ તા. ૧૦ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ફુલવાડી ચોક નજીકથી ચોરીની શંકાને આધારે શેખ બાબુ શેખ (ઉં.વ.૬૫. મૂળ રહે, તેલંગાણા)ને પકડી પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. તેમને પોલીસ સ્ટેશનમાં નીચેના ભાગે આવેલા કોમ્પ્યુટર રૂમમાં પુછપરછ માટે રાખ્યા હતા. શેખ બાબુ શેખ જે વિસ્તારમાંથી શકમંદ હાલતમાં મળ્યા હતા, ત્યાંના પ્રમુખ સ્વામી વિભાગ -૨ ફ્લેટમાં રહેતાં સતીષ લાલજીભાઈ ઠક્કરના ઘરમાં ચોરીનો પ્રયાસ થયો હતો. ફતેગંજના તત્કાલીન પીઆઈ ડી.બી.ગોહિલ અને ડિસ્ટાફના માણસોએ શેખ બાબુ શેખની પુછપરછ કરી હતી. શેખ બાબુ શેખને એક ખુરશી પર પટ્ટા તથા દોરડાથી હલનચલન ન કરી શકે તેવી રીતે બાંધીને સખત ટોર્ચર કરી માર મારવામાં આવ્યો હતો.

# જીએસટીમાં ધાંધિયાઃ રાજ્ય સરકારનાં રૂ. ૧૦,૫૦૦ કરોડનાં લેણાં રહી ગયા

ગાંધીનગર : કેન્દ્ર સરકાર ગુજરાતને જીએસટી વળતર ચૂકવવામાં ધાંધિયા કરી રહી છે. આ નાણાકીય વર્ષમાં જીએસટી વળતરનો એક પણ હપ્તો એણે નહીં ચૂકવતાં ગુજરાત સરકારના જીએસટી વળતરમાં રૂ. ૧૦,૫૦૦ કરોડનાં લેણાં ચડી ગયા છે. આમાં રૂ. ૧,૧૦૦ કરોડના લેણાં ૨૦૧૯-૨૦નાં બાકી બોલે છે.

સૂત્રો કહે છે કે, જીએસટી વળતર લેવાનું ગત ડિસેમ્બરથી બાકી હતું, જેમાં કેન્દ્ર સરકારે રૂ. ૧,૧૬૧૬ કરોડ અને રૂ. ૩,૧૧૦ કરોડ એમ બે હપ્તામાં ચૂકવ્યાં છે, હવે ૨૦૧૯-૨૦ પેટે રૂ.




૧,૧૦૦ કરોડ લેવાના બાકી રહે છે.

આ નાણાકીય વર્ષના જીએસટીના લેણાંનો એકેય હપ્તો કેન્દ્રએ ચૂકવ્યો છે. વાર્ષિક ૧૪ ટકાના ગ્રોથ પ્રમાણે આ વર્ષે રાજ્યની તિજોરીમાં મહિને રૂ. ૪,૬૩૦ રોડ લેખે વર્ષે કુલ રૂ. ૫૫,૫૬૦ કરોડની જીએસટી આવક આવવાપાત્ર છે. મતલબ કે આનાથી ઓછી આવક થાય તો તેટલી રકમ કેન્દ્ર સરકાર આપવા બંધાયેલી છે. રાજ્યની તિજોરીમાં એપ્રિલમાં રૂ. ૪,૧૦૦ કરોડ, મેમાં રૂ. ૩,૧૦૦ કરોડ તથા જૂનમાં રૂ. ૨,૨૦૦ કરોડ જીએસટી આવક પેટે ઓછા જમા આવ્યા છે. એટલે આ ત્રણ મહિનાના વળતર પેટે રાજ્યને કુલ રૂ. ૯,૪૦૦ કરોડ કેન્દ્ર સરકાર પાસેથી લેવાના નીકળે છે. જોકે કૂવામાંથી નથી નીકળતું તો હવાડામાંથી ક્યાંથી આવશે. કોવિડ-૧૯ અને લોકડાઉનને કારણે રાજ્યો તરફથી આવક જ ઓછી થઈ રહી છે ત્યારે કેન્દ્ર સરકાર પણ તેના

# આત્મનિર્ભર બનવામાં ગુજરાત નવો રાહ ચીંધશેઃ નીતિન પટેલ

- ગુજરાત સરકારે પણ ૧૪ હજાર કરોડનું આત્મનિર્ભર પેકેજ જાહેર કર્યુ

અમદાવાદઃ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના આત્મનિર્ભર ભારતના લક્ષને પહોંચી વળવા માટે ગુજરાત સમગ્ર દેશને નવો રાહ ચીંધશે. દેશભરમાં આર્થિક પ્રવૃત્તિઓ ધમધમતી થાય તે માટે કેન્દ્ર સરકારે રૂા.૨૦ લાખ કરોડનું આર્થિક પેકેજ જાહેર કર્યુ છે જેનો મહત્તમ લાભ ગુજરાત મેળવી રહ્યુ છે. રાજ્યના વેપારીઓ, નાના-મધ્યમ ઉધોગગૃહ સહિત લોકોને સહાયરૂપ થવા ગુજરાત સરકારે પણ ૧૪ હજાર કરોડનું આત્મનિર્ભર પેકેજ જાહેર કર્યુ છે જેના લાભો લાખો નાગરિકોને મળતા થયા છે અને ગુજરાત હવે પુનઃ ધમધમતુ થયું છે એવું નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે જણાવ્યું હતુ. મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના એઠોર ખાતે ૪૭ હેક્ટરમાં નવનિર્મિત જી.આઇ.ડી.સી.માં ઉધોગકારોને પ્લોટની ડ્રો દ્વારા ગાંધીનગર ખાતેથી ફાળવણી કરવાના પ્રસંગે પટેલે વધુમાં કહ્યું હતુ કે, કોવિડ-૧૯ની પરિસ્થિતિ બાદ રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિઓ વેગવાન થાય એ માટે રાજ્ય સરકારે અનેકવિધ પ્રયાસો હાથ ધર્યા છે ત્યારે આ દિશામાં આ જી.આઇ.ડી.સી. એક નક્કર કદમ સાબિત થશે.

# ત્રણ મહિનાથી પાકિસ્તાનમાં ફસાયેલા ૨૬ ભારતીય નાગરિકો ગોધરા પરત ફર્યા

ગોધરા : ફેબ્રુઆરી મહિનામાં લગ્ન પ્રસંગમાં સામેલ થવા લગભગ ૨૬ ભારતીય પાકિસ્તાન ગયા હતા. પરંતુ માર્ચ મહિનામાં લોકડાઉન થતા આ તમામ ૨૬ ભારતીય પાકિસતાનમાં જ ફસાયા હતા. જો કે, હવે તે પંચમહાલ પરત ફર્યા છે. માહિતી મુજબ મોડી રાત્રે ગોલ્ડન ટેમ્પલ ટ્રેન મારફતે આ નાગરિકો ગોધરા પરત ફર્યા. ગોધરા રેલવે સ્ટેશન ખાતે તમામ લોકોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. ગત ફેબ્રુઆરી મહિનામાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયેલા આ તમામ ભારતીય નાગરિક લોકડાઉનના કારણે છેલ્લા ત્રણ મહિના ઉપરાંતથી પાકિસ્તાનમાં ફસાયા હતા. ગત ૨૬ જૂનના રોજ વાઘા અટારી બોર્ડર ક્રોસ કરી ભારતમાં પ્રવેશ લીધો હતો. ત્યાર બાદ અમૃતસર આર્મી કેમ્પમાં તમામ લોકોને કોરોનટાઈન કરાયા હતા. પાકિસ્તાન ફસાયાયેલ લોકોએ વિડિઓ વાયરલ કરી ભારત સરકાર પાસે મદદની ગુહાર લગાવી હતી.

# મેટ્રો રેલ પ્રોજેકટમાં ચાઈનીઝ કંપનીને ૧૦૦ કરોડનો કોન્ટ્રાકટ

- અમદાવાદ-ગાંધીનગરને જોડતા ૩૨ મેટ્રો સ્ટેશન પર સ્ક્રીન ડોર લગાવવાની કામગીરી સોંપવામાં આવી છે

અમદાવાદ- દેશભરમાં ચીનની એપ્સ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ચોતરફ ચાઈનીઝ ચીજો પર પ્રતિબંધ મુકવાની માંગ પ્રબળ બની રહી છે. અમદાવાદ અને ગાંધીનગરને સાંકળતા મહત્વાકાંક્ષી એવા રૂપિયા વીસ હજાર કરોડથી પણ વધુનો અંદાજ ધરાવતા મેટ્રો રેલ પ્રોજેકટમાં સ્ક્રીન ડોર નાંખવા માટે વર્ષ-૨૦૧૮માં હાથ ધરવામાં આવેલી ટેન્ડર પ્રક્રીયામાં ચાઈનીઝ કંપની ફાંગડાને ૩૨ મેટ્રો સ્ટેશન માટે રૂપિયા સો કરોડનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

મળતી માહીતી પ્રમાણે,ચીનની ફાંગડા ગ્રુપ કો.લિમિટેડ નામની કંપની રેલ ટ્રાન્સપોર્ટ અને ખાસ કરીને મોર્ડન સબ-વે સિસ્ટમમાં સ્ક્રીન ડોર ઈન્સ્ટોલ કરવાની કામગીરી કરી રહી છે. આ કંપની દ્વારા વર્ષ-૨૦૧૯-૨૦ના જાહેર કરવામાં આવેલા ઓડીટ રીપોર્ટમાં વિશ્વના સાડત્રીસ મોટા શહેરોમાં તેમની કંપની દ્વારા સ્ક્રીન ડોર ઈનસ્ટોલેશનની કામગીરી કરાઈ રહી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# કરજણમાં વિધાનસભાની પેટાચૂંટણી : ભાજપ-કોંગ્રેસના નિરીક્ષકોની મુલાકાતોનો દોર

વડોદરા : વડોદરા જિલ્લાની કરજણ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છ, જેના ભાગરૂપે બંને પક્ષોના નિરીક્ષકોએ મીટિંગનો દોર શરૂ કર્યો છે. રાજ્યસભાની ચૂંટણી પહેલાં કરજણ વિધાનસભા બેઠકના કોંગ્રેસી ધારાસભ્ય અક્ષય પટેલે ભાજપને ફાયદો કરવા માટે ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું અને હાલમાં કોઇ પક્ષમાં જોડાવાનો નથી તેવી જાહેરાત પણ કરી હતી.પરંતુ ત્યારબાદ થોડા જ સમયમાં તેમણે પ્રદેશ ભાજપ કાર્યાલયમાં ભાજપનો ખેસ ધારણ કરી લીધો હતો. કરજણ વિધાનસભાની પેટા ચૂંટણી નવેમ્બર પહેલાં આવે તેવી શક્યતાના કારણે ભાજપ અને કોંગ્રેસ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે.કોંગ્રેસના ત્રણ સહ નિરીક્ષકોએ બુધવારે કરજણ અને શિનોર તાલુકામાં અલગ અલગ મીટિંગ લીધી હતી.

# વીઝાના નિયમ બદલાતા અમેરિકામાં ૩૦ હજાર કરતાં વધુ ગુજરાતી વિદ્યાર્થીઓમાં ચિંતા

અમદાવાદ : અમેરિકામાં ફોલ સેમેસ્ટરમાં ફક્ત ઓનલાઈન ક્લાસિસ ચાલુ રાખનારી કોલેજોમાં અભ્યાસ કરનારા વિદેશી વિદ્યાર્થીઓને સ્વદેશ પરત ફરવા આદેશ થયો છે તેના પગલે અમેરિકામાં અભ્યાસ કરતા ગુજરાતના આશરે 30,000 જેટલાં વિદ્યાર્થીઓમાં ચિંતા ફેલાઈ છે. આ વર્ષે જે યુનિવર્સિટીઓ બધા કોર્સના ઓનલાઈન ક્લાસ ચલાવવાની છે તેવા વિદ્યાર્થીઓને વિઝા નહીં મળે. તેના કારણે અમેરિકા જવા ઈચ્છતા વિદ્યાર્થીઓનું અમેરિકા સ્ટડીનું સ્વપ્ન હાલ રોળાયું છે. અમેરિકામાં અભ્યાસ માટે જનારા વિદ્યાર્થીઓમાં ગુજરાતનો નંબર ચોથો છે. મુંબઈ, બેંગ્લુરૂ, પૂણે બાદ ગુજરાતી વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભણવા માટે જાય છે. કોરોનાના કારણે ઓગસ્ટથી શરૂ થતા ફોલ સેમેસ્ટર માટે આ નિયમ લાગુ પડવાનો છે. તેના કારણે આ સેમેસ્ટરમાં એડમિશન મેળવનારા વિદ્યાર્થીઓને વિઝા જ અપાયા નથી. તેમણે એક સેમેસ્ટર અહીં ગુજરાતમાં રહીને જ ઓનલાઈન અભ્યાસ કરવો પડશે. જ્યારે જે વિદ્યાર્થીઓ બે કે ત્રણ વર્ષથી ત્યાં જ રહીને અભ્યાસ કરે છે અને તેની યુનિવર્સિટી જો કોર્સ ઓનલાઈન કે ટીચિંગ ઓનલાઈન કરે તો આવા વિદ્યાર્થીઓને પરત ફરવાની નોબત આવી શકે છે. અલબત્ત તેમના વિઝા રદ નહીં થાય.

## વીઝાનો મુદ્દો અમેરિકા સમક્ષ ઉઠાવ્યો : ભારતીય રાજદૂત

અમેરિકામાં આવેલી ભારતીય દૂતાવાસે એવું જણાવ્યું કે ભારતીયો માટેના વીઝા નિયમોનો મુદ્દો લાગતાવળગતાં યુએસ અધિકારીઓ પાસે લઈ જવાયો છે. દૂતાવાસે કહ્યું કે નવા વીઝા નિયમોને કારણે દેશમાં અભ્યાસ કરવા માગતા ભારતીય વિદ્યાર્થીઓને થોડી પરેશાની વેઠવી પડશે. ૭ જુલાઈ ૨૦૨૦ના દિવસે ભારત–યુએસ ફોરન ઓફિસ સલાહ–મશલતમાં વિદેશ સચિવ હર્ષવર્ધને પણ અમેરિકી વિદેશ સચિવ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

# અમેરિકામાં ફસાયેલા ગુજરાતી માટે ૩૬ ફ્લાઈટ ઓપરેટ કરાશે

અમદાવાદ : કોરોના મહામારી અને લૉકડાઉનને પગલે અમેરિકામાં ફસાયેલા ગુજરાતી સહિત તમામ ભારતીયોને પરત લાવવા માટે વંદે ભારત મિશન હેઠળ પરત લાવવામાં આવશે. જેના માટે એર ઈન્ડિયાએ ૧૧થી ૧૯ જુલાઈ સુધી અમેરિકાના અલગ અલગ શહેરો - ન્યૂયોર્ક, શિકાગો, સાનફ્રાન્સિસ્કોથી ૩૬ જેટલી ફ્લાઈટ ઓપરેટ કરવાની જાહેરાત કરી છે. આ તમામ ફ્લાઈટનું બુકિંગ એર ઈન્ડિયાની વેબસાઈટ પરથી શરૂ કરી દેવામાં આવ્યું છે. કોરોના મહામારી શરૂ થયા બાદ ભારતમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોનું સંચાલન બંધ કરી દેવામાં આવ્યું છે. આ સ્થિતિમાં વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા માટે વંદે ભારત મિશન હેઠળ અલગ અલગ દેશોમાંથી વિશેષ ફ્લાઈટોનું સંચાલન કરી અત્યાર સુધી હજારોની સંખ્યામાં ગુજરાતીઓ સહિત ૫ લાખથી વધુ ભારતીયોને પરત લાવવામાં આવ્યા છે. અગાઉ પણ ભારતીયોને પરત લાવવા વિશેષ ફ્લાઈટ શરૂ કરાઈ હતી.

# સુરતમાં કોર્પોરેટર પર તમંચાથી ફાયરિંગ, હત્યાના પ્રયાસનો ગુનો

- **ભરત વઘાસીયાના ધંધાકીય વિખવાદો અંગે પોલીસે તપાસ આરંભી**

સુરત : સુરતના વરાછા વિસ્તારના ભાજપના કોર્પોરેટર ભરત મોના ઉપર ગતરાત્રે વરાછા વર્ષા સોસાયટીમાં ફાયરીંગની ઘટનામાં પોલીસે હત્યાનો પ્રયાસનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વરાછા વિસ્તારના ભાજપના કોર્પોરેટર ભરતભાઈ મોનાભાઈ વઘાસીયા (ઉ.વ.૪૮) (રહે.૩૩,૩૪, હેમકુંજ સોસાયટી, માતાવાડી, વરાછા, સુરત. મૂળ રહે. ભાવનગર) સોમવારે રાત્રે ૮.૪૦ કલાકે પોતાની ઓફિસેથી એક્ટીવા ઉપર ઘરે જતા હતા ત્યારે વરાછા વર્ષા સોસાયટી વિભાગ ૧ વાડીવાળા રોડ ઉપર મોમાઈ બોરીંગ દુકાનની સામે મોટરસાયકલ ઉપર બે અજાણ્યા આવ્યા હતા અને પાછળ બેસેલા કોફી કલરના શર્ટ પહેરેલા યુવાને ફાયરીંગ કરતા ભરતભાઈને પીઠમાં ઈજા થઈ હતી. ભરતભાઈને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પીઠના ભાગે ઘસરકો હોય ફાયરીંગ એરગનથી કરાયું હોવાનું શરૂઆતમાં માનવામાં આવ્યું હતું. પરંતુ ઘસરકાના ભાગેથી ગન પાવડર મળતા ફાયરીંગ તમંચાથી કરાયું હોવાનો ખુલાસો થયો હતો.

# ગુજરાત મેટ્રો રેલનાં કૌભાંડી સંજય ગુપ્તા વિરુદ્ધ EDની મોટી કાર્યવાહી

- **સંજય ગુપ્તાની કરોડોની સંપત્તિ ટાંચમાં લેવાઈ**



ગાંધીનગર : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ફરી એકવાર મેટ્રો રેલનાં કૌભાંડી અને ગુજરાતનાં પૂર્વ IAS સંજય ગુપ્તા પર મોટી કાર્યવાહી કરતાં સંપત્તિ ટાંચમાં લીધી છે. સંજય ગુપ્તાની નિશા ગ્રૂપની ૧૪.૧૫ કરોડ રૂપિયાની મિલકત EDએ ટાંચમાં લીધી છે. મેટ્રો રેલનાં કૌભાંડી સંજય ગુપ્તા પર ઈડીનો ગાળિયો કસાતો જઈ રહ્યો છે. ઈડી દ્વારા સંજય ગુપ્તાની નિશા ગ્રૂપની સંપત્તિ ટાંચમાં લેવાઈ છે. જેમા નોઈડામાં ફ્લેટ અને પ્લોટ તેમજ ગુજરાતની હોટેલ ટાંચમાં લેવાઈ છે. આ તમામ મિલકતની કિંમત ૧૪.૧૫ કરોડ રૂપિયા થવા જઈ રહી છે. ઈડીએ મેટ્રોલિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ(MEGA)ની કંપનીના ફંડમાં કથિત ગેરરીતિ આચરવા મામલે આ કાર્યવાહી કરી છે.

સંજય ગુપ્તાએ મનમાની કરીને તેની સાથે નિસા ગ્રુપમાં કામ કરી ચૂકેલા નજીકના અધિકારીઓની નિમણૂંક કરી હતી. ગુપ્તાએ વર્ષ ૨૦૧૨થી ૨૦૧૩ દરમિયાન નિસા ગ્રુપના ડિરેક્ટર તરીકે આ કર્મચારીઓ સાથે નકલી કંપનીઓ અને પેપર તૈયાર કરીને કંપનીના બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા. નકલી કંપનીઓએ કોઈપણ પ્રકારનો માલ પુરો પાડ્યા વિના મેગા પાસેથી બોગસ બિલોના આધારે ચૂકવણીઓ કરાઈ હતી.

# ડીસામાં ભાજપ કોર્પોરેટરનાં પિતા બન્યા વ્યાજખોરોનો શિકાર, ગળે ફાંસો ખાધો

પાલનપુરઃ ડીસા નગરપાલિકાના કોર્પોરેટરનાં પિતાએ વ્યાજખોરોનાં ત્રાસને કારણે આત્મહત્યા કરી લેતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

બનાસકાંઠાના ડીસામાં શ્રમજીવી પરિવારનાં જેસગભાઈ માજીરાણાએ પોતાના બાળકોને યોગ્ય શિક્ષણ આપતાં તેમનો પુત્ર જીતુભાઈ રાણા ડીસા ભાજપ વૉર્ડ નંબર ૧માં કોર્પોરેટર બન્યો હતો. જો કે બાળકોને ભણાવવા જતાં તેઓએ કેટલાક માથાભારે ઈસમો પાસેથી વ્યાજે રકમ લીધી હતી. જેનું નિયમિત વ્યાજ તેઓ ચૂકવ્યું હતું. પણ વ્યાજખોરોએ ચક્રવૃદ્ધિ વ્યાજમાં તેઓનું એકમાત્ર મકાન ગીરવે મૂકી પડાવી લીધુ હતું. જો કે તે બાદ આશ્રયસ્થાન સમાન મકાન ખાલી કરાવવા પણ સતત વ્યાજખોરોએ દબાણ કરી ધમકીઓ આપતાં આખરે વ્યાજખોરોના ત્રાસથી નગરસેવકના પિતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં અરેરાટી પ્રસરી છે. અહીં આ મોતથી કાયદો અને વ્યાજખોરી પર પોલીસ કે પ્રશાસનની કાર્યવાહી પર સવાલો ઉભા થયા છે. કેમ કે વ્યાજખોરોનાં ત્રાસથી મરણ જનાર જેસૂગભાઈ રાણાના પુત્ર જીતુભાઈ રાણા ભાજપશાસિત ડીસા નગરપાલિકાના કોર્પોરેટર છે. પણ આ વ્યાજખોરોને કાયદાનો ડર નથી, કેમ કે તેઓના છેડાં પોલીસ, પોલિટિક્સ અને નેતાઓ સુધી લંબાયેલા છે. મરણ જનાર જેસૂગભાઈએ ન્યાયતંત્ર પર ભરોષો રાખી પોતાના મોત માટે જવાબદાર વ્યાજખોરોને કાયદાથી સજા મળે તેવી અપીલ સાથેની સુસાઈડ નોટ પણ લખી છે. આ સુસાઈડ નોટ અને મૃતકના પરિવારજનોના નિવેદન આધારે હાલ તો ડીસા પોલીસે આરોપીઓ એવા વ્યાજખોરો સામે તપાસ શરૂ કરી છે.






# સૌરાષ્ટ્રની ત્રણ મનપામાં વોર્ડ-બેઠકો નિર્ધારિત

• રાજયના શહેરી વિકાસ મંત્રાલયનું જાહેરનામુ : દરેક મહાનગર પાલિકાઓ માટે અનામત બેઠકો નક્કી કરાઈ

રાજકોટ- રાજ્ય સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા બુધવારે રાજ્યની મહાનગર પાલિકાઓની આગામી ડિસેમ્બરમાં આવી રહેલી ચૂંટણી અન્વયે ઈ.સ.૨૦૧૧ની વસ્તી ગણત્રીને ધ્યાને લઈને દરેક મહાનગરના વોર્ડ અને બેઠકોની સંખ્યા નિર્ધારિત કરતું તેમજ અનામત બેઠકો નક્કી કરતા જાહેરનામા પ્રસિધ્ધ કર્યા છે. સૌરાષ્ટ્રની ત્રણ મહાનગર પાલિકાઓમાં રાજકોટમાં ૧૮ વોર્ડ અને ૭૨ બેઠકો યથાવત રખાઈ છે અને એ જ રીતે જામનગર મનપામાં ૧૬ વોર્ડ અને ૬૪ બેઠકો તો ભાવનગરમાં ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકો રહેશે. સરકાર દ્વારા દરેક મહાનગરમાં અનામત બેઠકો નક્કી કરાઈ છે તેમાં (૧) રાજકોટમાં ૧૮ વોર્ડની કૂલ ૭૨ બેઠકો (કોર્પોરેટરો) માં ૫ બેઠક અનુસૂચિત જાતિ (એસ.સી.) માટે જેમાં ૩ મહિલા અનામત, ૧ બેઠક અનુ.જનજાતિ (એસ.ટી.) મહિલા માટે તથા ૭ બેઠક પછાત વર્ગ (બેકવર્ડ ક્લાસ) માટે જેમાં ૪ આ વર્ગની મહિલા માટે અનામત રહેશે. કૂલ ૭૨ બેઠકમાં બધુ મળીનેિ ૩૬ બેઠકો મહિલા અનામત રહેશે. (૨) જામનગરમાં ૧૬ વોર્ડની કૂલ ૬૪ બેઠકોમાં ૪ અનુ.જાતિ માટે જેમાં ૨ મહિલા, ૧ અનુ.જનજાતિ મહિલા માટે અને ૬ પછાત વર્ગ માટે જેમાં ૩ મહિલા અનામત રહેશે. કૂલ ૩૨ મહિલા અનામત બેઠકરહેશે. (૩) ભાવનગરમાં ૧૩ વોર્ડની ૫૨ બેઠકોમાં ૩ અનુ. જાતિની બેઠકોમાં ૨ મહિલા અનામત, ૫ પછાત વર્ગ અનામત માટેની બેઠકોમાં ૩ મહિલા અનામત રહેશે. એકંદરે અનામત બેઠકોમાં સંબંધિત વર્ગના મહિલા માટેની અનામત બેઠકો વધારે રહેશે. જેમ કે રાજકોટમાં અનુ.જાતિ,જનજાતિ,પછાત વર્ગની કૂલ ૧૩ બેઠકમાં ૮ બેઠક મહિલા અનામત રહેશે. તો જામનગરમાં કૂલ ૧૧ અનામત બેઠકમાં ૬ બેઠકો મહિલા અનામત રહેશે. આ રીતે ભાવનગરમાં અનામત ૮ બેઠકમાં મહિલા અનામત ૫ રહેશે.

## રાજકોટનાં ત્રણ મિત્રો કાર સાથે તણાયા,૧ની લાશ મળી

રાજકોટ : પડધરીનાં સરપદડ નજીકનાં બોડીઘોડી ગામનાં કોઝ-વે પરથી ગઈકાલે કાર સાથે તણાઈ ગયેલા રાજકોટનાં ત્રણ જણામાંથી એક યુવાનનો મૃતદેહ સોમવારે સાંજે મળ્યો હતો. બાકીનાં બેની કોઈ ભાળ નહીં મળતા આવતીકાલે ફાયરબ્રિગેડ સાથે એનડીઆરએફપણ સર્ચ ઓપરેશનમાં જોડાશે. પોલીસ તરફથી જાણવા મળ્યા પ્રમાણે રાજકોટનાં લક્ષ્મીવાડીમાં રહેતા રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજભા બળવંતસિંહ ઝાલા (૪૮) નું પડધરીનાં રાદડ ગામે મોન્ટુરાજા નામનું ફાર્મહાઉસ છે. ગઈકાલે ત્યાં બે મિત્રો બળવંતસિંહ દિલુભા જાડેજા (રહે. લક્ષ્મીવાડી) અને રિક્ષા ચલાવતાં સંજય જગદીશભાઈ ટાંક (ઉ.વ.૩૭, રહે. આનંદનગર) સાથે ત્યાં ગયા હતા. રાત્રે ત્રણેયએ રાદડ ગામનાં સરપંચ સહદેવસિંહ જાડેજા સાથે ભોજન લીધું હતુ. ત્યારબાદ રાજકોટ આવવાની વાત કરતાં વરસાદને કારણે સહદેવસિંહે ત્રણેયને ફાર્મહાઉસમાં જ રાત રોકાઈ જવાની સલાહ આપી હતી.

## પેટાચૂંટણી : ઉમેદવારો શોધવા કોંગ્રેસની કવાયત, મોરબીમાં બેઠકોનો ધમધમાટ

મોરબી : આગામી પેટાચૂંટણીને લઈને હવે મોરબીમાં ભાજપ બાદ કોંગ્રેસ પણ હરકતમાં આવી છે. અને કાર્યકરોને મળવાના બહાને મૂરતિયાની શોધ શરૂ કરી દેવામાં આવી છે. કોંગી નેતાઓ અર્જુન મોઢવાડિયા, લલિત વસોયા અને વિક્રમ માડમે મોરબી જીલ્લાના કોંગી આગેવાનો અને કાર્યકરો સાથે મીટિંગ કરી છે અને તમામની વાત સાંભળીને કોંગ્રેસને એક કરી સારા ઉમેદવારની પસંદગી પ્રક્રિયા શરુ કરી છે. તો મોરબીનાં આગેવાનો અને દાવેદારોએ પણ પોતાના સમર્થકો સાથે ઉમટી પડી શક્તિપ્રદર્શન કરી પોતાની દાવેદારી મજબૂત કરવાનો પ્રયાસ પણ કર્યો છે. મોરબીમાં પેટાચૂંટણીને લઈને ભાજપના નેતાઓએ પણ મોરબીની મુલાકાત લઈ ચૂંટણીની તૈયારીઓ શરૂ કર્યાના બે જ દિવસ બાદ હવે કોંગ્રેસે પણ ચૂંટણીની તૈયારીઓનો ધમધમાટ શરૂ કર્યો છે. કોંગી નેતા અર્જુન મોઢવાડિયા, લલિત વસોયા અને વિક્રમ માડમે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ લલિતભાઈ કગથરાને સાથે રાખીને આજે જીલ્લાના તમામ કાર્યકર્તાઓ અને આગેવાનો તેમજ દાવેદારો સાથે રૂબરૂ મુલાકાત કરીને ચૂંટણીની તૈયારીઓ આરંભી દીધી છે. કોંગ્રેસ દ્વારા આગામી પેટાચૂંટણીમાં ભાજપના શાસનમાં લોકોને પડી રહેલ મુશ્કેલીઓ તેમજ પક્ષપલટુઓને સબક શીખડાવવા જેવા મુદ્દાઓ સાથે આગામી ચૂંટણીઓ લડવાનું મન બનાવી લીધું છે. મોરબી માળિયા વિધાનસભા બેઠક માટે મુરતિયો શોધવાની શરૂઆત પણ આ બેઠક દ્વારા કરવામાં આવી છે. આજની બેઠક બાદ આ નેતાઓ પક્ષને રિપોર્ટ આપશે અને એના આધારે ઉમેદવારની પસંદગીની પ્રક્રિયા આગળ વધશ. જો કે આ બેઠકમાં જીલ્લાના કોંગી કાર્યકરો અને આગેવાનોમાં રહેલ જૂથવાદને દુર કરવાના પણ પ્રયાસ કરવામાં આવશે. કોંગ્રેસના પીઢ નેતા અને મોરબી માળિયા વિધાનસભા બેઠકના પ્રભારી અર્જુન મોઢવાડિયાએ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા.


કલાસીફાઈડ / Classified

હોટલમાં રસોઈ કામ માટે જોઈએ છે.

વેસ્ટર્ન ફૂડ મેકર, રસોઈ બનાવનાર, રસોઈ કામ કરનાર તથા રસોઈયાને મદદ કરનાર જોઈએ છે. રસોઈ બનાવનારને રહેવાની સુવિધા આપવામાં આવશે. ગાનાનોક, ઓન્ટેરિયો.

સંપર્ક કરો :- 226-203-4871


## મનહર ઉધાસ સામે કોપીરાઈટ એકટના ભંગ બદલ લેખિત ફરિયાદ

ભુજ: મનહર ઉધાસ વિરુદ્ધ કોપીરાઈટ એકટના ભંગ બદલ પોલીસ ફરિયાદ નોંધવાની માગણીએ ચકચાર સર્જી છે.

અરજીમાં નિલેશ ભટ્ટના જણાવ્યા મુજબ તેમના પિતા અમૃત ઘાયલનું ૨૫/૧૨/૨૦૦૨ માં નિધન થયું હતું. એ પૂર્વે તેમના પિતાએ મનહર ઉધાસને તેમની લખાયેલી ગઝલો ગાવા અને ઓડિયો કેસેટ-સીડી પ્રસિદ્ધ કરવા માટે મંજૂરી આપી હતી. જેનો ગેરલાભ લઈને મનહર ઉધાસે ગઝલોની ઓડિયો સીડી ઉપરાંત યુ ટ્યુબ અને સોશ્યલ મીડીયાના અન્ય માધ્યમોથી વગર મંજૂરીએ ગઝલો પ્રસિદ્ધ કરીને આર્થિક સામાજિક લાભ મેળવ્યો છે. તેમના પિતા અમૃત ઘાયલ રચિત ગઝલો 'આઠો જામ ખુમારી' નામથી ૧૯૯૪ માં પ્રકાશિત થઈ હતી. જેના કોપીરાઈટના હક્ક તેમના માતા સ્વ. ભાનુમતી અમૃતલાલ ભટ્ટ પાસે હતા અને હવે તેમના સીધા વારસદાર તરીકે કોપીરાઈટના હક્ક નિલેશ અમૃતલાલ ભટ્ટના બને છે. તેમ છતાં મનહર ઉધાસે ગઝલકાર અમૃત ઘાયલના વારસદાર તરીકે પોતાની મંજૂરી લીધા વગર કોપીરાઈટ એકટનો ભંગ કર્યો છે. એ સંદર્ભે કોપીરાઈટ એકટ હેઠળ મનહર ઉધાસની સામે પોલીસ ફરિયાદ નોંધવાની માંગણી સાથે નિલેશ અમૃતલાલ ભટ્ટ દ્વારા અરજી કરાઈ છે.

# સહાય કેવળ પાલનહાર અલ્લાહથી જ યાચવા વિષેના આદેશો

ભાગ- ૧

માનવી આ જગતમાં જે ટૂંકા કે લાંબા સમય સુધી જીવે છે, તે દરમ્યાન તેને નાના મોટા કષ્ટો તથા મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ કષ્ટો તથા મુશ્કેલીઓમાં એવા કષ્ટો અને મુશ્કેલીઓનો પણ સમાવેશ થાય છે જેને માનવી પોતે પોતાના જુદા જુદા સાધનો દ્વારા દૂર કરી શકે છે. આ સાધનોમાં માનવીની પોતાની સમજબુદ્ધિ, બળ, સંપત્તિ, સગાસ્નેહીઓ, મિત્રો વગેરેનો સમાવેશ થાય છે.

તે ઉપરાંત ઘણા કષ્ટો અને મુશ્કેલીઓ એવા પ્રકારની હોય છે કે માનવી તેને પોતાના મર્યાદિત કે અમર્યાદિત સાધનો દ્વારા દુર નથી કરી શકતો. આ પ્રકારના કષ્ટો તથા મુશ્કેલીઓ એવી હોય છે કે કોઈ ચમત્કાર જ તેને દૂર કરી શકે છે. આ પ્રકારના કષ્ટો તથા મુશ્કેલીઓમાં લાંબી અને ગુઢ બિમારી, દરિદ્રતા, દેવું (કરજ), બેકારી, ધંધામાં નુકસાન, ઓછી આવક, નોકરી જવાની ધાસ્તી, નોકરીમાં પ્રગતિનો અભાવ, સંતાનનું ન થવું, દિકરીનું માંગુ ન આવવું, અતિ ગુઢ માનસિક મુંઝવણ વગેરેનો સમાવેશ થાય છે.

જગતના લગભગ દરેક ધર્મમાં જગતના આરામદાયી જીવન તથા કષ્ટદાયી જીવન વિષે થોડું ઘણું કહેવામાં આવેલ છે. તથા દરેક ધર્મના ધર્મશાસ્ત્રમાં એ વાત પર ખાસ મુકવામાં આવેલ છે કે જગતમાં વેઠવા પડતા કષ્ટો તથા મુશ્કેલીઓ માટે માનવીને પોતાના પરમેશ્વર કે પાલનહાર તરફ જ રજૂ થવું



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

જોઈએ અને તેના તરફ જ આશા રાખવી જોઈએ અને તેને જ આ કષ્ટો તથા મુશ્કેલીઓ દૂર કરવા માટે પ્રાર્થના કરવી જોઈએ.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પણ એ વાત પર ઘણો જ ભાર મુકવામાં આવેલ છે કે માનવીને પોતાના કષ્ટો તથા મુશ્કેલીઓ માટે કેવળ પાલનહાર અલ્લાહ તરફ જ રજૂ થવું જોઈએ, કારણ કે પાલનહાર અલ્લાહ જો કોઈને માન મરતબો આપવા ચાહે તો જગતની કોઈ શક્તિ તેને નથી રોકી શકતી. અને જો પાલનહાર અલ્લાહ કોઈને કષ્ટ અને મુશ્કેલીમાં મુકવા ચાહે તો તેને પણ જગતની કોઈ શક્તિ નથી રોકી શકતી. માટે માનવીએ કેવળ પાલનહાર અલ્લાહ પર જ ભરોસો કરવો જોઈએ, અને સહાય કેવળ તેના પાસેથી જ માંગવી જોઈએ.

કુરાન મજીદના સૌથી પહેલા પ્રકરણ (સુરાહ) "અલ ફાતિહા" (આરંભ)નો

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

ચોથો શ્લોક એક પ્રાર્થના (દુઆ) સ્વરૂપે છે. જગતનો લગભગ દરેક મુસલમાન દિવસ રાતની બંદગી (નમાઝ)માં આ શ્લોકનું ઓછામાં ઓછું ૨૫ વાર અથવા વધુમાં વધુ ૫૦ વાર પઠન કરે છે. આ શ્લોકનું ગુજરાતી ભાષામાં ભાષાંતર આ પ્રમાણે છે :-

"(એ પાલનહાર), અમે કેવળ તમારી જ સ્તુતિ (બંદગી) કરીએ છીએ, અને કેવળ તમારી જ સહાય ઈચ્છીએ છીએ." (પ્રકરણ ૧, શ્લોક ૪)

ઉપરના શ્લોકનું દૈનિક વારંવાર પઠન એ વાતનું પુનરાચ્ચન છે કે તેનું પઠન કરનાર પોતાના પાલનહાર અલ્લાહને એ વચન આપે છે કે, "એ મારા પાલનહાર, અમે સ્તુતિ (બંદગી) કેવળ તમારી જ કરીએ છીએ અને સહાય કેવળ તમારા પાસેથી જ ઈચ્છીએ છીએ."

ઉપરનો પાયારૂપ શ્લોક એ વાતની પુષ્ટી કરે છે કે કોઈ પણ પ્રકારના કષ્ટ તથા મુશ્કેલી માટે પાલનહાર અલ્લાહને છોડીને બીજા કોઈ પણ પાસેથી, તે મનુષ્ય હોય કે બિન મનુષ્ય હોય, જીવંત અવસ્થામાં હોય કે મૃત અવસ્થામાં હોય, ક્યારે પણ સહાય ન ઈચ્છવી જોઈએ. સહાય કેવળ પાલનહાર અલ્લાહ પાસેથી જ ઈચ્છવી જોઈએ.

આ વિષે નીચે કુરાન મજીદ માંથી બીજા અમુક શ્લોકો આપવામાં આવે છે, જેમાં એ વાત બહુ જ ભારપૂર્વક કહેવામાં આવેલ છે કે સહાય કેવળ પાલનહાર અલ્લાહ પાસેથી જ માંગવી જોઈએ, કારણ કે તેજ એક મહાન શક્તિ છે અને માન મરતબો કે સુખ સાહયબી આપવી તથા કષ્ટ તથા મુશ્કેલી આપવી તે કેવળ તેના જ અંકુશમાં છે.

"અને તમારા પાલનહાર અલ્લાહે કહ્યું છે કે તમે મારાથી જ માંગો કે હું તમારી યાચિકા (દુવા) કબુલ કરૂં." (પ્રકરણ ૪૦, શ્લોક ૬૦)

"અને નિસંશક અમોએ મનુષ્યનું સર્જન કરેલ છે, અને તેના મનમાં જે વિચારો ઉદ્ભવે છે તેને પણ અમે જાણીએ છીએ, અને અમે મનુષ્યથી તેની ધોરી નસ કરતાં પણ વધુ નજીક છીએ." (પ્રકરણ ૫૦, શ્લોક ૧૬)

"હે લોકો, એક ઉદાહરણ વર્ણન કરવામાં આવે છે તેને ધ્યાનપૂર્વક સાંભળો. નિસંશક તમે પાલનહાર અલ્લાહને છોડીને જેઓને પોકારો છો, તેઓ ભલે બધા સંગઠિત થઈને એક થઈ જાય, તો પણ કદાપિ તેઓ એક નાનકડી માખીનું પણ સર્જન નથી કરી શકતા. અને જો માખી તેઓની પાસેથી કોઈ વસ્તુ ખુંચવી લઈ જાય, તો તેઓ તે વસ્તુને માખી પાસેથી છોડાવી પણ નથી શકતા. કેવા અશક્ત છે સહાય માંગનારા તથા જેમની સહાય માંગવામાં આવે છે તેઓ ?" (પ્રકરણ ૨૨, શ્લોક ૭૩)

ક્રમશઃ

# ભારતમાં વધુ ૨૫,૦૦૦ લોકો કોરોનાગ્રસ્ત, ૪૮૭ મોત

**• મૃત્તકોની સંખ્યા ૨૧,૧૨૯ થઈ : વાયરસના સંક્રમણમાંથી સાજા થનારા દર્દીઓની સંખ્યા ૪,૭૬,૩૭૮ પહોંચી ગઈ**

નવી દિલ્હી : ભારતમાં ૯મી જુલાઈએ ૨૪,૮૭૯ નવા કોવિડ-૧૯ના દર્દીઓ નોંધાયા છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો આંક છે. જ્યારે એક જ દિવસમાં ખતરનાક વાયરસથી ૪૮૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. હાલમાં કોરોના વાયરસના ૨,૬૯,૭૮૯ કેસ સક્રિય છે. ભારતમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા ગુરુવારે ૭,૬૭,૨૯૬ પર પહોંચી ચૂકી હતી. જ્યારે મૃત્તકોની કુલ સંખ્યા ૨૧,૧૨૯ થઈ છે. વાયરસના સંક્રમણમાંથી સાજા થનારા દર્દીઓની સંખ્યા ૪,૭૬,૩૭૮ થઈ છે. દેશભરના ૫ રાજ્યોમાં કોરોનાનો કહેર સૌથી વધુ જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રમાં વિતેલા ૨૪ કલાકમાં ૬૬૦૩ નવા ચેપગ્રસ્તો ઉમેરાયા હતા. જ્યારે તામિલનાડુમાં ૩૭૫૬, કર્ણાટકમાં ૨૦૬૨, દિલ્હીમાં ૨૦૩૩ તેમજ તેલંગાણામાં ૧૯૨૪ દર્દીઓ નોંધાયા છે. જ્યારે કોવિડ-૧૯થી થયેલા મૃત્યુમાં પણ મહારાષ્ટ્રમાં જ સૌથી વધુ વિતેલા ૨૪ કલાકમાં ૧૯૮ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. ત્યારબાદ તામિલનાડુમાં ૬૪, કર્ણાટકમાં ૫૪, દિલ્હીમાં ૪૮ તેમજ પશ્ચિમ બંગાળમાં ૨૩ લોકોના મોત નિપજ્યા છે. મહારાષ્ટ્રમાં કોરોનાના દર્દીઓ સતત વધી રહ્યા છે.



## ભારત-યુએસ આયુર્વેદિક દવાનું પરીક્ષણ કરશે

અમેરિકામાં ભારતના રાજદૂત તરનજીતસિંહ સંધુએ એવું જણાવ્યું કે ભારત અને અમેરિકામાં આયુર્વેદિક ચિકિત્સક અને સંશોધકો કોરોના સામે બચાવ માટે આયુર્વેદિક દવાઓનું સંયુક્ત ક્લિનિકલ પરીક્ષણ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. પ્રતિષ્ઠિત ભારતીય અમેરિકી વૈજ્ઞાનિકો, વિદ્વાનો તથા ડોક્ટરોના એક જૂથ સાથેના ડિજિટલ સંવાદમાં સંધુએ કહ્યું કે સંસ્થાગત ભાગીદારીના વ્યાપક નેટવર્કના માધ્યમ દ્વારા કોવિડ–૧૯ ની સામેની લડાઈમાં બન્ને દેશોના વૈજ્ઞાનિકો એકીસાથે આવ્યા છે.

## કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થયું નથી : સરકાર

ગુરુવારે દેશમાં કોરોના મહામારીની સ્થિતિની સમીક્ષા કરવા આરોગ્યમંત્રી ડો. હર્ષવર્ધનના નેતૃત્વ હેઠળની મંત્રીઓની સમિતિની બેઠક મળી હતી. આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આટલી મોટી વસતી હોવા છતાં ભારતમાં પ્રતિ ૧૦ લાખ વ્યક્તિએ કોરોનાના ૫૩૮ કેસ નોંધાયા છે જ્યારે વૈશ્વિક સરેરાશ ૧૪૫૩ કેસની છે. ભારતમાં હાલ કોમ્યુનિટી ટ્રાન્સમિશનની સ્થિતિ આવી નથી.

# બિહારમાં મુખ્યમંત્રી આવાસ સાથે સંકળાયેલા ૨૪ કોરોના પોઝિટિવ

પટણા : બિહારમાં મુખ્યમંત્રી આવાસ સાથે સંકળાયેલા ૨૪ લોકો કોરોનાના ચેપની લપેટમાં આવી ચૂક્યા છે. મુખ્યમંત્રી નીતીશ કુમારની ભત્રીજીનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યા બાદ મુખ્યમંત્રી હાઉસ સાથે સંકળાયેલા ૫૦૦ જેટલા લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા. નીતીશ કુમારની ભત્રીજીને એમ્સ પટનામાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ તેમનો બીજો રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ તેઓ પરત મુખ્યમંત્રી આવાસ પર આવી ગયા છે. ડોક્ટર્સની સલાહથી તેઓ હવે હોમ કોરેન્ટાઈન રહેશે. નોંધનીય છે કે સોમવારના રોજ મુખ્યમંત્રીની ભત્રીજીનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા પટનાની હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યાભ હતા. ત્યારબાદ મુખ્યમંત્રીનો પણ કોરોના વાયરસનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. શનિવારના રોજ તેમનો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. બિહાર વિધાન પરિષદના નવ નવા ચૂંટાયેલા સભ્યોમાં એક જેડીયૂ નેતા ગુલામ ગૌસ પણ કોરોના વાયરસની લપેટમાં આવી ગયાની પુષ્ટી થઈ છે.

## કોવિડ -૧૯ના પ્રસારની સમીક્ષા કરવા નવો સર્વે હાથ ધરાશે : ICMR

આઇસીએમઆર દ્વારા કોરોના વાઇરસના પ્રસારનો તાગ મેળવવા માટે નવેસરથી દેશમાં સર્વે હાથ ધરાશે. આઇસીએમઆર દ્વારા સર્વે તો કરાય છે પરંતુ તેની વિગતો જનતાને આપવામાં આવતી નથી. આઇસીએમઆરે દેશના ૬૦ જિલ્લામાં એપ્રિલ મહિનામાં પહેલો સર્વે હાથ ધર્યો હતો પરંતુ તેની તમામ વિગતો જાહેર કરી નહોતી. આઇસીએમઆરએ જણાવ્યું હતું કે દેશની ૦.૭૩ ટકા વસતી પર કોરોનાનાં સંક્રમણનો ભય રહેલો છે.

# કોરોનાથી થતાં સૌથી વધુ મોતના દેશોની યાદીમાં ભારત ત્રીજા ક્રમે

નવી દિલ્હી : ભારતમાં કોરોનાથી રોજ થનારી મોતની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ભારતમાં શનિવારે ચોથી જુલાઈના રોજે ૬૧૩ મોત થયા હતા. આ દિવસે બ્રાઝીલમાં ૧,૦૯૧ લોકોના મોત થયા હતા. આમ આ દિવસે બ્રાઝીલ બાદ સૌથી વધુ મોત ભારતમાં થયું હતું. ગત અઠવાડિયે ભારતમાં બ્રાઝીલ, મેક્સિકો અને અમેરિકા પછી સૌથી વધુ મોત નોંધાયા હતા. ભારતમાં નવા મોતનો સાત દિવસનો રોલિંગ એવરેજ ૪૫૩ છે. બ્રાઝીલ (૧,૦૨૮), મેક્સિકો (૫૬૯) અને અમેરિકા (૫૦૮) બાદ સૌથી વધુ છે. ભારતમાં કોરોનાથી થઇ રહેલા મોત મામલે જિલ્લાઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. રવિવારે પાંચ જુલાઈના રોજે ૯૬ જિલ્લામાં પહેલી વખત કોરોનાથી મોતની માહિતી મળી હતી અને ૪૫૦થી વધુ જિલ્લાઓમાં કોરોનાથી મોત નોંધાયા હતા. મહારાષ્ટ્રમાં સોલાપુર, જલગાંવ અને ગુજરાતના અમદાવાદમાં મૃત્યુદર સૌથી વધુ છે. જોકે હાલમાં ભારતમાં રોજ સૌથી વધુ નવા કેસો નથી આવતતા. પરંતુ તેનો ગ્રાફ ખાસરીતે ચિંતાજનક છે. સૌથી વધુ કેસો ધરાવતાં ૧૦ દેશોમાંથી ભારતમાં ચેપ સૌથી ઝડપી વધી રહ્યા છે.

# ભારતીય સેનાની 'ડિજિટલ સ્ટ્રાઈક' FB સહિત ૮૯ એપ્સ પર કાર્યવાહી

શ્રીનગર : ભારતીય સેનાએ પોતાના અધિકારીઓને તેમના સ્માર્ટફોનમાંથી ૮૯ એપ ડિલીટ કરી દેવાનો આદેશ આપ્યો છે. સેનાના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ આદેશ એટલા માટે આપવામાં આવ્યો છે કે, કારણ કે, ગુપ્ત માહિતીઓ લિક ન થાય. આ એપ્સમાં ટિક ટોક, ટ્રૂ કોલર અને ઈંસ્ટાગ્રામ જેવા એપ્લીકેશન સામેલ છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ હાલમાં આ સંબંધિત દિશાનિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ટિંડર જેવી ડેટિંગ એપ અને ડેલી હંટ જેવા સમાચાર એપ્સ પણ સામેલ છે. જણાવી દઈએ કે, ડેટા સુરક્ષાને લઈ ભારત સરકારે અગાઉ ૫૯ એપ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

આ એપ્સમાં વીચેટ, હાઈક, લાઈકી, શેરચેટ, યૂસી બ્રાઉઝર, બિગો લાઈવ, જૂમ, કેમસ્કેનર, બ્યૂટી પ્લસ, પબજી સહિત ટેંસેંટના તમામ ગેમીંમ એપ ક્લબ ફેક્ટરી, હેપન,, બંબલ, આઈલ , ૩૬૦ સિક્યોરિટી, પ્રતિલિપી, હંગામા જેવા એપ પણ સામેલ છે. સેનાએ એ તમામ એપ્સથી દૂર રહેવાના આદેશ આપ્યા છે જેના પર ક્યારેક ને ક્યારેક તો પર્સનલ ડેટા ચોરી થયાના આરોપો લાગી રહ્યાં છે. તે પછી દુનિયાભરમાં અતિ લોકપ્રિય શોશિયલ મીડિયા એપ ફેસબુક જ કેમ ના હોય. ૨૦૧૮માં કેંબ્રિજ એનાલિટિકા કેસમાં થયેલો હોબાળાએ અનેક સવાલ ખડા કર્યા હતાં. બ્રિટનની આ કંપનીએ એમ કહી દુનિયાભરમાં સનસનાટી મચાવી દીધી હતી કે, ફેસબુક પોતાના ૮ કરોડ ૭૦ લાખ યુઝર્સનો ખાનગી ડેટા અયોગ્ય રીતે ચોરીને એને વેચી રહ્યું છે.

# ઈન્ડિયન રેલવે ૪૪ હાઈસ્પીડ ટ્રેન દોડાવવા ટેન્ડર બહાર પાડશે

**• રૂપિયા ૮૧ હજાર કરોડના બે પ્રોજેક્ટ હાથ ધરાશે**

નવી દિલ્હી : ભારતીય રેલવે હવે તેના ટાઈમ ટેબલ અને ટ્રેનની ઝડપની લઈને ખુબ ગંભીર બની છે. આ અંગે રેલવે એ થોડા દિવસો પહેલાં 'મિશન શીઘ્ર' હેઠળ લખનઉમાં કલાકના ૧૦૦ કિમીની ઝડપે એક માલગાડી ચલાવી હતી અને સાથે સાથે રેલવે દ્વારા સમિ હાઈ સ્પીડ ટ્રેનો ચલાવવા ટેન્ડર બહાર પડાયા હતા. દસમી જુલાઈએ ટેન્ડરોને ખોલવામાં આવશે.કોરોનાવાઈરસની મહામારી વચ્ચે પણ રેલવેના આ પ્રોજેક્ટ રોકાયા ન હતા. રેલવેએ કહ્યું હતું કે દસમી જુલાઈના રોજ બપોરે સવા બે વાગે આ ટેન્ડરો ખોલવામાં આવશે.સેમિ હાઈસ્પીડ ટ્રેનો માટે વૈશ્વિક કક્ષાએ ટેન્ડરો બહાર પડાયા હતા. તો આ તરફ રેલવેના રૂપિયા ૮૧ હજાર કરોડના બે મોટા પ્રોજેક્ટ ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર (ડીએફસી) અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટને પુરા કરવામાં જરાય વિલંબ નહીં કરાય એવો દાવો કર્યો હતો. ૮૧ હજાર કરોડના ડીએફસીમાં ૧૮૩૯ કિમીનો ઈસ્ટર્ન ડીએફસી અને ૧૪૮૩ કિમીના વેસ્ટર્ન ડીએફસીનો સમાવેશ થાય છે. ડિસેમ્બર ૨૦૨૧માં આ બંને પ્રોજેક્ટ પુરા થયા પછી રેલવેના પાટાઓ પર ટ્રાફિકની ઘનતા ઓછી થશે.

# કોંગ્રેસના ૩ ટ્રસ્ટ સામે મની લોન્ડરિંગના આરોપની તપાસ કરવા પેનલની રચના

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા બુધવારે કોંગ્રેસ સાથે સંકળાયેલ ૩ એનજીઓ રાજીવ ગાંધી ફાઉન્ડેશન, રાજીવ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ અને ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટમાં કાયદાકીય જોગવાઈઓના ઉલ્લંઘન માટે આંતરમંત્રાલય સમિતિની રચના કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયના પ્રવક્તાએ બુધવારે એક ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, રાજીવ ગાંધી ફાઉન્ડેશન, રાજીવ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ અને ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ઈન્કમટેક્સ એક્ટ, ફોરેન કન્ટ્રીબ્યૂશન રેગ્યુલેશન એક્ટ જેવા વિવિધ કાયદાઓના કરાયેલા ઉલ્લંઘનની તપાસ માટે કેન્દ્રીય ગૃ હમંત્રાલય દ્વારા એક આંતરમંત્રાલય સમિતિની રચના કરાઈ છે. આ સમિતિનું નેતૃત્વ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના સ્પેશિયલ ડિરેક્ટર કરશે.

# કાશ્મીરમાં આતંકીઓ દ્વારા ભાજપ નેતા, તેમના પિતા અને ભાઈની હત્યા

**• આતંકીઓએ બાંદીપોરા જિલ્લાના ભાજપ પ્રમુખ વસીમ એહંમદ બારી પર ગોળીઓ વરસાવી**

શ્રીનગર : જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં બુધવાર રાતે આતંકવાદીઓએ ભાજપ નેતા, તેમના પિતા અને ભાઈની ગોળી મારી હત્યા કરી છે તેમ ડીજીપી દિલબાગ સિંહે જણાવ્યું છે. આતંકવાદીઓએ રાતે ૯ વાગ્યે ભાજપ જિલ્લા પ્રમુખ વસીમ એહંમદ બારી પર ગોળીઓ વરસાવી હતી. ગોળીબારમાં બારીના ભાઈ ઉમર અને પિતા બશીર એહમદને ઈજા થઈ હતી. સારવાર દરમિયાન તેઓ મૃત્યુ પામ્યા હતાં. ઘટનાની જાણ થતા જ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. બીજી તરફ પાકિસ્તાને કોઈ પણ કારણ વગર જમ્મુ-કાશ્મીરના વિવિદ સેક્ટરમાં અંકુશ રેખા પાસે આવેલ ફોરર્વડ ચોકીઓ અને ગામોમાં ગોળીબાર અને મોર્ટારમારો ચાલુ રાખતા ૬૫ વર્ષી મહિલાનું મોત થયું હતું અને અન્ય ત્રણ ઘાયલ થયા હતાં. જમ્મુના પૂંચ જિલ્લમાં પાકિસ્તાનના મોર્ટારમારાને પગલે એક ૬૫ વર્ષીય મહિલાનું મોત થયું હતું. બીજી તરફ ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લાના તંગધાર સેક્ટરમાં પાકિસ્તાને શસ્ત્ર વિરામ ભંગ કરતા બે નાગરિકો ઘાયલ થયા હતાં.

# નેપાળની આડોડાઈ, ડેમનુ કામ અટકાવ્યુ અને ભારતના સુરક્ષા દળો સાથે મારામારી કરી

નવી દિલ્હી : ભારત અને નેપાળની સીમા પર ચાલી રહેલો વિવાદ હજી પણ યથાવત છે.નેપાળે ફરી એક વખત દાદાગીરી કરીને બિહાર અને નેપાળની બોર્ડર પર લલબકૈયા નદી પર બની રહેલા બંધને તોડી નાંખવાની ધમકી આપી છે. નેપાળની નદીઓમાં આવતા પૂરના કારણે બિહારના પૂર્વી ચંપારણ્ય જિલ્લામાં દર વર્ષે તબાહી સર્જાતી હોય છે.જેને રોકવા માટે સરકારે બંધનુ નિર્માણ શરુ કર્યુ છે.જેને નેપાળે પોતાની જમીન બતાવીને બાંધકામ રોકાવી દીધુ છે. નેપાળના સુરક્ષા દળોના જવાનોએ તેમજ નજીકના ગામના લોકોએ ભારતના સશસ્ત્ર સીમા બળના જવાનો સાથે મારપીટ કરી હોવાના પણ અહેવાલો છે.૩૦ મેથી બંધનુ કામ રોકાઈ ચુક્યુ હોવાથી સરકારની સૂચના પ્રમાણે ભારત અને નેપાળની એક ટીમે વિવાદીત જગ્યાનો સર્વે કર્યો છે.

# દુબેને પકડતાં પહેલા પાંચ સાથીદારોનું એન્કાઉન્ટર

લખનઉ : મંગળવારે વિકાસ દુબે ગેંગના વધુ બે સાથીઓ પ્રભાત મિશ્રા અને બઉઆ દુબે ઠાર થતાંની સાથે પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા બદમાશોની સંખ્યા પાંચ થઈ હતી. પોલીસે અત્યાર સુધી એન્કાઉન્ટર કરીને વિકાસના પાંચ સાગરીતોને ઠાર કરી દીધા છે જેમાં પ્રેમપ્રકાશ (વિકાસ દુબેનો મામો), અતુલ દુબે (વિકાસ દુબેનો ભત્રીજો), અમર દુબે (વિકાસ દુબેનો રાઈટ હેન્ડ) પ્રભાત અને પ્રવીણ ઉર્ફ બઉવા સામેલ છે. ગુરુવારે દુબેના જમણા હાથ સમાન પ્રભાત મિશ્રાને પણ પોલીસે એન્કાઉન્ટર ઠાર કર્યો હતો. પોલીસે ગુરુવારે પ્રભાતની ફરીદાબાદમાંથી ધરપકડ કરી હતી. યુપી પોલીસ તેને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર કાનપુર લઈ જઈ રહી હતી ત્યારે રસ્તામાં પ્રભાતે ભાગવાની કોશિશ કરી હતી તેણે પોલીસ પાસેથી પિસ્તોલ છીનવી લઈને ગોળીબાર કર્યો હતો. પોલીસની જવાબી કાર્યવાહીમાં પ્રભાત માર્યો ગયો હતો. બીજી તરફ વિકાસ ગેંગના બઉઆ દુબે ઉર્ફ પ્રવીણને પોલીસે ઠાર માર્યો હતો. પોલીસના જણાવ્યાનુસાર બિકરું ગામના રહેવાસી પ્રવીણે મહેવા પાસના હાઈવે પર સ્વિફ્ટ કારચાલકને લૂંટી લીધો હતો તેની સાથે બીજા ત્રણ સાથીઓ હતા. લૂંટની ખબર મળતાં પોલીસે કાચુરા રોડ પર ચારેય આરોપીઓને ઘેરી લીધા હતા. ત્યાર બાદ પોલીસ અને બઉવા વચ્ચે ગોળીબાર શરૂ થયો હતો જેમાં પ્રવીણ ઠાર થયો હતો.



## ૨૦૦૧માં યુપીના પ્રધાન સંતોષ શુક્લાની પોલીસ થાણામાં જઈને ખુલ્લેઆમ હત્યા

૨૦૦૧માં તેણે રાજનાથસિંહ સરકારના પ્રધાન સંતોષ શુક્લાની પોલીસ થાણામાં જઈને ખુલ્લેઆમ હત્યા કરી હતી. આ ઘટનાની લાંબી ચર્ચા ચાલી હતી પણ વિકાસે એવો ખોફ જન્માવ્યો હતો કે જેથી તેની વિરુદ્ધ કોઈ જુબાની આપવા તૈયાર ન હતું. તેની વિરુદ્ધ જુબાની આપનાર ૧૯ પોલીસો કોર્ટમાં ફરી ગયા હતા.

## કોણ કોણ સંપર્કમાં હતા

વિકાસ દુબે પ્લોટિંગ, ખાણખનીજ,ગેરકાયદેસર વસૂલીનું નેટવર્ક ચલાવી રહ્યો હતો. તેને ઘણા સમયથી રાજકીય અને પોલીસ અધિકારીઓનું શરણ મળેલું હતું. કાનપુર જિલ્લામાં મોટાપાયે ખનન થઈ રહ્યું હતું. કહેવાય છે કે શાસક પક્ષના બે ધારાસભ્યોની પનાહમાં ગેરકાયદેસર ખનનનું નેટવર્ક ચાલી રહ્યું હતું. ૨૦૧૯ માં વિનય તિવારી ચૌબેપુર થાણા ઇન્ચાર્જ બનતાં વિકાસને સારી ફાવટ આવે છે. બિકરું શૂટઆઉટ કેસમાં અત્યાર સુધીની તપાસમાં પોલીસ અધિકારીઓની મિલિભગત સ્પષ્ટપણે નજરે ચડે છે.

## સરકાર સીબીઆઇ તપાસ કરાવે : પ્રિયંકા

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, એલર્ટ હોવા છતાં આરોપીનું ઉજ્જૈન પહોંચવું ન કેવળ સુરક્ષાના દાવાની પોલ ખોલે છે પરંતુ મિલિભગત તરફ પણ ઇશારો કરે છે. ઉત્તરપ્રદેશ સરકારે સમગ્ર મામલાની તપાસ સીબીઆઇ પાસે કરાવી હકીકતો જાહેર કરવી જોઇએ. સપા અધ્યક્ષ અખિલેશ યાદવે જણાવ્યું હતું કે, સરકાર સ્પષ્ટ કરે કે આત્મસમર્પણ છે કે ધરપકડ? સરકાર વિકાસ દુબેના મોબાઇલનો સીડીઆર જાહેર કરે જેથી સાચી મિલિભગતનો ભંડાફોડ થઇ શકે.

## શૂટઆઉટમાં અત્યાર સુધી શું થયું ?

**૨/૩ જુલાઈનો ઘટનાક્રમ**

રાતના ૧૨.૪૦ કલાક : પોલીસ વિકાસની ધરપકડ કરવા માટે બિકરું ગામ જાય છે પરંતુ ત્યાં ચારેબાજુથી ગોળીઓ વરસાદ વરસે છે. પહેલીથી તૈયાર વિકાસ દુબે અને એક-એક કરીને પોલીસના જવાનોની હત્યા કરવા લાગે છે.

**૪ જુલાઈનો ઘટનાક્રમ**

પોલીસે મકાન તોડી પાડવાની કાર્યવાહી કરી ઘરમાંથી બંધૂકોની સાથે બીજો કેટલોક સામાન મળી આવ્યો હતો. વિકાસ દુબેના માથા પર રાખવામાં આવેલા ૫૦ હજારના ઈનામની રકમ વધારીને ૧ લાખ કરી દેવામાં આવી. થાણા પ્રભારી વિનય તિવારી એસટીએફની તપાસ હેઠળ આવ્યા. તત્કાલીન થાણા પ્રભારી વિનય તિવારીને બરખાસ્ત કરાયા અને પૂછપરછ માટે એસટીએફ તેમને પોતાની સાથે લઈ ગઈ.

**૫ જુલાઈનો ઘટનાક્રમ**

વિકાસ દુબેના માથા પરનું ઈનામ એક લાખથી વધારીને અઢી લાખ કરાયું. પૂછપરછ માટે પોલીસે વિકાસ દુબેના સંબંધી જય વાજપેયીની અટકાયત કરી.

**૬ જુલાઈનો ઘટનાક્રમ**

અપરાધી વિકાસ દુબેના પડોશી સુરેશ વર્મા, તેની માતા ક્ષમા અને નોકરાણી રેખાની પૂછપરછ પછી તેમની ધરપકડ કરાઈ. સુરેશ વર્મા, તેની માતા ક્ષમા અને નોકરાણી રેખાને જેલ મોકલી દેવાયાં.

**૭ જુલાઈનો ઘટનાક્રમ**

એસટીએફે ઘટનાસ્થળે પહોંચીને બરખાસ્ત થાણા પ્રભારી વિનય તિવારીની સાથે ક્રાઈમ સિન દોહરાવ્યો. બિલ્હોરના સીઓ ઓફિસનું કમ્પ્યૂટર અને ટપાલ રજિસ્ટર સીલ કરાયું. શહીદ સીઓ દેવેન્દ્ર મિશ્રાનો એસએસપી કાનપુરને લખેલો પત્ર વાઇરલ થયો. એસટીએફે વિકાસ દુબેના નજીકના જય વાજપેયીની પૂછપરછ શરૂ કરી. ચૌબેપુરના ૬૦ પોલીસકર્મીઓને હાજર કરવામાં આવ્યા.

**૮ જુલાઈનો ઘટનાક્રમ**

પોલીસે હમીરપુરમાં દુબે ગેંગના ચાલાક અપરાધી અમર દુબેને ઠાર માર્યો. વિકાસ દુબેના સાથી શ્યામુ વાજપેયીને ચૌબેપુર પોલીસે અથડામણમાં ઠાર માર્યો. વિકાસ દુબેના માથા પરનું ઈનામ અઢી લાખથી વધારીને ૫ લાખ કરવામાં આવ્યું. બરખાસ્ત પોલીસ અધિકારી વિનય તિવારી અને સ્ટેશન ઇન્ચાર્જ કેકે શર્માની ધરપકડ.

**૯ જુલાઈનો ઘટનાક્રમ**

ફરિદાબાદમાં ધરપકડ થયેલા પ્રભાત ઝાને કાનપુર લઈને જઈ રહેલ એસટીએફને થાપ આપીને ભાગવાનો પ્રયાસ કરી રહેલા પ્રભાત મિશ્રાને એસટીએફે ઠાર માર્યો. થોડા સમય બાદ ઈટાવામાં પણ દુબેના બીજા સાથી બઉઆ દુબેને ઠાર મરાયો. મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં અપરાધી વિકાસ દુબેની ધરપકડ કરવામાં આવી.

# ૩૦ કિલો સોનાની દાણચોરી કેસમાં સ્વપ્નપ્રભા સપનાએ યીએઈના માથે ઠીકરું ફોડયું

થિરુવનંતપુરમ : થિરુવનંતપુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૩૦ કિલો સોનાની દાણચોરીમાં શંકાસ્પદ સ્વપ્રપ્રભા સુરેશે કેરળ હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. તેણે દાવો કર્યો છે કે યુએઈના કોન્સ્યુલેટ જનરલ જનરલ રશિદ ખામીશ અલ શૈમેલીએ મને ૩૦મી જૂને પહોંચનારા પાર્સલ સંદર્ભે કસ્ટમમાં તપાસ કરવા કહ્યું હતું. તેથી કસ્ટમના આસિસ્ટન્ટ કમિશનરનો રાજદ્વારી માલસામાન છોડાવવા માટે સંપર્ક કર્યો હતો. તેણે યુનાઈટેડ આરબ અમિરાતની કોન્સ્યુલેટ જનરલની ઓફિસમાં એક્ઝિક્યુટિવ સેક્રેટરીના પદેથી રાજીનામું આપી દીધું છે અને હવે તે સ્પેસ પાર્ક પ્રોજેક્ટ સાથે કામ પાર પાડતી પ્રાઈસવોટર હાઉસ કૂપર્સ લિમિટેડમાં કોન્ટ્રાક્ટના કર્મચારી તરીકે જોડાઇ છે. જોકે સપનાએ દાવો કર્યો હતો કે તેને ખોટી રીતે આ કેસમાં સંડોવી દેવાઇ છે.

# કોલકાતા જવેલરી હાઉસને ઈડીની ૭૨૨૦ કરોડની શો-કોઝ નોટિસ

- બેંક છેતરપિંડીના કેસમાં ગણેશ જવેલરી હાઉસ અને ત્રણ પ્રમોટર સામે ચાર્જશીટ દાખલ

કોલકાતા : ઈડીએ કોલકાતાના જવેલરી હાઉસને ૭૨૨૦ કરોડ રૂપિયા શો કોઝ નોટીસ જારી કરી છે. ગેરકાયદે ફોરેન એક્સચેન્જમાં સામેલ થવા બદલ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ(ફેમા) હેઠળ આ નોટિસ ફટકારવામાં આવી છે. ફેમા હેઠળ અત્યાર સુધી ફટકારવામાં આવેલી નોટિસ પૈકી આ સૌથી મોટી રકમની નોટિસ છે. આ કેસ બેંક લોન છેતરપિંડી કેસ સાથે સંકળાયેલો છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ શ્રી ગણેશ જવેલરી હાઉસ (ઈન્ડિયા) લિમિટેડ અને તેના પ્રમોટરો સામે ફેમાનો ભંગ કરવા બદલ ચાર્જશીટ દાખલ કરી છે. ઈડીના સ્પેશિયલ ડાયરેક્ટર રેન્કના અધિકારી દ્વારા આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કંપની દેશની ૧૦૦ વિલફુલ બેંક લોન ડિફોલ્ટર્સ પૈકીની એક છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઈ) અને ડાયરેક્ટર ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) પણ આ કંપનીના ત્રણ પ્રમોટર નિલેશ પારેખ, ઉમેશ પારેખ અને કમલેશ પારેખની તપાસ કરી રહી છે.

# રાણા કપૂર અને વાધવાન બંધુઓની રૂ. ૨૪૦૦ કરોડની સંપત્તિ ઈડીએ જપ્ત કરી

નવી દિલ્હી : યસ બેન્ક મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા રાણા કપૂર અને વાધવાન બંધુઓની રૂ. ૨૪૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. જેમાં રાણા કપૂર અને તેના પરિવારની મુંબઈ, લંડન, ન્યૂયોર્કમાં આવેલી રૂ. ૧૦૦૦ કરોડની સંપત્તિ તેમજ પાંચ લક્ઝરી કારનો સમાવેશ થાય છે. મુંબઈમાં આવેલી મિલકતોમાં પેડર રોડ પર આવેલો બંગલો અને મલબાર હિલ પર આવેલા ૬ ફ્લેટ્સ, દિલ્હીમાં આવેલી ૪૦, અમૃત શેરગીલ નામની રૂ. ૪૮ કરોડની પ્રોપર્ટી કે જે તેમણે ગૌતમ થાપર પાસેથી ખરીદી હતી તેનો સમાવેશ પણ થાય છે. બાકીની રૂ. ૧૪૦૦ કરોડની સંપત્તિ વાધવાન બંધુઓની છે જે પૂણે, લંડન અને ઓસ્ટ્રેલિયામાં આવેલી છે. આ મિલકતો દીવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશનના પ્રમોટર્સ કપિલ વાધવાન તેમજ ધીરજ વાધવાનની માલિકીની છે.

# LAC : હોટ સ્પ્રિંગમાં ચીન સેના બે કિમી પાછળ ખસી

લદાખ : ભારતીય સેનાના સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું કે, સોમવારે હોટ સ્પ્રિંગ અને ગોગરા ખાતે ભારત અને ચીને સેના પાછી ખેંચવાનો પ્રારંભ કર્યો હતો. સેના પાછી ખેંચવાની પ્રક્રિયા આગામી થોડા દિવસમાં પૂરી કરી લેવાશે. પીપી૧૫ હોટ સ્પ્રિંગ ખાતે મંગળવાર સાંજ સુધીમાં ચીને બે કિમી સુધી તેની સેના પાછી ખેંચી લીધી હતી. ગોગરા ખાતે આગામી થોડા દિવસમાં બંને દેશની સેના પાછળ ચાલી જશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ચીની સેનાએ સંઘર્ષના વિવિધ પોઈન્ટ ખાતે સોમવારથી જ તેના દ્વારા ઊભા કરાયેલા સ્ટ્રક્ચર તોડવાનું શરૂ કરી દીધું હતું. પરસ્પર સમજૂતી અનુસાર બંને દેશની સેનાઓ ઘર્ષણના તમામ પોઈન્ટ ખાતે ૧ થી ૧.૫ કિમી દૂર ખસી જશે. સેના પાછી ખેંચવાની પ્રક્રિયા પૂરી થયા પછી બંને દેશની સેના વચ્ચે આગળની મંત્રણા શરૂ કરાશે. ભારત સરકારના એક ટોચના અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે, પૂર્વ લદાખમાં ગાલવાન વેલી ખાતેથી ચીનની સેના બે કિમી પાછી હટી ચૂકી છે. તેના પગલે ભારતીય દળો પણ ૧.૫ કિમી દૂર ખસી ગયાં છે.



## ચીને ધમકી આપવાનું ચાલુ રાખ્યું

ચીનના સરકારી મુખપત્ર ગ્લોબલ ટાઇમ્સે ભારતને ધમકી આપતા જણાવ્યું હતું કે, ભારત ચીન સામે તિબેટ કાર્ડનો ઉપયોગ કરવાનું ન વિચારે કેમ કે તે નિરર્થક વિચાર છે. ભારતમાં કેટલાક લોકો એમ માને છે કે ચીન સાથેના તણાવમાં તિબેટ કાર્ડનો ઉપયોગ કરાય તો લાભ થઇ શકે છે પરંતુ આ વિચાર જ ભ્રામક છે.

## સેના પાછી ખેંચવાની પ્રક્રિયા મધ્યે ઇન્ડિયન એરફોર્સની લદ્દાખમાં આક્રમક ઉડાનો

ચીન અને ભારતે સેનાઓ પાછી ખેંચવાની શરૂઆત કરી તે દરમિયાન સોમવારે રાત્રે ઇન્ડિયન એરફોર્સે પૂર્વ લદ્દાખ સેક્ટરમાં ઉડાનો ભરી હતી. એલએસી નજીક આવેલા ફોરવર્ડ એરબેઝ ખાતેથી નાઇટ એરપેટ્રોલ કવાયતના ભાગરૂપે ઇન્ડિયન એરફોર્સના મિગ-૨૯, સુખોઇ-૩૦ એમકેઆઇ ફાઇટર જેટ અને અપાચે એટેક હેલિકોપ્ટરો તથા ચિનુપક હેવી લિફ્ટ હેલિકોપ્ટરોએ ઉડાન ભરી હતી.

## ચીનની ચેનલે નવી સેટેલાઇટ તસવીરો જારી કરી

ચીનની સરકારી ન્યૂઝ ચેનલે સોમવારે રાત્રે નવી સેટેલાઇટ તસવીરો જારી કરી હતી. ચેનલે એવો દાવો કરવાનો પ્રયાસ કર્યો હતો કે ભારતીય સેનાએ ઘૂસણખોરી કરી હતી પરંતુ સેટેલાઇટ તસવીરોએ પુરવાર કરી દીધું હતું કે, ગાલવાન વેલીમાં એલએસી પર પોતાના વિસ્તારમાં કાયદેસરની પ્રવૃત્તિ કરી રહેલી ભારતીય સેનાને ચીની સેનાએ અટકાવી હતી.

# સુરતના હીરાઉદ્યોગને અંદાજિત ૮૦૦૦ કરોડનું નુકસાન

સુરત : કોરોના વાયરસની માત્ર માનવ જીવન ઉપર જ નહીં, પણ આર્થિક ક્ષેત્રે પણ માઠી અસર થઈ રહી છે. સુરતના હીરા ઉદ્યોગને લગભગ ૮૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે અને તેનું કારણ છે ચીનમાંથી વિશ્વમાં ફેલાયેલો જીવલેણ ચેપી રોગ કોરોના વાયરસ. કોરોના વાયરસના લીધે હોંગકોંગે ઈમર્જન્સીની જાહેરાત કરી દીધી છે. હોંગકોંગ સુરતના હીરા ઉદ્યોગ માટેનું મુખ્ય નિકાસ બજાર છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગુજરાતની અંદર ડાયમન્ડ મેનીફેક્ચરિંગ ફેકટરીઓ છે, દુનિયામાં તો ૧૫ હીરા બનતા હોય છે તો ૧૪ હીરા માત્ર ભારતમાં અને તે પણ ગુજરાતમાં બની રહ્યા છે. સંપૂર્ણ હીરા પોલીશીંગનો કન્ટ્રોલ ભારત દેશ પાસે છે. એક વર્ષમાં ૨૪ બિલિયન ડોલરનું ટર્નઓવર હીરા ઉદ્યોગનું છે. સુરતમાંથી દર વર્ષે હોંગકોંગ ખાતે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના પોલિશ્ડ હીરાની નિકાસ કરવામાં આવે છે. જે સુરતમાંથી થતી હીરાની કુલ નિકાસનો ૩૭ ટકા હિસ્સો છે.



હવે કોરોના વાયરસના પ્રકોપના લીધે હોંગકોંગની સરકારે એક મહિના માટે રજા જાહેર કરી દીધી છે. લોકડાઉન દરમિયાન તો સંપૂર્ણ હીરા ઉદ્યોગ સજ્જડ બંધ હતો અને અનલોકમાં હવે કોરોનાનું સંક્રમણ રત્નકલાકારોમાં ફેલાયો હોવાથી ઉદ્યોગકારો પણ ભયમાં આવી ગયા છે. ૭૫ દિવસ બાદ હીરા ઉદ્યોગ શરૂ થયો હતો. પ્રથમ કન્સાઈમેન્ટ પણ સુરતથી હોંકોંગમાં કાર્ગો પ્લેન દ્વારા મોકલવામાં આવ્યું હતું. પરંતુ હાલની પરિસ્થિતિ ને ધ્યાનમાં રાખીને અંદાજિત એક હજાર કરોડનું નુકસાન થયું હોવાનું અનુમાન વેપારીઓ લગાવી રહ્યા છે અને આ આંકડો હજુ પણ વધી શકે તેવું વેપારીઓ વિચારી રહ્યા છે. દેશની GDPમાં ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીઝનો મોટો ફાળો રહેલો છે. હુંડિયામાં ૪.૦૫નો હિસ્સો ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીજનો રહ્યો છે. દેશના વિકાસમાં હીરાઉદ્યોગનો મોટો ફાળો વર્ષોથી રહ્યો છે. સરકાર દ્વારા સ્જીસ્ઈની સ્કીમની જે જાહેરાત કરી છે, તેની પર એક કમિટીની રચના કરવી જોઈએ અને તપાસ કરવી જોઈએ કે ખરેખર ઉદ્યોગકારોને આર્થિક મદદ મળી રહી છે કે નહિ. ઉપરાંત રિપોર્ટ આપવો જોઈએ કે કેમ નથી મળી રહી. તો જ આ હીરાઉદ્યોગ પાછું વહેલું બેઠું થશે અને દેશના વિકાસમાં ફરી મદદરૂપ થશે.

## તક્ષશિલા આગ હોનારતમાં ૧૪ આરોપી સામે તહોમતનામું મુકાશે

સુરત- તક્ષશિલા આર્કેડ આગ હોનારત કેસમાં સાપરાધ મનુષ્ય વધના ગુનાઈત કારસામાં સંડોવાયેલા ૧૪ જેટલા આરોપીઓ વિરુધ્ધ સરકારપક્ષે તહોમતનામું ફરમાવવા પહેલા પ્રપોઝ ચાર્જ ફ્રેમની માંગ કરતી અરજીની સુનાવણી બાદ કોર્ટે અમુક અપવાદને બાદ કરતાં મંજુર કરી છે. કોર્ટે આરોપીઓ વિરુધ્ધ સરકારપક્ષે સુચિત કલમો હેઠળ ચાર્જફ્રેમની કાર્યવાહી હાથ ધરવા નિર્દેશ આપી વધુ સુનાવણી તા.૧૩મી જુલાઈ સુધી મોકુફ રાખી છે.

સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા તક્ષશિલા આર્કેડમાં તા.૨૪-૫-૨૦૧૯ના રોજ બપોરે લાગેલી આગના બનાવમાં ૨૨ જેટલા વિદ્યાર્થીઓ ગુંગળાઈને દાઝી જવાથી કે ચોથા માળેથી કુદી પડતા ગંભીર ઈજાથી મોતને ભેટયા હતા. જ્યારે ૧૮ વિદ્યાર્થીઓને ઈજા થવા પામી હતી. જેથી દેશભરમાં ચકચારી બનેલા તક્ષશિલા આર્કેડ આગ હોનારત કાંડમાં ગેરકાયદે બાંધકામ કરનાર બિલ્ડર્સ, બાંધકામને નીતિ નિયમો વિરુધ્ધ મંજુરી આપનાર સુરત મહાનગર પાલિકાના આરોપી અધિકારીઓ, ટયુશન ક્લાસીસના સંચાલક,વીજ કંપનીના અધિકારી, ફાયર વિભાગના અધિકારીઓ સહિત કુલ ૧૪ આરોપીઓ વિરુધ્ધ સુરત ક્રાઈમ બ્રાંચે ગુનાઈત બેદરકારી દાખવી સાપરાધ મનુષ્યવધના ગુનાની ફરિયાદ નોંધાવી હતી. તદ્દુપરાંત તપાસ દરમિયાન આરોપીઓ વિરુધ્ધ ગુનાઈત ફોર્જરી સહિતના અન્ય ગુનાની કલમો પણ ઉમેરવામાં આવી હતી.

## લેસ્બીયન સબંધને પરિવારે મંજુરી નહી આપતા તરૂણી અને યુવતીએ ઘર છોડયું

સુરત- જહાંગીરપુરામાં રહેતા પરિવારની બે પુત્રી પૈકી નાની ૧૬ વર્ષીય પુત્રી નિલોફર (નામ બદલ્યું છે) એ ધો.૮ બાદ અભ્યાસ છોડી દીધો છે નિલોફર છેલ્લા ચાર માસથી તેના ઘર નજીક રહેતી ૨૨ વર્ષીય નજમુન (નામ બદલ્યું છે) સાથે રહેતી હતી એકબીજા સાથે વધારે સમય પસાર કરતા બંને પૈકી નજમુને ગત ૨૪ જુનની મધરાતે પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો ત્યારે તેના પરિવાર અને નિલોફરના પરિવારને તેમના લેસ્બીયન સંબંધ અંગે જાણ થઈ હતી. તે દિવસે નજમુને નિલોફર સાથે લગ્નની જીદ કરી હતી. જોકે, તેના પરિવારે ઈન્કાર કરતા તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન, ગત સવારે ૧૧ વાગ્યે નિલોફર ઘરેથી દુકાને સામાન લેવા ગયા બાદ પરત ફરી ન હતી.

## ડાંગના જંગલોમાં ૫૦ વર્ષ પછી ધોલ તેમજ ચોસિંગાની હાજરી

### • માણસને જુએ એટલે ધોલ ઝીણી સિસોટી વગાડે છે

ડાંગ : ગુજરાતમાં સિંહ, દીપડા અને મધ્યપ્રદેશના વાઘ પછી ધોલ એ ચોથુ શિકારી પ્રાણી છે જે શિકારમાં ભલભલા ખૂંખાર પ્રાણીઓને હંફાવી દે છે. વાંસદાના મહારાજા દિગ્વિરેન્દ્રસિંહજીએ ૧૯૭૦માં અહીંના જંગલોમાં ધોલને જોયા હતા અને તેમના ફોટો ક્લિક કર્યા હતા ત્યારબાદ ૫૦ વર્ષ પછી આ જંગલમાં ફરી એકવાર નર અને માદા એમ બે ધોલ જોવા મળ્યા છે. ઉપરાંત ડાંગના પૂર્ણા જંગલમાં છેલ્લે ૨૦૦૩-૦૪માં સર્વે દરમિયાન નોંધાયેલા ચોસિંગા પણ મે મહિનામાં જોવા મળ્યા છે જે ગુજરાત માટે ગર્વની વાત કહેવાય.

વન વિભાગના અધિકારી દિનેશ રબારીએ કહ્યું કે, જંગલ વિસ્તારમાં કેમેરા ગોઠવવામાં આવ્યા છે જેમાં ફેબ્રુઆરી માસમાં નર અને માદા ધોલનું જોડુ એકસાથે કેમેરામાં કેદ થયું હતું. જંગલી કૂતરા તરીકે ઓળખાતું ધોલ સામાન્ય નજરે દેશી કૂતરા જેવું લાગે છે. વરુ અને શિયાળ વચ્ચેનું કદ, લાલાશ પડતા ભૂખરા રંગનું શરીર તેમજ તેની પૂંછડી ગુચ્છાદાર વાળવાળી હોય છે. ધોલ જ્યારે માણસને જુએ ત્યારે ઝીણી સિસોટી વગાડી એકબીજાને સાવચેત કરે છે. તેવી જ રીતે કેમેરામાં કેદ થયેલા ચોસિંગા વિશે પૂર્ણા અભ્યારણના અધિકારી અગ્નિશ્વર વ્યાસે કહ્યું કે અહીં ૨૦૦૩-૦૪માં પ્રાણીઓનો સર્વે કરવામાં આવ્યો હતો જેમાં ચોસિંગાનો ઉલ્લેખ થયેલો છે. ત્યારબાદ ૧૬-૧૭ વર્ષ પછી ફરી જોવા મળ્યું છે.

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ
સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

Available on the App Store
GET IT ON Google Play

હવે APP STORE તથા PLAY STORE પરથી
SWADESH NEWS
ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર INSTALLED કરી
ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 I SWADESH 24x7

# વિશ્વની ૧૦૦ બ્રાન્ડની કુલ વેલ્યુ પાંચ ટ્રિલિયન ડૉલર

**• પ્રથમ ૧૦૦ બ્રાન્ડની સંપત્તિ એક વર્ષમાં ૫.૯ ટકા વધી : ૩૨ ટકા વૃદ્ધિ, ૪૧૬ અબજ ડૉલર સાથે એમેઝોન પ્રથમ ક્રમે**

વોશિંગ્ટન : વિશ્વની સૌથી મૂલ્યવાન ૧૦૦ બ્રાન્ડ્સ અંગેનો 'બ્રાન્ડ્ઝ ટોપ ૧૦૦ મોસ્ટ વેલ્યુએબલ બ્રાન્ડ્સ' રિપોર્ટ તાજેતરમાં રજૂ થયો હતો. એ પ્રમાણે જગતની સૌથી વધુ મૂલ્યવાન પ્રથમ ૧૦૦ બ્રાન્ડસની કુલ વેલ્યુ ૫ ટ્રિલિયન ડૉલર એટલે કે જાપાનના અર્થતંત્ર જેટલી (અને ભારતના અર્થતંત્ર કરતાં ડબલ) થાય છે. એક વર્ષમાં આ ૧૦૦ બ્રાન્ડ્સની વેલ્યુમાં ૫.૯ ટકાનો વધારો નોંધાયો હતો. ૨૦૦૬થી આજ સુધીમાં તો ટોપ-૧૦૦ બ્રાન્ડની વેલ્યુમાં ૨૪૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. આ રિપોર્ટમાં એપ્રિલ-૨૦૨૦ સુધીની નાણાકિય સ્થિતિ ધ્યાને લેવાઈ છે. રિપોર્ટ પ્રમાણે કેટલીક કંપનીઓના મૂલ્યમાં કોરોનાથી ખાસ ફરક પડયો નથી. લિસ્ટમાં પ્રથમ ક્રમે એમેઝોન છે. ૩૨ ટકા વાર્ષિક વૃદ્ધિ સાથે તેની બ્રાન્ડ વેલ્યુ ૪૧૫.૯ અબજ ડૉલર નોંધાઈ છે. એક જ વર્ષમાં એમેઝોનની સંપત્તિમાં લગભગ ૧૦૦ અબજ ડૉલરનો વધારો થયો છે. ગયા વર્ષના લિસ્ટમાં પણ એમેઝોન પ્રથમ, એપલ બીજા ક્રમે હતી. એ સ્થાન આ વખતે જળવાઈ રહ્યુ છે. લિસ્ટમાં ભારતની એકમાત્ર બ્રાન્ડ તરીકે એલઆઈસીનો ૭૫મા ક્રમે સમાવેશ થયો છે. એલઆઈસીની બ્રાન્ડ વેલ્યુ ૧૭.૫ અબજ ડૉલર આંકવામાં આવી છે.

ટોપ-૧૦૦ બ્રાન્ડમાં ૩૭ ટકા બ્રાન્ડ્સ સાથે ટેકનોલોજી કંપનીઓએ દબદબો જાળવી રાખ્યો છે. સરેરાશ વૃદ્ધિ ૫.૯ ટકા થઈ છે, પણ ટેકનોલોજી કંપનીઓની બ્રાન્ડ વેલ્યુમાં સરેરાશ ૧૦ ટકા વધારો નોંધાયો છે. ૧૦૦માંથી ૫૦ બ્રાન્ડ મીડિયા અને મનોરંજન સાથે સંકળાયેલી છે. એટલે નેટફિલક્સ અને ઈન્સ્ટા જેવી બ્રાન્ડ્સને લિસ્ટમાં સ્થાન મળ્યું છે. ઓનલાઈન ટ્રાન્ઝેક્શન વધ્યું તેના કારણે પ્રથમ વાર માસ્ટરકાર્ડને પ્રથમ ૧૦માં સ્થાન મળ્યું છે.

**ટોપ-૧૦૦માંથી ટોપ-૧૦ બ્રાન્ડ્સ**

| ક્રમ | બ્રાન્ડ | વેલ્યુ (અબજ ડોલર) | વેલ્યુ (વધ ઘટ) |
|---|---|---|---|
| ૧ | એમેઝોન (અમેરિકા) | ૪૧૫.૯ | +૩૨ |
| ૨ | એપલ (અમેરિકા) | ૩૫૨.૨ | +૧૪ |
| ૩ | માઈક્રોસોફ્ટ (અમેરિકા) | ૩૨૬.૫ | +૩૦ |
| ૪ | ગૂગલ (ટેકનોલોજી) | ૩૨૩.૬ | +૫ |
| ૫ | વિઝા (અમેરિકા) | ૧૮૬.૮ | +૫ |
| ૬ | અલિબાબા (ચીન) | ૧૫૨.૫ | +૧૬ |
| ૭ | ટેન્સિન્ટ (ચીન) | ૧૫૦.૯ | +૧૫ |
| ૮ | ફેસબૂક (અમેરિકા) | ૧૪૭.૨ | -૭ |
| ૯ | મેકડોનાલ્ડ (અમેરિકા) | ૧૨૯.૩ | -૧ |
| ૧૦ | માસ્ટરકાર્ડ (અમેરિકા) | ૧૦૮.૧ | +૧૮ |

## ૫૮ દિગ્ગજ કંપનીઓના ૩૬ લાખ કર્મચારીના બોસ ભારતીય મૂળના

વોશિંગ્ટન : અમેરિકા, કેનેડા અને સિંગાપુર જેવા ૧૧ દેશોમાં દિગ્ગજ કંપનીઓ ચલાવતા ભારતીય મૂળના ૫૮ સીઈઓ ૩૬ લાખથી વધુ કર્મચારીઓના બોસ છે અને આ તમામની કુલ આવક ૧ ટ્રિલિયન એટલે કે ૭૪૯૮ અબજ રૂપિયા મેળવે છે, જેનું માર્કેટ કેપિટલાઈઝેશન લગભગ ૪ ટ્રિલિયન ડોલર છે ! અમેરિકા આધારિત ભારતીય પ્રવાસીઓના એક સંગઠને આ ડેટા એકત્ર કર્યો છે. ભારતીય મૂળના ૫૮ સીઈઓ જે કંપનીઓ ચલાવે છે, તેમના મુખ્યાલય અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ અને સિંગાપુર સહિત ૧૧ દેશોમાં છે. આ કંપનીઓએ આ સીઈઓના નેતૃત્વમાં ૨૩ ટકાના દરથી પ્રગતિ કરી છે. આ કંપનીઓમાં દુનિયાભરમાં ૩૬ લાખથી વધુ લોકોને નોકરી મળી છે. આ તમામ કંપનીઓની આવક ૧ ટ્રિલિયન ડોલર છે.

સિલિકોન વેલી આધારિત ઉદ્યમી, રોકાણકાર અને ઈન્ડિયાસ્પોરાના ફઉન્ડર એમ.આર. રંગાસ્વામીએ કહ્યું કે, અમે આ અવિશ્વસનીય સિદ્ધિને દેખાડવા ઈચ્છતા હતા, જે આપણા સમુદાયે મેળવી છે.

## અમેરિકામાં બે લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ પર દેશનિકાલનું જોખમ

ન્યૂયોર્ક : અમેરિકામાં અભ્યાસ કરતા લાખો ભારતીય વિદ્યાર્થીઓના ભાવિ પર અસર કરે તેવા એક નિર્ણયમાં અમેરિકી ફેડરલ ઈમિગ્રેશન ઓથોરિટીએ જણાવ્યું છે કે, અમેરિકાની કોલેજો અને યુનિવર્સિટીઓમાં ફોલ સેમેસ્ટરમાં ફક્ત ઓનલાઈન ક્લાસિસ જ ચાલુ રાખવામાં આવે તો તેઓમાં અભ્યાસ કરી રહેલા એફ-વન અને એમ-વન વિઝા ધરાવતા વિદેશી વિદ્યાર્થીઓએ અમેરિકા છોડીને તેમના દેશ પરત ફરવું પડશે. આ પ્રકારના વિદેશી વિદ્યાર્થીઓને દેશનિકાલ કરવામાં આવશે. ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ)એ જણાવ્યું હતું કે, જે યુનિવર્સિટી અને કોલેજો ફક્ત ઓનલાઈન ક્લાસિસ ચાલુ રાખશે તેમાં વિદેશી વિદ્યાર્થીઓ ઓનલાઈન કોર્સ લઈ શકશે નહીં અને અમેરિકામાં રહી શકશે નહીં. આઈસીઈએ જણાવ્યું હતું કે, હાલ ફોલ સેમેસ્ટર માટે જે વિદેશી વિદ્યાર્થીઓએ પ્રવેશ હાંસલ કર્યો છે પરંતુ તેમની કોલેજ ફક્ત ઓનલાઈન અભ્યાસક્રમ જ ચલાવવાની છે તો તેમને અમેરિકાના વિઝા જારી કરાશે નહીં. અમેરિકાના કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન વિભાગ પણ આ પ્રકારના વિદ્યાર્થીઓને અમેરિકામાં પ્રવેશ આપશે નહીં. હાલમાં અમેરિકામાં અભ્યાસ કરી રહેલા વિદેશી વિદ્યાર્થીઓ જે કોલેજ અથવા યુનિવર્સિટી ઈન-પર્સન એજ્યુકેશન ચાલુ રાખવાની હોય તેમાં એડમિશન લેવાનો વિકલ્પ અપનાવી શકે છે. જો તેઓ આ પ્રકારે ઈન-પર્સન એજ્યુકેશન આપનારી કોલેજમાં પ્રવેશ નહીં મેળવે તો તેમને અમેરિકામાંથી દેશનિકાલ કરવામાં આવી શકે છે.

## જાપાનમાં ભયાનક પૂરથી ૪૪નાં મોત, ૫ લાખથી વધુ લોકોને સ્થળાંતરની સલાહ



ટોકિયો : દક્ષિણ જાપાનમાં ત્રણ દિવસથી ભારે વરસાદ અને પૂરનાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૪૪ થઈ ગઈ, જેમાં નદી કિનારાનાં નર્સિંગ હોમનાં પૂરની ઝપેટમાં આવવાથી ડુબેલા ૧૪ લોકોનો સમાવેશ થાય છે. સેનાના જવાનો અને અન્ય બચાવ ટીમોએ પૂરગ્રસ્ત કુમા નદીના કાંઠે કાદવ અને કાટમાળ વચ્ચે પોતાનું બચાવકાર્ય ચાલું રાખ્યું, જ્યાં ઘણા મકાનો અને ઈમારતો સંપૂર્ણપણે ડૂબી ગઈ છે. ઉત્તરી ક્યુશુનાં ત્રણ પ્રીફેક્ચર્સ(જીલ્લા) માં અતિ ભારે વરસાદની ચેતવણી આપી. ટાપુનો દક્ષિણ ભાગનો વિસ્તાર સપ્તાહના અંત સુંધી ભારે વરસાદ ભોગ બન્યો. કુમામોતો સિટીનાં કિનારે વસેલા વિસ્તારો સહિત ક્યુશુનાં લગભગ પાંચ લાખથી વધુ લોકોને ઘરમાંથી બહાર નીકળી જવાની સલાહ આપવામાં આવી છે. કુમામોતો શહેરમાંથી ૪૦ લાશ મળી આવી છે. મૃતકોમાં કુમા નદીની બાજુમાં આવેલા નર્સિંગ હોમના ૧૪ વડીલોનો સમાવેશ થાય છે. ઘણા લોકોને હેલિકોપ્ટર અને બોટ દ્વારા કુમામોટોથી બહાર કાઢવામાં આવ્યા છે. સંરક્ષણ દળ, કોસ્ટગાર્ડ અને ફાયર વિભાગના ૪૦,૦૦૦ થી વધુ જવાનો બચાવ કામગીરીમાં રોકાયેલા છે. પૂર અને ભુસ્ખલનને લીધે સેંજુઅન કેર સેન્ટરમાં રહેતા ૬૫ જેટલા લોકો અને તેમની સંભાળ રાખતા ૩૦ લોકો ત્યાં ફસાયા હતા. આ પછી બાકીના ૫૧ લોકોને ત્યાં રવિવારે (૫ જુલાઈ) બચાવી લેવામાં આવ્યા હતા.

## અપ્રવાસી ક્વોટા બિલને મંજૂરીથી આઠ લાખ ભારતીયને કુવૈત છોડવુ પડી શકે

**• બિલની જોગવાઈ મુજબ કુવૈતની કુલ વસ્તી કરતા ભારતીયોની સંખ્યા ૧૫ ટકાથી વધવી ન જોઈએ**

દુબઈ : કુવૈતની સંસદીય સમિતિએ વિદેશી કર્મચારીઓની સંખ્યા ઘટાડવાના અપ્રવાસી ક્વોટા બિલને મંજૂરી આપી દેતા આઠ લાખ ભારતીયોને કુવૈત છોડવું પડી શકે છે. નેશનલ એસેમ્બલીની કાયદાકીય અને કમિટીએ આ બિલને બંધારણીય ગણાવ્યું છે.

આ બિલ અનુસાર કુવૈતની કુલ વસ્તી કરતા ભારતીયોની સંખ્યા ૧૫ ટકાથી વધવી ન જોઈએ. આ નિયમને પગલે આઠ લાખ ભારતીયોને કુવૈત છોડવાની ફરજ પાડવામાં આવી શકે છે. હાલમાં કુવૈતમાં ૧૦.૪૫ લાખ ભારતીયો વસે છે. જ્યારે કુવૈતની હાલની કુલ વસ્તી ૪૦.૩૦ લાખ છે. જે પૈકી ૩૦ લાખ અપ્રવાસીઓ છે જ્યારે ફક્ત ૧૦.૩૦ લાખ કુવૈતના નાગરિકો છે. ઓઈલના ભાવ ઘટવા અને કોરોના મહામારીને પગલે સ્થાનિક લોકોએ વિદેશી કર્મચારીઓની માગ કરી હતી. જેના પગલે સરકારને વિદેશી કર્મચારીઓની સંખ્યા ઘટાડવાની ફરજ પડી હતી. ગયા મહિને કુવૈતના વડાપ્રધાન શેખ સબાહ અલ ખાલીદ અલ સબાહે અપ્રવાસીઓની વસ્તી ૭૦ ટકાથી ઘટાડીને ૩૦ ટકા કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

## અમેરિકામાં જાહેર રસ્તા પર ફાયરિંગમાં ચારના મોત, ત્રણ ઘાયલ

પીટરસન : ન્યુજર્સીના ઉત્તરે એક શહેરમાં આજે કેટલાક અજાણ્યા હુમલાખોરેએ કરેલા ફાયરિંગમાં ચાર જણા માર્યા ગયા હતા અને ત્રણને ઈજા થઈ હતી. પીટરસનમાં રાત્રે ૧૧ વાગ્યા પછી આ ઘટના બની હતી. ચાર જણાને ગંભીર ઈજા થતાં હોસ્પિટે ખસેડાયા હતા, પરંતુ ત્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. જ્યારે ત્રણ ઈજાગ્રસ્તો પોતાની રીતે જ સારવાર લેવા ઉપડી ગયા હતા, એમ સત્તાવાળાઓએ કહ્યું હતું. ફાયરિંગના ભોગ બનેલા સાત જણાના નામ જાહેર કારાયા નહતા. 'મારે એક વાત સ્પષ્ટ કરવી છે કે મારા શહેરમાં હિંસાને ચલાવી નહીં લેવાય. મારા એજન્ડામાં લોકોના જાન અને માલને પ્રાથમિકતા છે. આ પ્રકારની હિંસાને રોકવા માટે હું અંગત પણે કામગારીમાં જોડાઈશ. જે લોકો સમાજમાં ભય પેદા કરે છે તેમને છોડવામાં નહીં આવે'એમ શહેરના મેયર એન્ડ્રે સાયેબે કહ્યું હતું.

**બ્રિટનમાં ઈન્ડિયા ગ્લોબલ વીક ૨૦૨૦ને સંબોધન**

## ઈતિહાસ કહે છે કે ભારત દરેક પડકારમાં જીત્યું છેઃ નરેન્દ્ર મોદી

લંડન : બ્રિટનમાં ગુરુવાથી શરૂ થયેલા ઈન્ડિયા ગ્લોબલ વીક ૨૦૨૦માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભારત દરેક પડકારમાં જીત્યું હોવાનું ઈતિહાસ કહે છે. આપણે એક તરફ કોરોના સામે લડી રહ્યા છીએ તો બીજી તરફ અર્થવ્યવસ્થાને પણ સંભાળી રહ્યાં છીએ. તેમણે પોતાના ભાષણમાં કહ્યું કે ભારત ટેલેન્ટનું પાવર હાઉસ છે. તે વિશ્વના વિકાસ અને ભલાઈમાં યોગદાન આપતું આવ્યું છે અને આપવા ઈચ્છે છે. અમારો દેશ આગળ વધવા માંગે છે. ભારતીય નેચરલ રિફોર્મર છે. આપણે દરેક પડકારનો સામનો કરીએ છીએ. પછી તે સોશિયલ હોય કે ઈકોનોમિક. આજે આપણે મહામારી સામે પૂરી તાકાતથી લડી રહ્યા છે. પરંતુ અમે એ પણ ઈચ્છીએ છીએ વિકાસ અને પર્યાવરણની રક્ષા એકસાથે થાય. વડાપ્રધાને વધુમાં કહ્યું કે ભારતની ધરતીને માતા કહેવામાં આવે છે. આપણે તેના બાળકો છીએ. અમે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ ઉપર કામ કરી રહ્યા છીએ. તેની સાથે જોડાયેલા દરેક પ્રકારના ફેરફાર કરાયા છે અને તેને આગળ વધારી રહ્યા છીએ. મહામારી દરમિયાન અમે લોકોને સુવિધા આપી. અમે રાહત પેકેજ આપ્યું છે.

## PNB ઠગાઈ કેસઃ બ્રિટનમાં નીરવ મોદીની ન્યાયિક કસ્ટડી ૬ ઓગસ્ટ સુધી વધી

લંડન : પંજાબ નેશનલ બેંક છેતરપિંડી કેસમાં ભાગેડુ હીરાના વેપારી નીરવ મોદીની બ્રિટનમાં ન્યાયિક કસ્ટડી ૬ ઓગસ્ટ સુધી વધારવામાં આવી છે. મોદી અહીં ભારત પ્રત્યાર્પણ માટેનાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. ભારતની વિવિધ તપાસ એજન્સીઓએ તેની વિરૂધ્ધ કેસ નોંધ્યા છે. આ મામલામાં મોદીના સહયોગી મેહુલ ચોક્સી પણ ભારતમાં વોન્ટેડ છે. પ્રત્યર્પણના કેસની વીડિયો કોન્ફરન્સ દ્વારા થયેલી સુનાવણી માટે મોદી ગુરૂવારે બ્રિટનની વેસ્ટમિંસ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર થયા. ગયા વર્ષે માર્ચમાં ધરપકડ થયા બાદ તે લંડનની વાન્ડસવર્થ જેલમાં બંધ છે. ચીફ મેજિસ્ટ્રેટ એમ્મા આર્બથનોટે નિયમિત ૨૮ દિવસમાં થનારી સુનાવણી દરમિયાન મોદીને માહિતી આપી હતી કે તેમની આગામી સુનાવણી ૬ ઓગસ્ટે થશે.

# કોરોનાનું મૂળ ઉદગમ સ્થાન શોધીને તેનાં ફેલાવાની શરૂઆત ક્યાંથી થઈ તેની તપાસ કરાવવા ચીન તૈયાર

## વુહાન પહેલાં યુરોપમાં કોરોનાનો કેસ મળ્યાનો ચીનના વૈજ્ઞાનિકનો દાવો

બેઈજિંગ / વોશિંગ્ટન : કોરોના વાઈરસનું મૂળ ઉદ્ગમ સ્થાન શોધીને તેનાં ફેલાવાની શરૂઆત ક્યાંથી થઈ તેની તપાસ કરાવવા ચીન તૈયાર થયું છે. આ માટે ડબલ્યુએચઓની ટુકડીને ચીનમાં પ્રવેશ આપવા તેણે તૈયારી દર્શાવી છે. ચીનનાં વૈજ્ઞાનિક ઝોન્ગ નૈનશૈને દાવો કર્યો છે કે કોરોના વાઈરસ ચીનનાં વુહાન પહેલાં યુરોપમાં મળ્યો હતો. યુરોપનાં દેશોની ગટરનાં ગંદા પાણીમાં કોરોના વાઈરસ જોવા મળ્યા હતા.

ચીનનાં વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા ઝાઓ લિજિયને કહ્યું હતું કે, ઘણા વિચારવિમર્શ પછી આ મુદ્દે સરકારમાં સંમતિ સધાઈ છે. આ નવા ઘટનાક્રમ પછી ડબલ્યુએચઓનાં નિષ્ણાતોની એક ટીમ સમગ્ર મામલાની તપાસ કરવા ચીન જશે. ચીનના હુબેઈ પ્રાંતમાં વુહાન શહેરથી સૌ પહેલા કોરોના વાઈરસનો કેસ ગયા વર્ષે પ્રકાશમાં આવ્યો હતો. ચીને ડબલ્યુએચઓમાંથી ખસી જવાનાં અમેરિકાનાં પગલાંની આકરી ટીકા કરી હતી. ઝાઓએ કહ્યું હતું કે, ડબલ્યુએચઓ એ આખા વિશ્વમાં જાહેર આરોગ્યની સુવિધા માટે અધિકૃત અને વ્યવસાયી ઈન્ટરનેશનલ સંસ્થા છે. ડબલ્યુએચઓમાંથી તે ખસી જવાની અસર વિકાસશીલ દેશો પર વધારે પડશે. ટ્રમ્પ સરકાર કોરોના સામે લડવાનાં વિશ્વનાં પ્રયાસોને નજરઅંદાજ કરી રહી છે.

### યુએસમાં એક જ દિવસમાં ૬૨,૦૦૦થી વધુ કેસ

અમેરિકામાં કોરોનાએ માઝા મૂકી છે. ગુરુવારે એક જ દિવસમાં કોરોનાનાં ૬૨,૦૦૦થી વધુ કેસ નોંધાતા હાહાકાર મચી ગયો છે. સંક્રમિતોની સંખ્યા ૩૦ લાખને પાર ગઈ છે. કેલિફોર્નિયા અને ટેક્સાસમાં સૌથી વધુ દસ–દસ હજાર જેટલા કેસ નોંધાયા છે. કુલ કેસની સંખ્યા ૩૧,૬૦,૩૨૧ થઈ છે જ્યારે ૧,૩૪,૯૨૪નાં મોત થયા છે. અત્યાર સુધી કોરોના વાયરસની ગંભીરતાને નકારી રહેલા, બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારો કોરોના વાયરસ સંક્રમિત થયા હોવાનું જાણવા મળ્યું છે, બ્રાઝિલમાં અત્યાર સુધીમાં ૧૬ લાખ ૨૮ હજાર ૨૮૩ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે, જે અમેરિકા પછી દુનિયામાં સૌથી વધુ છે. તો, દેશમાં ૬૫,૬૩૧ લોકો મૃત્યુ પામ્યા છે.



### વિશ્વમાં કોરોનાના ૧ કરોડ ૨૨ લાખ કેસ : મૃત્યુઆંક ૫.૫૫ લાખની નજીક

આખા વિશ્વમાં કોરોનાએ તેનું વિકરાળ સ્વરૂપ દર્શાવવાનું શરૂ કર્યું છે. અમેરિકા, બ્રાઝિલ, રશિયા સહિત અનેક દેશોમાં કોરોનાનો બીજો તબક્કો હજારો લોકોને તેનાં ભરડામાં લઈ રહ્યો છે. સમગ્ર વિશ્વમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧,૨૨,૧૨,૦૧૬નો આંક વટાવી ગયો છે જયારે મૃત્યુઆંક ઝડપથી વધીને ૫. ૫૫ લાખ તરફ જઈ રહ્યો છે. અત્યાર સુધીમાં ૫,૫૩, ૧૭૩ લોકો તેનો ભોગ બન્યા છે.

### વિક્ટોરિયામાં કોરોનાના ૧૨૭ નવા કેસ મળ્યા, મેલબોર્નનામાં લોકડાઉન લંબાવાયું

ઓસ્ટ્રેલિયામાં જે રીતે કોરોનાનાં કેસ વધી રહ્યા છે તે પછી મેલબોર્નમાં ૬ અઠવાડિયા માટે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. પીએમ સ્કોટ મોરિસને કહ્યું હતું કે બુધવાર રાતથી જ પ્રતિબંધો અમલમાં આવશે. સૌ સાથે મળીને કોરોના સામે લડીશું અને દેશને કોરોનાથી બચાવીશું. વિક્ટોરિયા રાજ્યમાં કોરોનાના ૧૨૭ નવા કેસો નોંધાવાને પગલે વિક્ટોરિયાના પ્રિમિયર ડેનિયલ એન્ડ્ર્યુઝે ૧૦૦ વર્ષમાં પહેલીવાર પાડોશી રાજ્ય ન્યુ સાઉથ વેલ્શ સાથેની સરહદ બંધ કરી દીધી છે. દરમ્યાન મેલબોર્નમાં ૩૦૦૦ની વસ્તી ધરાવતાં નવ હાઉસિંગ ટાવરમાં લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું હતું.

### પાકિસ્તાનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૩૪૪ કેસો નોંધાયા, કુલ કેસ ૨૩૧૦૦૦

પાકિસ્તાનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૩૪૪ કેસો નોંધાતા કુલ કેસોની સંખ્યા ૨,૩૧,૦૦૦ થઇ છે. ૫૦ જણના મોત થવા સાથે મરણાંક પણ વધીને ૪૭૬૨ પર પહોંચ્યો છે. બીજા ૨૪૦૬ દર્દીઓની હાલત ખૂબ ગંભીર હોવાનું જણાયું છે. સૌથી વધારે કોરોનાના કેસો ૯૪૫૨૮ સિંધમાં નોંધાયા છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં પણ કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૩૪૨ થઇ છે. પાકિસ્તાનના આરોગ્ય પ્રધાન ડો. ઝફર મિર્ઝાને પણ કોરોનાનો ચેપ લાગ્યો છે. તેમનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. દરમ્યાન સિંગાપોર સરકારે જણાવ્યું હતું કે પાંચ ભારતથી આવેલાં લોકોને કોરોનાનો ચેપ હોવાનું જણાયું છે.

### WHOએ કોરોના વાઇરસ હવાથી ફેલાતો હોવાનું સ્વીકાર્યું

જિનિવા : કોરોના વાઇરસ લોકોમાં કેવી રીતે ફેલાઇ શકે છે તે અંગેની ગાઇડલાઇનમાં સુધારો કરવા ૩૨ દેશના ૨૩૯ વૈજ્ઞાનિકોએ વિનંતી કર્યા બાદ વિશ્વ આરોગ્ય સંસ્થાએ સ્વીકાર્યું છે કે કોરોના વાઇરસ હવાથી ફેલાતો હોવાના પુરાવા મળી રહ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થા ખાતેના નિષ્ણાત મારિયા વાન કેરખોવે જણાવ્યું હતું કે, કોરોનાના ફેલાવા અંગે આપણે હવા અને શ્વાસ દ્વારા પ્રસારની વાત કરી રહ્યા છીએ. આગામી દિવસોમાં વાઇરસના પ્રસારનાં માધ્યમો પર નવેસરથી વૈજ્ઞાનિક માહિતી જાહેર કરાશે. વિશ્વ આરોગ્ય સંસ્થામાં ચેપ નિવારણ નિષ્ણાત બેનિડિટા અલેગ્રાન્ઝીએ જણાવ્યું હતું કે, કોરોનાનો વાઇરસ હવા દ્વારા ફેલાતો હોવાના પુરાવા મળી રહ્યા છે પરંતુ હજુ આ પુરાવા નિર્ણાયક નથી.

### યુકેમાં ૧.૫૭ બિલિયન પાઉન્ડનું રાહત પેકેજ જાહેર

લંડન : યુકેના નાણાં પ્રધાન રિશી સૌનકે કળા, સંસ્કૃતી અને હેરિટેજ ઉદ્યોગને લોકડાઉનની મંદીમાંથી ઉગારવા માટે ગ્રાન્ટ અને સસ્તી લોનનું ૧.૫૭ બિલિયન પાઉન્ડનું પેકેજ જાહેર કર્યું હતું. સૌનકે જણાવ્યું હતું કે આપણી વિશ્વ વિખ્યાત ગેલેરીઓ, સંગ્રહાલયો, સંગીતના સ્થળો અને સ્વતંત્ર સિનેમા એ આપણાં અર્થતંત્રને ધબકતું રાખે છે અને તેમાં સાત લાખ લોકોને રોજગાર મળે છે. આ કારણોસર જ અમે તેમના અસ્તિત્વને ટકાવી રાખવા માટે તેમને માટે પેકેજ જાહેર કર્યું છે. વડા પ્રધાન બોરિસ જહોન્સને જણાવ્યું હતું કે યુકેનો સંસ્કૃતી ઉદ્યોગ આ દેશના હૃદયમાં ધબકે છે. આ રકમથી ભાવિ પેઢીઓ માટે કળા સચવાઇ રહેશે. આ નવું પેકેજ સમગ્ર દેશમાં ઉપલબ્ધ બનશે.

### કોરોના કાર્ડ

- સર્બિયામાં લોકોએ રાજધાની બેલગ્રેડમાં કોરોનાનાં પ્રતિબંધોનાં વિરોધમાં સંસદ સામે દેખાવો કર્યા હતા. કેટલાક લોકોએ વાહનો અને દુકાનોને આગ ચાંપવા કોશિશ કરી હતી, પોલીસે ટિયરગેસ છોડી.
- ન્યૂઝીલેન્ડમાં કોરોના સંક્રમિતોની માહિતી આપનાર સાંસદે હેમિશ વોકરે રાજીનામું આપ્યું હતું.
- બ્રિટન ઈકોનોમિક રિકવરી માટે મીની બજેટ રજૂ કરવા તૈયારી કરી રહ્યું છે. બ્રિટનમાં કોરોનાથી ૪૪,૦૦૦થી વધુનાં મોત થયા છે.
- કોલંબિયામાં પહેલી ઓગસ્ટ સુધી લોકડાઉન વધારવામાં આવ્યું છે.
- ઉઝબેકિસ્તાને કોરોના સંક્રમણ રોકવા ૧ ઓગસ્ટ સુધી લોકડાઉન અમલી બનાવવા નક્કી કર્યું છે.
- ઈઝરાયેલમાં સંરક્ષણ પ્રધાન બેની ગાંત્જ સેલ્ફ ક્વોરન્ટાઈન થયા છે.
- ઓસ્ટ્રિયાએ બલ્ગેરિયા, મોલ્ડોવા અને રોમાનિયાનાં લોકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો છે.

## અમેરિકાએ WHO સાથે સંબંધો કાપ્યા, યુએનને નોટિસ પાઠવી

- WHOએ કોરોના મુદ્દે ચીનને સાથ આપ્યો હોવાનું કારણ દર્શાવ્યું
- ટ્રમ્પનો નિર્ણય એકતરફી અને અયોગ્ય : સ્વાસ્થ્ય સંગઠનમાંથી ખસી જવા મુદ્દે ચીને અમેરિકાની ટીકા કરી

વોશિંગ્ટન : અમેરિકાએ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)માંથી બહાર નીકળી જવા માટે સત્તાવાર રીતે યુએનને નોટિસ પાઠવી દીધી હતી. કોરોનાના મુદ્દે અયોગ્ય રીતે ડબલ્યુએચઓએ ચીનને સમર્થન આપ્યું હોવાનું કારણ અમેરિકાએ આગળ ધર્યું હતું. યુએનના મહાસચિવને દસ્તાવેજો સોંપીને અમેરિકાએ સત્તાવાર પ્રક્રિયા હાથ ધરી હતી.

અમેરિકાએ ડબલ્યુએચઓથી છેડો ફાડવાની જાહેરાત કરી હતી. એ પછી આખરે તેની સત્તાવાર પ્રક્રિયા પણ હાથ ધરી હતી. યુએનની સંસ્થા ડબલ્યુએચઓ સાથે સંબંધો કાપી નાખવા માટે અમેરિકાએ યુએનના જનરલ સેક્રેટરીને સત્તાવાર નોટિફિકેશન પાઠવ્યું હતું. અમેરિકાએ ડબલ્યુએચઓ સાથે સબંધો કાપી નાખવાની પ્રક્રિયાના ભાગરૂપે યુએનને દસ્તાવેજો આપ્યા હતા, જેમાં કોરોના વખતે ડબલ્યુએચઓએ અયોગ્ય રીતે ચીનને સમર્થન આપ્યું હોવાનું મુખ્ય કારણ રજૂ કર્યું હતું. યુએનના જનરલ સેક્રેટરીના પ્રવક્તાએ આ અંગેની સત્તાવાર જાહેરાત કરતા કહ્યું હતું કે ૭ જુલાઈથી અમેરિકા ડબલ્યુએચઓનો હિસ્સો રહેવા ઈચ્છતું નથી. આ નિર્ણય ૭ જુલાઈ-૨૦૨૧થી જ અમેરિકા અમલી બનાવશે. ડબલ્યુએચઓના નિયમો પ્રમાણે કોઈ પણ સભ્ય દેશે સંગઠનમાંથી બહાર નીકળવા માટે એક વર્ષ પહેલાં કહેવું પડે છે. નોટિફિકેશન આપ્યા પછી પણ એક વર્ષ સુધી એ દેશ ડબલ્યુએચઓનો સભ્ય ગણાય છે. એ દરમિયાન જો સભ્ય દેશ ધારે તો સભ્ય બની રહેવા માટે ફેરવિચારણા કરી શકે છે.

## વિશ્વને અમારા વિરૂદ્ધ ભડકાવનારું US આકરાં પરિણામ ભોગવશે : ચીન

- ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સનો અણિયાળો સવાલ

બેઈજિંગ : ચીને અમેરિકાને યુદ્ધખોર દેશ ગણાવી કહ્યું છે કે વિશ્વને ચીન વિરૂદ્ધ ભડકાવવાનું કામ અમેરિકા કરી રહ્યંર છે. અમેરિકા તેના આકરા પરિણામો ભોગવશે. આ વાત જોકે કોઈ ચીની નેતા કે સત્તાધિશોએ પ્રત્યક્ષ નહીં પરંતુ પરોક્ષ રીતે કહી હતી. ચીની સરકારના અખબાર ગ્લોબ ટાઈમ્સમાં છપાયેલા તંત્રીલેખમાં અમેરિકાને આકરા પરિણામ ભોગવવા તૈયાર રહેવા ધમકાવાયું છે. તેમાં લખ્યું છે કે આખુ જગત મહામારીમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે પણ અમેરિકા શાંતિ જાળવવાને બદલે જગતને યુદ્ધ તરફ ધકેલવાના પગલા ભરી રહ્યું છે.

ટ્રમ્પના કાર્યકાળમાં અમેરિકા-ચીનના સબંધોમાં વધારે તીરાડ પડી છે. અગાઉ ટ્રેડ વોર મુદ્દે અમેરિકા-ચીન વચ્ચે સંઘર્ષ થયો હતો. એ પછી હવે કોરોના ફેલાયો એ માટે અમેરિકા ચીનને જ જવાબદાર માને છે. એ માટે ટ્રમ્પ વારંવાર ચીનને દોષિત ગણાવી ચૂક્યા છે. એ સ્થિતિ થાળે પડે એ પહેલા જ ગલવાનમાં ચીન ભારત સાથે સંઘર્ષમાં ઉતરવા જતા ભેખડે ભરાયું હતું. એ તકનો લાભ લઈને અમેરિકાએ પોતાનું ચીન વિરોધી વલણ વધારે મજબૂત બનાવી દીધું છે.

અમેરિકાએ પોતાના બે વિમાનવાહક યુદ્ધજહાજો સાઉથ ચાઈના સીમાં મોકલી દીધી છે, અન્ય સૈન્ય-સરંજામ પણ એશિયા તરફ રવાના કર્યો છે. વધુમાં અમેરિકાએ એ સ્પષ્ટ રીતે કહી દીધું છે કે ભારત-ચીન વચ્ચે જંગ થશે તો અમેરિકા ભારતનો પક્ષ લેશે. ચીન આ બધા પગલાંને અમેરિકાની યુદ્ધખોર નીતિ ગણાવે છે. ચીની અખબારે અમેરિકાની ટીકા કરતું લખ્યું હતુ કે અમેરિકા પોતાને માનવાધિકારનું સંરક્ષક માને છે, પણ પોતાના દેશમાં જ ૨૮ લાખને કોરોના થયો, તેનું રક્ષણ કરી શક્યું નથી.

# જમીન પ્લોટ જગો મકાનમાં વાસ્તુ મુજબ દિશા કે ખૂણો ચોક્કસ રીતે શોધવાની સરળ માહિતી

ચાર દિશા : ઊત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ

ચાર ખૂણા : ઈશાન, અગ્નિ, નૈરૂત્વ, વાયવ્ય

દરેક દિશા અને દરેક ખુણાના ૪૫° (અંશ) સમજવા તેનો સરવાળો કરતા કુલ ૩૬૦°(અંશ) ભૂમિતિની ગણના મુજબ મળતા હોય છે.

વ્યક્તિની જમીન, પ્લોટ, જગો, મકાનમાં જે મધ્ય ભાગ આવે ત્યાંથી ચાર દિશા અને ચાર ખૂણા ચોક્કસ નક્કી કરી શકાય પણ જો દિશા કે ખૂણા કાઢવામાં સહેજ પણ ભુલ થાય તો ભૂમિ દોષ વાસ્તુ દોષ માનવામાં આવે છે દરેક દિશા કે ખુણાના ૪૫° (અંશ) ૩(ત્રણ) ભાગ કરવા દરેક ભાગ ૧૫° (અંશ)નો આવે ત્રણ ભાગમાં જે વચ્ચેના ૧૫° આવે તેને જ ચોક્કસ દિશા કે ખૂણો માનવો આવેલ ૧૫° ના બે ભાગ કરતા ૭°.૫ આવશે અને તેની જે મધ્ય લાઈન આવે તેને જમીન, પ્લોટ, જગો કે મકાનની ચોક્કસ દિશા કે ખૂણો માનવો. જમીન પ્લોટ. જગોમાં સૂર્ય સક્રાંતિ મુજબ કોઈપણ પ્રકારના બાંધકામ પહેલા ખાત મુર્હૂત કરવું જેથી વાસ્તુ દોષ આવે નહીં બાંધકામ સરળતાથી પુરૂ થાય છે.

દિશા અને ખૂણાની માહિતી

(૧) પૂર્વ દિશાની એક તરફ પૂર્વઈશાન ખૂણો અને એક તરફ પૂર્વિ અગ્નિ ખૂણો આવે છે.
(૨) અગ્નિ ખૂણાની એક તરફ પૂર્વ અગ્નિ ખૂણો અને એક તરફ દક્ષિણ અગ્નિ ખૂણો આવે છે.
(૩) દક્ષિણ દિશાની એક તરફ દક્ષિણ અગ્નિ ખૂણો અને એક તરફ દક્ષિણ નૈરૂત્ય ખૂણો આવે છે.
(૪) નૈરૂત્ય ખૂણાની એક તરફ દક્ષિણ નૈરૂત્ય અને એક તરફ પશ્ચિમ નૈરૂત્ય ખૂણો આવે છે.
(૫) પશ્ચિમ દિશાની એક તરફ પસ્ચિમ નૈરૂત્ય ખૂણો અને એક તરફ પશ્ચિમ વાયવ્ય આવે.
(૬) વાયવ્ય ખૂણાની એક તરફ પશ્ચિમ વાયવ્ય અને એક તરફ ઊત્તરી વાયવ્ય આવે
(૭) ઊત્તર દિશાની એક તરફ ઊત્તરી વાયવ્ય અને એક તરફ ઊત્તરી ઈશાન આવે છે.
(૮) ઈશાન ખૂણાની એક તરફ ઊત્તરી ઈશાન અને એક તરફ પૂર્વિ ઈશાન - ખૂણો આવે છે.
(૯) આ રીતે ઉપરની બાજુ ઉધ્વ અને નીચેની બાજુને અધો કહેવામાં આવે છે.



આમ ચાર દિશા, ચાર ખૂણા, ઉધ્વ અને અધો બની દશ દિશાઓ- ખૂણા સહિત માનવામાં આવે છે.

વર્ષોથી સચોટ દિશા અને ખૂણાઓ શોધવાની પડતી મુસ્કેલીઓનો વણઉકેલાયો જટીલ પ્રશ્ન હતો તેની માહિતી સરળ ભાષામાં અને આ સાથે દર્શાવેલ ગ્રાફ દ્વારા આપવામાં આવેલ છે. જેથી કરીને જમીન, પ્લોટ, જગો કે મકાન વાસ્તુશાસ્ત્ર મુજબ કોઈ પણ પ્રકારનો પહેલેથી જ વાસ્તુ દોષ, દિશા દોષ, ખૂણા દોષનો પ્રશ્ન રહે નહી અને લોકો સુખી સમૃદ્ધ બને છે.

દરેક દિશાના ૪૫° (ઔંશ) ગણવા તેના ૩ ભાગ કરવાથી દરેક ભાગ ૧૫° (ઔંશ) આવે છે.



દરેક ખૂણાના ૪૫° (ઔંશ) ગણવા તેના ૩ ભાગ કરવાથી દરેક ૧૫° (અંશો) આવે છે.



(૧) ઉત્તર દિશા : ધન પ્રાપ્તિ માટે (૨) ઉત્તરી ઈશાન ખૂણો : સ્વાસ્થ્ય પ્રતિરોધક ક્ષમતા આપે છે. (૩) ઉત્તરી વાયવ્ય ખુણો : કામ-વાસના, આકર્ષણ આપે છે. (૪) ઈશાન ખૂણો : સ્વસ્થ મન અને સ્પષ્ટતા, લક્ષ્મી આપે છે. (૫) પૂર્વિ ઈશાન : આનંદ-પ્રમોદ, મનોરંજન આપે છે. (૬) પૂર્વ દિશા : સામાજીક મન-મેળાપ આપે છે. (૭) પૂર્વ અગ્નિ ખૂણો : ચિંતન અને વિચાર, મંથન કરાવે છે. (૮)અગ્નિ ખૂણો : રસોડું, અગ્નિ સામગ્રી અને તેને લગતી બાબતો માટે (૯) દક્ષિણ અગ્નિ ખૂણો :- શક્તિ, બળ, જોમ અને આત્મવિશ્વાસ આપે છે. (૧૦) દક્ષિણ દિશા :- આરામ, પ્રસિદ્ધિ, લોકચાહના આપે છે. (૧૧) દક્ષિણ નૈઋત્ય ખૂણો : વ્યય- ખર્ચ, સમાધાન અને માંડવાળ કરવા માટે છે. (૧૨) નૈઋત્ય ખૂણો : સારા સંબંધ, મન મેળાપ, કૌશલ્ય શોધખોળ કરવા માટે છે. (૧૩) પશ્ચિમી નૈઋત્ય ખૂણો : સારૂ ઊચ્ચ શિક્ષણ આપે જાતક (વ્યક્તિ)ની નાણાંકીય બચત ખુબ સારી થાય (૧૪) પશ્ચિમ દિશા : વ્યક્તિને ખુબ લાભ કરાવે વેપારમાં નફો વધુ મળે છે. (૧૫) પશ્ચિમી વાયવ્ય ખુણો : અવસર માટે અને તે માટે પ્રવાસ કરાવવા માટે છે. (૧૬) વાયવ્ય ખૂણો : બેંક, શ્રોફ, નાણાની ધિર-ધાર અને તેને લગતી બાબતોનું સમર્થન અને કામકાજમાં સફળતા આપનાર છે.

દિશા અને ખૂણાઓના રંગોની સમજ : (૧) પૂર્વ દિશા - લાલરંગ, (૨) અગ્નિ ખૂણો - કાળો રંગ, (૩) દક્ષિણ દિશા - ગુલાબી રંગ (૪) નૈરૂત્ય ખૂણો - ભુરો રંગ (૫) પશ્ચિમ દિશા - આછો કાળો (૬) વાયવ્ય ખૂણો - સફેદ રંગ (૭) ઊત્તર દિશા - ઘેરો લીલો (૮) ઈશાન ખૂણો - ઓછો પીળો રંગ

આ મુજબ દિશા અને ખૂણાની માહિતી મેળવી શકાય છે.




-------------- : સંપર્ક સાધવા માટે : --------------

બીપીન એસ્ટ્રોલોજર

૮ ઓકટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા

Whatsapp No. 98790 87511

Time : 10.00 am to 6.00 pm


# હોલ્ટન ગુજરાતી સિનિયર્સ સમાજ દ્વારા કાર્યક્રમોને સથવારે કેનેડા ડે ની ઉજવણી




બ્રામ્પ્ટન : હોલ્ટન ગુજરાતી સિનિયર્સ સમાજ દર વર્ષે કેનેડાનો જન્મ દિવસ ખૂબ જ ઉત્સાહથી ઉજવે છે. આ વર્ષે અકલ્પનીય-નવીન વૈશ્વિક કોવિડ ૧૯ મહામારીને કારણે સંસ્થાએ ૦૧/૦૭/૨૦૨૦ના રોજ સવારે ૧૦ વાગ્યે મહાનુભાવોની દ્રશ્ય-શ્રાવ્ય ઉપસ્થિતિમાં ઓનલાઇન વર્ચ્યુઅલ કેનેડાની ઉજવણી કરી હતી.

રાજકીય અગ્રણીઓ, મેયર ગોર્ડન ક્રાંત્ઝ, એમ.પી. એડમવેન કોવરડેન, એમ.પી.પી. પરમગિલ, કાઉન્સિલ-સદસ્યો માઈકક્લુંએટ, રીકડી લોરેન્ઝો, ઝીશાન હામિદ, સમીરાઅલી તેમજ વિવિધ સંસ્થાઓ અને સમુદાયના પ્રતિનીધીઓની ઓનલાઈન ઉપસ્થિતિમાં હોલ્ટન ગુજરાતી સિનિયર્સ સમાજે કાર્યક્રમો યોજી ૧૫૩મા ''કેનેડા ડે''ની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમને વિવિધ દેશોમાં, લોકોએ મીડિયા ફેસબુક અને યુ ટ્યુબ પર જબરદસ્ત પ્રતિસાદ આપ્યો હતો.

**ધ્વજવંદન બાદ કેનેડાનું રાષ્ટ્રગીત ગવાયુ, વિવિધ કલાકારોએ વીડિયો રજૂ કર્યા**

**ગીતો ગવાયા બાદ કવાલી રજૂ કરી ગરબા પણ રમાયા**

અલ્પેશભાઈ પટેલે ધ્વજવંદન કરાવ્યા બાદ રાધિકા ઠક્કરે કેનેડાનું રાષ્ટ્રગીત ગાયું હતુ. હોલ્ટન ગુજરાતી સમાજના પ્રમુખ નીરજ ઠક્કરે ધ્વજવંદનમાં હાજરી આપીને સર્વેને હેપી કેનેડાનો સંદેશ પાઠવ્યો હતો. હોલટન રિઝનલ કાઉન્સેલર ઈકકલુએટે ધ્વજવંદનમાં હાજરી આપી હતી.

હોલ્ટન કેનેડિયન એસોસિએશનના પ્રમુખ જગમોહન મૈનરાજીએ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા. મલ્ટી કલચરલ ઓર્ગેનાઝનના કોરિયોગ્રાફર્સ તથા આર્ટિસ્ટ, અનોખી દાલવી- ડાન્સગ્રુપ, સરગમ-બોલીવુડ ડાન્સક્વીન્સ, ચંદાદાસ-ઓડીસીડાન્સ એકડમી, અલ્પા પંચાલ-બોલીવુડ ડાન્સ કલાસ, જીન આસ્મોઆ -મિલ્ટન આફ્રિકન મલ્ટીકલ્ચરલ ફેસ્ટિવલ, ગેલસોંગ-મિલ્ટન ચાઈનીઝ આર્ટ્સ સોસાયટી, દીક્ષા નારાયણ- દક્ષિણ એશિયન મમ્મીઝમિલ્ટન, રીના પટેલ-સ્પાંદન કલાવૃંદ, મંજરી પટેલ- ડાન્સ ટુડે, કુમારી મેત્રી તથા કુંજ પટેલે કેનેડા દેશની વિગત સાથે, વિડીયો પ્રસ્તુત કર્યો હતો. લલીતભાઈ સોની તથા સ્વર ગુંજન મ્યુઝિક એકેડેમીના ડિરેક્ટર પ્રમેશભાઈ નંદીએ તેમના મધુસ્વરે ગીત ગાઈ સર્વેના દિલ જીત્યા હતા. સભ્યો દ્વારા, અગાઉ એક સંસ્થામાં પ્રસ્તુત કરેલ ''કવ્વાલી અને ગરબો'' રજૂ કર્યો હતો. ૩૬ કલાકમાં દુનિયાભરના લગભગ ત્રણ હજાર દર્શકોએ આ ઉજવણીની મજા માણી હતી.


Call us today for all your Real Estate Needs
With Honest Reliable and Courteous Service

3642 Kingston Rd




$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers

1177 Pure Spring Blvd




$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen

25 Heron Park Pl




$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School .

12 Silverwood Circ




$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms

19 Rosebank Dr




$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted

192B Magnolia Ave




$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)



PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com



MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com



JAINIK JARIWALA
Sales Representative
416.206.6115

Designed by Swadesh- Gujarati News Paper

Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116, Toronto, ON. M1H 3B7
Century 21 Titans Realty Inc.
Our Listing Commission As Low As 1%*
Not Intended to Solicit those, currently under agency contract



CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com



KHARODIA REAL ESTATE
www.kharodiarealestate.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions...Its that Simple!

You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.

ઘર ખરીદનારને મફત સલાહ અને સર્વિસ મળશે

અમારી મફત સલાહનો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો



JUST LISTED Simcoe N/Conlin $189,000

Vacant Property!!!The Perfect Design In Bachelor Pads! Fully Custom Designed With Military Grade Materials With The New Millennial In Mind! Winner Of The 2016 Most Innovative Suite Design. Furnished With Built In Bed And Multi Use Tables. Each Floor Has A Full Size Hub With Full Size Kitchen For Special Occasions. Walking Distance To Both University of Ontario And Durham College. Free Property Management As Incentive Until Aug 2021



JUST LISTED Britannia & Simcoe $539,000

New Built. Fantastic Opportunity To Own In The Highly Sought After Tribute In The Stunning Windfields Community! Modern Townhome In Rapidly Growing North Oshawa. Approximately 2000 Sqft, 4 Bed + 3 Bath End Unit. Walking Distance To The New Riocan Shopping Centre! Close To 407 Hwy7. Minutes To University Of Ontario And Durham College, Public Transit.



JUST LISTED Britania And Simcoe $949,900

Immaculate, Stunning Beautiful Executive Home Located In The Prestigious Tribute Windfield Community. 4 Bed and 5 wash. This Home Sits On One Of The Most Spectacular Lots Backing Onto A Ravine. Open Concept 1st Level Features Hardwood Floors, High Ceilings, Custom Kitchen, Quartz Countertop, Large Island With Breakfast Bar, W/O Deck To A Private Fenced Backyard. 9' Ft Ceiling, Upgrd. Walkout basement.



NEED MORE LISTINGS, CALL US FOR SPECIAL DEALS

CALL US FOR FURTHER INFORMATION OR TO BOOK A SHOWING TO VIEW PROPERTIES.

**Use The Advantage of a Team, Because...Teamwork Makes Your Dreams Work !**

Century 21 INNOVATIVE REALTY INC. BROKERAGE*

BRAND POWER & INNOVATIVE TECHNOLOGIES TO GET YOUR HOME RECOGNIZED!

2250 MARKHAM ROAD, UNIT 3
TORONTO, ON, M1B 1W3
OFFICE : 416 298 8383 FAX : 416 298 8303

AIR MILES Travel and More

MASTERS ruby

Grand Centurion Office

# Shamim & Amin Kharodia

Sales Representatives
info@kharodiarealestate.com
647.501.6786 SHAMIM I 647.308.2941 AMIN

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.